પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૯-૦૫-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૩૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ખતરનાક કૂતરાઓને મોતનું ઈન્જેકશન આપો : સુપ્રિમ

## કોર્ટનું અવલોકન : લોકોના જીવનું રક્ષણ કરવું જરૂરી છે : રખડતા કૂતરાઓ સંબંધીત તમામ અરજીઓ ફગાવતી સર્વોચ્ચ અદાલત




નવી દિલ્હી, તા. ૧૯

સુપ્રીમ કોર્ટે મંગળવારે રખડતા કૂતરાઓ સંબંધિત તમામ અરજીઓ ફગાવી દીધી હતી. અરજીઓમાં એવો નિર્દેશ માંગવામાં આવ્યો હતો કે હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, સ્કૂલો વગેરે જેવા જાહેર સ્થળોએથી પકડાયેલા કૂતરાઓને નસબંધી (વેક્સિનેશન) પછી તે જ વિસ્તારમાં પાછા છોડવામાં ન આવે.

જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. કોર્ટે કહ્યું કે નુકસાનને ફક્ત આંકડાઓમાં માપી શકાય નહીં. ૨૨ ઓગસ્ટ અને ૭ નવેમ્બરના રોજ જારી કરાયેલા નિર્દેશો છતાં, રેકોર્ડ પરના દસ્તાવેજો પરથી સ્પષ્ટ નથી કે તે નિર્દેશોનો જમીની સ્તરે સંપૂર્ણ અમલ કરવામાં આવ્યો છે કે નહીં. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે એકલા રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં જ એક મહિનાની અંદર ૧,૦૮૪ કૂતરા કરડવાના કિસ્સા નોંધાયા હતા. અહેવાલો દર્શાવે છે કે નાના બાળકોને ગંભીર ઈજાઓ થઈ હતી, જેમાં તેમના ચહેરા પર ગંભીર ઊંડા ઘાનો સમાવેશ થાય છે. તમિલનાડુમાં વર્ષના પ્રથમ ચાર મહિનામાં લગભગ ૨૦૦,૦૦૦ કૂતરા કરડવાના કિસ્સા નોંધાયા હતા.

છેલ્લી સુનાવણી ૨૯ જાન્યુઆરીએ થઈ હતી, જેમાં બેન્ચે ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. આ દરમિયાન રાજ્યો, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (દ્ગૐછૈં) અને એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા (છઉૈં) એ દલીલો રજૂ કરી હતી. કોર્ટે કહ્યું હતું કે રખડતા કૂતરાઓના કોઈ હુમલામાં ઈજા કે મૃત્યુ થાય છે, તો નગરપાલિકાની સાથે ડોગ ફીડર્સની જવાબદારી પણ નક્કી કરી શકાય છે.

કોર્ટે કહ્યું હતું કે અમારી ટિપ્પણીઓને મજાક સમજવી ખોટું હશે. અમે ગંભીર છીએ. કોર્ટ જવાબદારી નક્કી કરવામાં પાછી પાની નહીં કરે કારણ કે વર્તમાન વ્યવસ્થામાં તંત્રની નિષ્ફળતા સામે આવી છે. આ મામલો ૨૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ શરૂ થયો હતો. સુપ્રીમ કોર્ટે દેશમાં રખડતા કૂતરાઓના હુમલાઓ અને તેમનાથી થતા મૃત્યુ પર પોતે ધ્યાનમાં લીધું હતું. ૧૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ કોર્ટે દિલ્હી-દ્ગઝ્રઇ માંથી ૮ અઠવાડિયાની અંદર તમામ રખડતા કૂતરાઓને પકડીને શેલ્ટર હોમમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. આના વિરોધ થતાં ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ કોર્ટે પોતાના આદેશમાં ફેરફાર કર્યો. કોર્ટે કહ્યું કે જે કૂતરાઓમાં રેબીઝ નથી અને જે આક્રમક નથી, તેમને નસબંધી અને રસીકરણ પછી તે જ વિસ્તારમાં છોડી શકાય છે, જ્યાંથી તેમને પકડવામાં આવ્યા હતા.

પાછળથી કેસનો વ્યાપ સમગ્ર દેશમાં વધારવામાં આવ્યો. ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ કોર્ટે વચગાળાના આદેશમાં રાજ્યો અને દ્ગૐછૈંને હાઈવે, હોસ્પિટલ, શાળા અને અન્ય સંસ્થાઓની આસપાસથી રખડતા પશુઓને હટાવવા જણાવ્યું હતું.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૯૦ પૈસાનો વધારો

## પાંચ દિવસમાં બીજી વખત વધારો, અમદાવાદમાં પેટ્રોલ ૯૮.૩૩ અને ડીઝલ ૯૪.૧૦ રૂપિયા પ્રતિ લિટર

નવી દિલ્હી, તા. ૧૯

દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં મંગળવારે ૯૦ પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો છે. એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં ઈંધણના ભાવમાં આ બીજો વધારો છે. આ પહેલા ગત ૧૫ મે, શુક્રવારે જ કિંમતોમાં ૩ રૂપિયા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો.

આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં થતી વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થતા પહેલા ક્રૂડ ઓઈલના ભાવ ૭૦ ડોલર હતા જે હવે વધીને ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડના ભાવ વધવાને કારણે તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી કંપનીઓએ નુકસાન ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે. જો ક્રૂડ ઓઈલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહેશે તો પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ વધારો થઈ શકે છે.

સરકાર અત્યાર સુધી દલીલ કરતી હતી કે પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. આના કારણે પાકિસ્તાન, નેપાળ અને શ્રીલંકા જેવા પડોશી દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૫% થી ૨૦% સુધીનો વધારો થયો, પરંતુ ભારતીય ગ્રાહકો પર તેનો બોજ નાખવામાં આવ્યો ન હતો. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો માર્ચ ૨૦૨૪થી સ્થિર રહી હતી. લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલાં સરકારે કિંમતોમાં ?૨ પ્રતિ લિટરનો ઘટાડો કરીને જનતાને રાહત આપી હતી. જોકે, તકનીકી રીતે ભારતમાં ઈંધણની કિંમતો નિયંત્રિત છે અને કંપનીઓ આંતરરાષ્ટ્રીય ક્રૂડની ૧૫ દિવસની સરેરાશ કિંમતના આધારે દરરોજ ભાવ બદલી શકે છે, પરંતુ રાજકીય સંવેદનશીલતાને કારણે તેમને લાંબા સમય સુધી બદલવામાં આવ્યા ન હતા.



સરકારના મતે, ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી સરકારી કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતોને કારણે ખોટમાં ચાલી રહી હતી.

પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માના જણાવ્યા અનુસાર, કંપનીઓને પેટ્રોલ, ડીઝલ અને એલપીજીના વેચાણ પર દર મહિને આશરે ?૩૦,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

આ પહેલા સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખવા માટે સ્પેશિયલ એક્સાઈઝ ડ્યુટીમાં ૧૦-૧૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. પેટ્રોલ પર ડ્યુટી

અનુસંધાન પાના ૭ પર

# ભારત સરકાર રશિયાનું ક્રૂડ ઓઈલ ખરીદતું રહેશે

### રશિયથી ખરીદવા માટે અમેરિકા દ્વારા ૩૦ દિવસની છૂટ જાહેર

નવી દિલ્હી, તા. ૧૯

અમેરિકા તરફથી મળતી પ્રતિબંધોની છૂટછાટ સમાપ્ત થયા પછી પણ ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશે. પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે અમેરિકી પ્રતિબંધોથી અમારા ઈમ્પોર્ટ પ્લાન પર કોઈ અસર નહીં થાય.

આ દરમિયાન વૈશ્વિક સપ્લાય સંકટને ધ્યાનમાં રાખીને અમેરિકી ટ્રેઝરી વિભાગે સમુદ્રમાં ફસાયેલા રશિયન તેલના જહાજો પાસેથી તેલ ખરીદવા માટે ૩૦ દિવસનું અસ્થાયી લાઈસન્સ જારી કર્યું. અમેરિકી ટ્રેઝરી મંત્રી સ્કોટ બેસેન્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેની જાણકારી આપી. બેસેન્ટના મતે આનાથી વધારાની સરળતા રહેશે. આ સામાન્ય લાઈસન્સ ક્રૂડ ઓઈલના બજારને સ્થિર કરવા અને ઊર્જાની દ્રષ્ટિએ સંવેદનશીલ દેશો સુધી તેલની પહોંચ સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થશે.

સુજાતા શર્માએ કહ્યું કે આ મામલે ભારતનું વલણ હંમેશા સ્પષ્ટ રહ્યું છે. ભારત અમેરિકાની છૂટ મળતા પહેલા પણ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું હતું, છૂટ દરમિયાન પણ ખરીદ્યું અને ભવિષ્યમાં પણ તેને ચાલુ રાખશે. સરકારે દેશની જરૂરિયાત મુજબ પહેલેથી જ ક્રૂડ ઓઈલના પર્યાપ્ત પુરવઠાની વ્યવસ્થા કરી લીધી છે, તેથી દેશમાં ક્રૂડ ઓઈલની કોઈ કમી નથી. આંકડા દર્શાવે છે કે ભારતે મે મહિનામાં રશિયા પાસેથી દરરોજ રેકોર્ડ ૨૩ લાખ બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરી.

વિશ્વભરમાં તેલના ભાવ ન વધે અને પેટ્રોલ-ડીઝલનો પુરવઠો સામાન્ય રહે તે માટે અમેરિકાએ

અનુસંધાન પાના ૭ પર

# બુધવારે દેશભરમાં ૮ લાખથી વધુ મેડીકલ સ્ટોર્સની હડતાળ

### ઓનલાઈન ફાર્મસી દ્વારા બિનજરૂરી સ્પર્ધાનો વિરોધ

નવી દિલ્હી, તા. ૧૯

દેશમાં ઝડપથી વધી રહેલા ઓનલાઈન-ફાર્મસી વ્યાપાર તથા આ પ્રકારના પ્લેટફાર્મ મારફત સસ્તી તથા કોઈ માન્ય પ્રિસ્ક્રીપ્શન વગર દવાઓ વેચાય છે જેની રિટેલ દવા સ્ટોર્સ માટે વ્યાપાર કરવો મુશ્કેલ બની ગયુ છે તેવી ફરિયાદ સાથે આવતીકાલે દેશભરના ૮ લાખથી વધુ દવાના રિટેલ-વ્યાપારીઓ એક દિવસની હડતાળ પર જશે.

જો કે તાકીદની આવશ્યકતા માટે દરેક શહેરો અને વિસ્તારોમાં ચોકકસ દવા સ્ટોર્સ ખુલા રહેશે જેથી દર્દીઓને ઈમરજન્સીમાં આવશ્યક દવાઓ ઉપલબ્ધ રહેશે. જો કે કેન્દ્રીય નિયામકનો દાવો છે કે કેટલાક રાજયમાં કેમીસ્ટ સંગઠનોએ કાલની હડતાળમાં નહી જોડાવા નિર્ણય લીધો છે. જો કે તેઓએ વધુ સ્પષ્ટતા કરી ન હતી. દિલ્હી રિટેલ ડીસ્ટ્રીબ્યુશન કમીટી એલાયન્સના અધ્યક્ષ સંદીપ નાગીયાના જણાવ્યા મુજબ ઓનલાઈન પ્લેટફોર્મ દવાના વેચાણમાં મોટું ડિસ્કાઉન્ટ દઈને સ્થાનિક વ્યાપારને પ્રભાવિત કરે

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં હજુ ૭ દિવસ ભીષણ ગરમી

## ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ

**નવી દિલ્હી, તા. ૧૯**

ઉત્તર અને મધ્ય ભારતના ૧૦ રાજ્યોમાં આ અઠવાડિયે તીવ્ર ગરમી ચાલુ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૫ઝ ની આસપાસ અને તેનાથી વધુ પહોંચી ગયું છે. ૨૪ મે સુધી તમામ રાજ્યોમાં હીટવેવની અસર રહેશે. રાતો પણ ગરમ રહેશે.

સોમવારે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રમાં પારો ૪૬Cથી પણ વધુ રહ્યો. દેશમાં સૌથી ગરમ ઉત્તર પ્રદેશનું બાંદા રહ્યું, અહીં તાપમાન ૪૭.૬C રહ્યું.

પંજાબના બઠિન્ડામાં ૪૭C, મહારાષ્ટ્રના વર્ધામાં ૪૬.૫C, હરિયાણાના સિરસામાં ૪૬.૨C, રાજસ્થાનના ચિત્તોડગઢ-પિલાણીમાં ૪૬.૨C તાપમાન રહ્યું.

ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટ અનુસાર, પૂર્વોત્તર અને દક્ષિણી વિસ્તારોને બાદ કરતાં લગભગ અડધા દેશમાં હીટવેવની અસર રહેશે. સરેરાશ તાપમાન ૪૫C સુધી રહી શકે છે.

મધ્ય પ્રદેશમાં આકરી ગરમી યથાવત છે. સોમવારે ખજુરાહોમાં મહત્તમ તાપમાન ૪૬.૮°C પહોંચ્યું, નૌગાંવમાં ૪૬C રહ્યું. આ પહેલા ૨૯ એપ્રિલ ૧૯૯૩ના રોજ ખજુરાહોમાં તાપમાન ૪૬.૯°C રહ્યું હતું. રાજ્યના ૨૨ શહેરો એવા રહ્યા, જ્યાં સિઝનમાં પહેલીવાર મહત્તમ તાપમાન ૪૪°C રહ્યું.

ઉત્તર પ્રદેશમાં ભીષણ ગરમી અને હીટવેવનો પ્રકોપ ચાલુ છે. પારો ૪૭C પાર કરી ગયો છે. બાંદા સતત બીજા દિવસે દેશમાં સૌથી ગરમ શહેર રહ્યું, અહીં મહત્તમ તાપમાન ૪૭.૬C નોંધાયું. હવામાન વિભાગે આજે પ્રયાગરાજ, કાનપુર, વારાણસી સહિત ૩૯ જિલ્લાઓમાં લૂનું એલર્ટ જાહેર કર્યું છે.

રાજસ્થાનમાં હવે દિવસની સાથે રાત્રે પણ તીવ્ર ગરમી અને ગરમ પવનની અસર છે. રાજ્યમાં આજથી ૫ જિલ્લામાં તીવ્ર ગરમી અને હીટવેવનું ઓરેન્જ અને ૫ જિલ્લામાં યલો એલર્ટ છે. સોમવારે ૯ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૫ઝ થી ૪૭ઝ ની વચ્ચે રહ્યું.

# કર્ણાટકમાં બે હાથીઓની લડાઈમાં પ્રવાસી મહિલાનું મોત

### એક હાથીનો ધક્કો લાગતા પડી ગયેલી મહિલા દબાઈ ગઈ

નવી દિલ્હી, તા. ૧૯

કર્ણાટકના કોડાગુ (કૂર્ગ) જિલ્લાના દુબારે એલિફન્ટ કેમ્પમાં સોમવારે બે હાથીઓની લડાઈ દરમિયાન એક મહિલા પર્યટકનું મૃત્યુ થયું. એક હાથી ધક્કો લાગવાથી સંતુલન ગુમાવી બેઠો અને મહિલા ઉપર પડી ગયો. આનાથી મહિલા દબાઈ જવાથી મૃત્યુ પામી.

જ્યારે એક પુરુષ અને તેના ખોળામાં એક બાળક માંડ માંડ બચી ગયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તમિલનાડુ નિવાસી તુલસી (૩૩) અન્ય પર્યટકો સાથે નદી કિનારે ઊભી રહીને હાથીઓને નવડાવતા જોઈ રહી હતી. નદીમાં ૬ થી ૭ હાથી હતા. તેમની સાથે મહાવત પણ હતા.

ત્યારે કંજન અને માર્તંડા નામના બે હાથી હિંસક બનીને બેકાબૂ થઈ ગયા. બંને એકબીજા પર હુમલો કરવા લાગ્યા. આ દરમિયાન ચીસાચીસ મચી ગઈ. લોકો આમતેમ ભાગતા દેખાયા. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

દુબારે એલિફન્ટ કેમ્પ કોડાગુ જિલ્લામાં કાવેરી નદીના કિનારે એક મુખ્ય ઈકો-ટૂરિઝમ અને હાથી

અનુસંધાન પાના ૭ પર

# ઈરાન પર મોટો હુમલો ટાળી દેતા અમેરિકી પ્રમુખ ટ્રમ્પ

### ગલ્ફ દેશોની વિનંતી પર થોડા દિવસ હુમલો નહીં કરવા ટ્રમ્પનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૯

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેમણે ઈરાન પર મંગળવારે થનારો હુમલો હાલ પૂરતો ટાળી દીધો છે. ટ્રમ્પે કહ્યું કે કતાર, સાઉદી અરેબિયા અને UAE જેવા દેશોના નેતાઓએ વાતચીતને તક આપવા માટે થોડા દિવસોનો સમય માંગ્યો હતો. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે ગંભીર વાતચીત ચાલી રહી છે અને એવી સમજૂતી થઈ શકે છે, જેને અમેરિકા અને પશ્ચિમ એશિયાના દેશો સ્વીકારી શકે. તેમણે કહ્યું કે તેમણે અમેરિકી રક્ષા મંત્રી પીટ હેગસેથ, જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ડેનિયલ કેન અને અમેરિકી સેનાને નિર્દેશ આપ્યો છે કે મંગળવારે પ્રસ્તાવિત હુમલો કરવામાં નહીં આવે. જોકે ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે જો સમજૂતી નહીં થાય તો અમેરિકી સેના કોઈપણ સમયે મોટા પાયે હુમલા માટે તૈયાર રહેશે. ટ્રમ્પે કહ્યું કે પ્રસ્તાવિત સમજૂતીમાં સૌથી મહત્વની શરત એ હશે કે ઈરાન પાસે પરમાણુ હથિયાર નહીં હોય. ઈરાને સ્પષ્ટ કહ્યું છે કે તે તેના યુરેનિયમ સંવર્ધન કાર્યક્રમ પર કોઈ સમજૂતી કરશે નહીં.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બકાઈએ કહ્યું કે એનરિચમેન્ટ ઈરાનનો અધિકાર છે અને અન્ય દેશોની વાતોથી કોઈ ફરક પડતો નથી. તેમણે કહ્યું કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને લઈને કોઈ દબાણમાં આવશે નહીં. ઈરાને અમેરિકાને ચેતવણી આપી છે કે જો તેની વિરુદ્ધ ફરી કોઈ સૈન્ય કાર્યવાહી થઈ તો તેનો પહેલા કરતા વધુ શક્તિશાળી જવાબ આપવામાં આવશે. ઈરાની મીડિયૌ ઈૈંમ્અનુસાર, આ નિવેદન સંસદની રાષ્ટ્રીય સુરક્ષા આયોગના પ્રવક્તા ઈબ્રાહિમ રેઝાઈએ આપ્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

# ઈકબાલ મિર્ચીની રૂપિયા ૭૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરતું ઈડી

### મુંબઈથી દુબઈ સુધી ઈડી એકશન મોડમાં

નવી દિલ્હી, તા. ૧૯

ઈડીએ મૃત્યુ પામેલ ગેંગસ્ટર ઈકબાલ મિર્ચી અને તેમના પરિવાર સાથે સંકળાયેલા એક મામલામાં મુંબઈના વલી સ્થિત ત્રણ મુખ્ય ઈમારતો સહિત ૭૦૦.૨૭ કરોડ રૂપિયાની કિંમતની તેની સંપત્તિઓને અસ્થાયી રીતે જપ્ત કરી છે.

એક અધિકૃત નિવેદન અનુસાર જપ્ત કરવામાં આવેલી સંપત્તિઓમાં મુંબઈના વર્લી સ્થિત રાબિયા મેન્શન, મરિયમ લોજ અને સી વ્યુ સામેલ છે. જેનું મૂલ્ય લગભગ ૪૯૭ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. આ ઉપરાંત દુબઈ સ્થિત લગભગ ૨૦૩.૨૭ કરોડ રૂપિયાની વિદેશી સંપત્તિઓને પણ ભાગેડુ આર્થિક અપરાધ અધિનિયમ (એફઈઓએ)ની જોગવાઈ અંતર્ગત જપ્ત કરવામાં આવી છે. ઈડીએ આરોપી લગાવ્યો છે કે ઈકબાલ મિર્ચી સંગઠિત આપરાધિક ગતિવિધિઓમાં સામેલ હતો. તેમાં માદક પદાર્થોની તસ્કરી, ખંડણી વસૂલી, ગેરકાયદે હથિયારો સાથે સંકળાયેલી ગતિવિધિઓમાં સામેલ હતો. ઈકબાલ મિર્ચી બ્રિટન ભાગી ગયો હતો.

# અમેરિકાની સાન ડિએગો મસ્જિદમાં ભારે ગોળીબારમાં પાંચ લોકોનાં મોત

### મસ્જિદમાં થયેલા હુમલામાં એક સુરક્ષા ગાર્ડ અને બે શંકમંદો પણ મોતને ભેટયાં


નવી દિલ્હી, તા. ૧૯

અમેરિકાના સેન ડિએગો સ્થિત મસ્જિદમાં સોમવારે ગોળીબારમાં ૫ લોકોના મોત થયા. આમાં એક સિક્યોરિટી ગાર્ડ અને બે શંકાસ્પદનો સમાવેશ થાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, બંને શંકાસ્પદ કિશોરો હતા. એક ૧૭ વર્ષનો અને બીજો ૧૯ વર્ષનો હતો. બંનેના મૃતદેહ મસ્જિદ નજીક એક વાહનમાં મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં માનવામાં આવે છે કે તેઓએ પોતાને ગોળી મારી હતી.

આ મામલાની તપાસ હેટ ક્રાઈમના એંગલથી કરવામાં આવી રહી છે. જોકે, હુમલા પાછળના કારણ અંગે હાલમાં વધુ માહિતી શેર કરવામાં આવી નથી.

આ હુમલો ઈસ્લામિક સેન્ટર ઓફ સેન ડિએગોમાં



થયો હતો. આ સેન ડિએગો કાઉન્ટીની સૌથી મોટી મસ્જિદ છે. પરિસરમાં એક શાળા પણ છે, જ્યાં બાળકોને અરબી ભાષા, ઈસ્લામિક અભ્યાસ અને કુરાનનું શિક્ષણ આપવામાં આવે છે.

મસ્જિદના ઈમામ તાહા હસ્સાને જણાવ્યું કે સોમવારે કેટલાક બિન-મુસ્લિમ લોકો ઈસ્લામને સમજવા માટે મસ્જિદની મુલાકાતે આવ્યા હતા. આ કેન્દ્ર વિવિધ સમુદાયો વચ્ચે સંવાદ અને સદ્ભાવ વધારવા માટે કામ કરે છે.

અનુસંધાન પાના ૭ પર

# ઘરે બેઠા સ્વ-ગણના પ્રક્રિયામાં જોડાઈ દેશના વિકાસમાં સહભાગી બનો: નાયબ મુખ્યમંત્રી

## જનગણના–૨૦૨૭માં દરેક નાગરિકની ભાગીદારી દેશના વિકાસનો મજબૂત આધાર બનશે: નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી



સુરત, તા.૧૯

દેશના વિકાસના આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ એવા વસ્તીગણતરી ૨૦૨૬ના પ્રથમ તબક્કાનો સમગ્ર દેશ અને રાજ્ય સાથે સુરત ખાતે પણ પ્રારંભ થયો છે. ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિશેષ ડિજિટલ સુવિધા 'સ્વ-ગણતરી' (Self-Enumeration) અભિયાન અંતર્ગત નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ આજે અભિયાનના બીજા દિવસે જ પોતાના નિવાસસ્થાનેથી ઓનલાઈન પોર્ટલ પર પરિવારની વિગતો ભરીને આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાનું સક્રિય યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ ગુજરાતના તમામ નાગરિકોને પોતાની રાષ્ટ્રીય ફરજ સમજીને આ ડિજિટલ અભિયાનમાં ઉત્સાહભેર જોડાવા માટે જાહેર અપીલ કરી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, જનગણના-૨૦૨૭ માત્ર વસ્તીની ગણતરી નહીં પરંતુ દેશના ભવિષ્યના વિકાસ માટેનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. ભારત સરકાર દ્વારા હાથ ધરાતી આ રાષ્ટ્રીય પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતી માહિતીના આધારે આરોગ્ય, શિક્ષણ, આવાસ, રોજગાર, પરિવહન સહિત વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનું અસરકારક આયોજન અને અમલીકરણ શક્ય બને છે. સાચા અને વિશ્વસનીય આંકડાઓ થકી સરકારને નીતિનિર્માણમાં દિશા મળે છે તેમજ સમાજના દરેક વર્ગ સુધી વિકાસના લાભો સમાન રીતે પહોંચાડવામાં મદદ મળે છે. તેમણે ઉમેર્યું હતું કે, "સચોટ જનગણના એટલે સશક્ત વિકાસનો પાયો," અને દરેક નાગરિકની ભાગીદારી દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત જરૂરી છે.

વધુમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા.૧૫ મે થી ૩૧ મે દરમિયાન યોજાનારી 'સ્વ-ગણના' પ્રક્રિયામાં દરેક પરિવાર સક્રિયપણે જોડાય અને ઘરે બેઠા પોતાના પરિવારની તમામ જરૂરી વિગતો જાતે જ ભરે. ડિજિટલ માધ્યમ દ્વારા સરળતાથી પૂર્ણ થઈ શકતી આ પ્રક્રિયા સરકારને લોકોની વાસ્તવિક જરૂરિયાતો સમજવામાં

અનુસંધાન પાના ૭ પર

# ઉધના અને મધુબની વચ્ચે ખાસ અનરિઝર્વ્ડ ટ્રેન દોડશે

## બુધ અને શુક્રવારે સવારે ટ્રેન ઉધનાની ઉપડશે

સુરત, તા.૧૯

મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા, મુસાફરીની વધતી માંગને પહોંચી વળવા અને વધારાના મુસાફરોના ધસારાને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્યથી, પશ્ચિમ રેલ્વે ઉધના અને મધુબની સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર એક ખાસ અનરિઝર્વ્ડ ટ્રેન ચલાવશે.

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેનાા દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર ૧. ટ્રેન નંબર ૦૯૧૫૧/૦૯૧૫૨ ઉધના – મધુબની – ઉધના સ્પેશિયલ ટ્રેન (૧૬ ટ્રિપ્સ) ટ્રેન નંબર ૦૯૧૫૧ ઉધના – મધુબની સ્પેશિયલ બુધવાર અને શુક્રવારે સવારે ૦૮:૩૫ વાગ્યે ઉધનાથી ઉપડશે અને ત્રીજા દિવસે ૦૧:૩૦ વાગ્યે મધુબની પહોંચશે. આ ટ્રેન ૨૦ મે, ૨૨ મે, ૨૭ મે, ૨૯ મે, ૩ જૂન, ૫

અનુસંધાન પાના ૭ પર



# રોહીણી કોર્ટ જજનું વકીલ સાથે ગેરવર્તન : સુરત બારનો વિરોધ

## દિલ્હીની ઘટનાને સુરત વકીલ મંડળે સખત શબ્દોમાં વખોડી

સુરત, તા.૧૯

દિલ્હીની રોહિણી કોર્ટના જ્યુડિશિયલ ઓફિસર શ્રી રાકેશ કુમાર-ફ (DJ-૦૪, નોર્થ-વેસ્ટ ડિસ્ટ્રિક્ટ) દ્વારા રોહિણી કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ અને વરિષ્ઠ એડવોકેટ સાથે કરવામાં આવેલા કથિત ગેરવર્તણૂક, અહંકારી અને વાંધાજનક વ્યવહારના વિરોધમાં સુરત જિલ્લા વકીલ મંડળ (The Surat District Bar Association) મેદાનમાં આવ્યું છે. સુરત બાર એસોસિએશને આ ઘટનાની આકરા શબ્દોમાં નિંદા કરી દિલ્હીના વકીલ મંડળને સંપૂર્ણ સંસ્થાકીય સમર્થન જાહેર કર્યું છે. સુરત જિલ્લા વકીલ મંડળના હોદ્દેદારોએ જણાવ્યું છે કે, કોર્ટની કાર્યવાહી દરમિયાન વકીલોના આત્મસન્માન અને ગરિમાને ઠેસ પહોંચાડવાનું કૃત્ય ચલાવી લેવાય નહીં. બાર અને બેન્ચ વચ્ચેનો પરસ્પર આદર એ ન્યાય પ્રણાલીનો પાયો છે. દિલ્હી બાર એસોસિએશન દ્વારા આ મામલે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પાસે ન્યાયાધીશ સામે કડક શિસ્તભંગના પગલાં લેવાની જે માંગ કરવામાં આવી છે, તેને સુરત બારે સંપૂર્ણ ટેકો આપ્યો છે. આ મામલે સુરત જિલ્લા વકીલ મંડળના કાઉન્સિલ સભ્ય યતિન જી. ઢાકેચા એ સુરત જિલ્લા વકીલ મંડળના સભ્યો વતી દિલ્હી સ્થિત રોહિણી કોર્ટ ખાતે રૂબરૂ જઈને ત્યાંના હોદ્દેદારો રાજીવ તેહલાન પ્રમુખ મૂલ ચંદ વર્મા ઉપપ્રમુખ, પ્રદીપ ખત્રી સેક્રેટરી વિવેક શોકીન એડિશનલ સેક્રેટરી ને સુરત બાર વતી વકીલોની ગરિમાની લડાઈમાં ખભેખભા મિલાવી સાથે ઊભા રહેવાનું મક્કમ સમર્થન પાઠવ્યું હતું.

# ભક્તિ એ 'મા' છે, જ્ઞાન અને વૈરાગ્ય તેમના પુત્ર છે : પૂજ્ય મૂળદાસ બાપુ



## કુરુક્ષેત્ર ભૂમિ પર પ્રભુની પ્રસન્નતા વીણી લેવાનો અવસર એટલે અધિકમાસ

સુરત, તા.૧૯

શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટ પવિત્ર અધિક માસના બીજા દિવસે રામમઢી આશ્રમના સંત શ્રી મૂળદાસ બાપુના સાનિધ્યમાં શ્રી હંસમુનિ બાપુ દ્વારા પંચ નિષ્ઠાના રાજાઓની કથાઓ પૈકી દ્વારિકાના રાજા શ્રી કૃષ્ણ ઉપર એક અનોખી કથા કરવામાં આવી હતી, પ્રભુની પ્રસન્નતા વીણી લેવાના આ

અવસરે બીજા દિવસે કથાકારે કહ્યું કે ભક્તિ મા સ્વરૂપા છે, જ્ઞાન અને વૈરાગ્ય એ તેના પુત્રો છે તાપી તટે વહેતા નીર વચ્ચે બીજા દિવસે મોટી સંખ્યામાં ભક્તજનો એ કથા શ્રવણ કર્યું હતું. હંસમુનિ બાપુએ સ્મશાન ભૂમિ ઉપર "સબ સમાન"'એટલે કે કોઈપણ આવે ગરીબ, પૈસાદાર સૌને માટે સૈયા એક જ હોય છે એટલે આવી પવિત્ર ભૂમિ ઉપર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કથા અધિક માસ નો પવિત્ર લાભ છે તેમણે કહ્યું હતું કે ભગવાનમાં આસ્થા રાખીને જો કોઈ કાર્ય તમે કરો તો પ્રભુ હંમેશા મદદ કરે છે, સુદામા નું ઉદાહરણ આપીને તેમણે કહ્યું કે ભગવાન કૃષ્ણને દ્વારિકામાં મળવા ચાલતા નીકળ્યા અને થોડોક સમય આરામ કરવા બેઠા તે દરમિયાન ઊંઘ આવી ગઈ ત્યારબાદ જાગીને જોયું તો તેઓ દ્વારિકામાં હાજર હતા એટલે બાકીનું અંતર ભગવાન શ્રીકૃષ્ણએ તેમને પૂરું કરી આપ્યું, આમ પ્રભુમાં શ્રદ્ધા રાખો તો નિત્ય પ્રભુ તમને મદદ કરવા તત્પર જ હોય છે આવતીકાલે પણ સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે.

# આવતી કાલે મનીષા ગરનાળા અન્ડરપાસ કામગીરી માટે બંધ

## બ્રિજ વિસ્તરણના કામ માટે એક દિવસ માટે રેલ્વે ગરનાળુ બંધ રહેશે

સુરત, તા.૧૯

ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે બ્રિજ નંબર ૪૫૪ અન્ડરપાસને બ્રિજ વિસ્તારીકરણ કામ માટે ૨૦ મે થી હંગામી ધોરણે વાહનવ્યવહાર બંધ કરવાનો નિર્ણય

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ઉત્રાણ સેટેલાઈટ સ્ટેશનના વિકાસ કામ હેઠળ વધારાની રેલવે લાઈનો પાથરવા તથા પ્લેટફોર્મોના વિસ્તરણ અને યાત્રી સુવિધાઓના અપગ્રેડેશનનું કામ કરવામાં આવી રહ્યું છે. આ જ ક્રમમાં બ્રિજ નંબર ૪૫૪ મનીષા ગરનાળા અન્ડરપાસને રોડ ઉપયોગકર્તાઓ માટે ૨૦ મે, ૨૦૨૬ થી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે બ્રિજ નંબર ૪૫૪ (સ્થાનિકરૂપે મનીષા ગરનાળાના નામે પ્રસિદ્ધ) ની બંને બાજુ વિસ્તરણ કામ કરવાનું પ્રસ્તાવિત છે. હાલમાં આ પુલનો ઉપયોગ જાહેર જનતા દ્વારા અન્ડરપાસ રૂપે કરવામાં આવી રહ્યો છે જ્યારે આ એક વોટરવે (નાળું) છે. કામને સુરક્ષિત અને ઝડપથી પૂર્ણ કરવા માટે પુલની નીચેથી થનારા રોડ વાહનવ્યવહારને હંગામી ધોરણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વડોદરા મંડળના એન્જિનિયર વિભાગ દ્વારા બ્રિજ નંબર ૪૫૪ (મનીષા ગરનાળા) ની નીચેથી પસાર થનારા તમામ વાહનોની અવરજવરને ૨૦ મે, ૨૦૨૬ થી ૦૧ જુલાઈ, ૨૦૨૬ સુધીના સમયગાળા માટે હંગામી ધોરણે બંધ રાખવાની દરખાસ્ત કરવામાં આવી છે. યાત્રીઓ અને જાહેર જનતાની સુવિધા માટે નજીકના રોડ ઓવર બ્રિજ (ROB) નંબર ૪૫૩છ મારફતે વૈકલ્પિક વાહનવ્યવહાર વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

# ગુજરાત ઇન્ટરનેશનલ ઓપન ગ્રાન્ડ માસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટનું આયોજન

## વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નારણપુરા ખાતે ટુર્નામેન્ટ યોજાશે



સુરત, તા.૧૯

ભારતીય ચેસ સર્કિટમાં ૨.૪૧ કરોડના ઇનામ પૂલ સાથે નવો વૈશ્વિક બેન્ચમાર્ક સ્થાપિત કર્યો ભારત ઓડિશા, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ત્રણ ટુર્નામેન્ટની ઓપન ચેસ શ્રેણી, ઈન્ડિયન ચેસ સર્કિટના લોન્ચ સાથે વૈશ્વિક ચેસ લેન્ડસ્કેપમાં ઇતિહાસ રચવા માટે તૈયાર છે, જેમાં ?૨.૪૧ કરોડની રેકોર્ડ સંયુક્ત ઇનામી રકમનો સમાવેશ થાય છે. આ સીમાચિહ્નરૂપ પહેલ ઇનામી રકમની દ્રષ્ટિએ એક જ દેશ દ્વારા આયોજિત અત્યાર સુધીની સૌથી મોટી ચેસ સર્કિટ હોઈ શકે છે, જે વૈશ્વિક ચેસ પાવરહાઉસ તરીકે ભારતના ઝડપથી વધતા કદ પર ભાર મૂકે છે. ઈન્ડિયન ચેસ સર્કિટ ત્રણ પ્રીમિયર આંતરરાષ્ટ્રીય ઓપન ટુર્નામેન્ટમાં યોજાશે:

ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (AICF) ના સેક્રેટરી દેવ પટેલે જણાવ્યું હતું કે:

"મારું વિઝન ભારતમાં દર વર્ષે આ રીતે બે થી ત્રણ મજબૂત ચેસ સર્કિટ જોવાનું છે, જે ખેલાડીઓને સાતત્ય, સ્થિરતા અને અર્થપૂર્ણ સ્પર્ધાત્મક તકો આપે છે. મને ત્રણ આંતરરાષ્ટ્રીય ઓપન ટુર્નામેન્ટ ૨.૪૧ કરોડની સંયુક્ત ઈનામી રકમ સાથે સર્કિટ તરીકે એકસાથે આવતા જોઈને ખૂબ જ આનંદ થાય છે, જે ખેલાડીઓ માટે એક મહાન પહેલ છે."

"આવા સર્કિટ માત્ર ટોચના આંતરરાષ્ટ્રીય ભાગીદારીને આકર્ષિત કરતા નથી પરંતુ ભારતીય ખેલાડીઓને ઘરઆંગણે અમૂલ્ય એક્સપોઝર, રેટિંગ તકો અને નાણાકીય પ્રોત્સાહનો પણ પ્રદાન કરે છે. ભારતીય ચેસને તેના ઝડપી વિકાસ અને વૈશ્વિક સફળતાને ટકાવી રાખવા માટે આ દિશામાં આગળ વધવાની જરૂર છે."

આ પહેલ ભારતીય ખેલાડીઓ, ખાસ કરીને ઉભરતી પ્રતિભાઓ માટે, ઘરઆંગણે વિશ્વ કક્ષાના ખેલાડીઓ સામે સ્પર્ધા કરવાની ઉત્તમ તક રજૂ કરે છે.

અનુસંધાન પાના ૭ પર



# ડો. આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક બેઠક

## નવયુગ કોમર્સ કોલેજ કેન્દ્રના વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી અપાઈ

સુરત, તા.૧૯

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કોલેજ, રાંદેર રોડ, સુરત દ્વારા કોલેજના ખૂબ જ સંનિષ્ઠ, ખંતિલા અને દીર્ઘદ્રષ્ટા આચાર્ય ડૉ. વિનોદ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નવયુગ કોમર્સ કોલેજ, સુરત અભ્યાસ કેન્દ્ર -૧૮૩૫ અને ૦૭૯૧૮૨૩ ના ફેબ્રુઆરી-૨૦૨૬ના વિદ્યાર્થીઓ માટે તા-૧૭/૦૫/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે અભિમુખતા બેઠક નું આયોજન કરેલ હતું. જેમાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર સર્વે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમને લગતી બાબતો જેવી કે પ્રવેશ, પરીક્ષા ,પરિણામ અને અસાઈમેન્ટ જેવા મહત્વના મુદ્દાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. અભિમુખતા બેઠક દ્વારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી વિશેની સમગ્ર પ્રક્રિયા તેમજ પ્રવેશથી લઈને પરિણામ ની તમામ બાબતો આવી જાય છે તેની વિગતવાર માહિતી આપેલ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય ઉપસ્થિત મહેમાનો દ્વારા કરવામાં આવ્યુ હતુ. મહેમાનોનો પરિચય અભ્યાસકેંદ્રના કો-ઑર્ડિનેટર ડો. અક્ષયરાજ ગોહિલ દ્વારા આપવામાં આવેલ હતો. આવકાર પ્રવચન તેમજ કારકીર્દી માર્ગદર્શન કોલેજના આચાર્ય ડો. વિનોદ એન. પટેલ સાહેબ દ્વારા આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ મેમ્બર ડો. રાજેશ ડી. રાણા તથા રિજીયોનલ સેન્ટર સુરતના આસિસ્ટન્ટ રીજનલ ડાયરેક્ટર શ્રી ભૌતિકભાઇ વોરા અને ધિયાબેન ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુનિવર્સિટીની વિવિધ પ્રક્રિયાની ઊંડાણપૂર્વકની માહિતી અભ્યાસ કેન્દ્રના કો-ઓર્ડીનેટર ડો. અક્ષય રાજ ગોહિલ અને કો-કોઑર્ડિનેટર ડો. જીજ્ઞેશ વાઘેલા દ્વારા આપવામાં આવી હતી. તેમજ યુનિવર્સિટીની વેબસાઈટ ની ઊંડાણપૂર્વકની માહિતી શ્રી વિશાલભાઈ ઠક્કર દ્વારા આપવામાં આવેલ હતી.

# સુરત તળપદા કોળી પટેલ સમાજનું ગૌરવ

સુરત, તા.૧૯



એસ.એસ.સી.બોર્ડ ૨૦૨૬ની ધો.૧૦ની પરીક્ષાના પરિણામમાં સુરતની ડી.આર.રાણા સ્કૂલના પ્રતિભાશાળી વિદ્યાર્થી તન્મય રાહુલકુમાર પટેલ શાળામાં ચતુર્થ ક્રમ પ્રાપ્ત કરી શાળા, સમાજ તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું છે. ઓલપાડ તાલુકાના કાછોલ ગામના રહેવાસી તન્મય પટેલે ૬૦૦માંથી ૫૮૩ ગુણ મેળવી ૯૭.૧૭% સાથે ૯૯.૯૦ પર્સેન્ટાઈલ હાંસલ કરેલ છે. તન્મયે વિષયવાર પણ ઉત્તમ પ્રદર્શન કરેલ છે. તેમણે ગણિત, વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ અને સામાજિક વિજ્ઞાનમાં ૯૯ ગુણ મેળવી અપેક્ષિત સિદ્ધિ હાંસલ કરી છે. જે સિદ્ધિનો શ્રેય તન્મયે પોતાના પિતા રાહુલકુમાર, માતા કલ્પનાબહેન તથા દાદી ગંગાબહેન અને દાદા સ્વ.જેરામભાઈ અને પોતાના પરિવારને આપ્યો હતો. પોતાના પ્રતિભાવમાં તેમણે જણાવ્યું હતું કે મારી જ્વલંત સફળતા પાછળ મારા દરેકે દરેક ગુરુજનોનું યોગ્ય માર્ગદર્શન હતું કે જેમણે મને નિયમિત મહેનત શિસ્તબદ્ધ અભ્યાસની સતત સલાહ બક્ષી. તન્મય પટેલની આ ઝળહળતી સિદ્ધિ બદલ તેના પરિવાર જેનો, શાળા પરિવાર સહિત પોતાના મિત્ર મંડળ તથા પોતાના પિતાના મિત્ર વર્તુળે ખૂબ જ અભિનંદન સહ ભાવિ જીવનની શુભેચ્છાઓ પાઠવી છે.

# ઓરીસ્સામાંથી છોકરીનું અપહરણ કરનાર આરોપી અટોદરામાં પકડાયો

## ઓરીસ્સાથી ભાગીને આવેલા બંને પ્રેમ પંખીડાનો કબજો ઓલપાડ પોલીસે ઓડીશા પોલીસને સોંપ્યો

સુરત, તા.૧૯

ઓલપાડ પોલીસે ઓરીસ્સા ના એક આરોપીએ સગીરાનું અપહરણ કરી ભાગીને તાલુકાના અટોદરા ગામની એક સોસાયટીમાં રહેતા બંન્ને પ્રેમ પંખીડાને ઝડપી લીધા હતાં અને બંન્નેનો કબજો ઓડીશા પોલીસને સોંપ્યો હતો. ઓરીસ્સા રાજ્યના ગંડીયા તાલુકાના ધેનકાનાલ જિલ્લાનો ગણેશ કુના બારીક (ઉ.વ.૨૨)નામનો શખ્સે ગત તા.૧૩.૦૩.૨૦૨૬ ના રોજ ત્યાંના ફરીયાદીની સગીર વયની એક દિકરીને લલચાવી-ફોસલાવી પોતાનો બદઈરાદો પાર પાડવાના હેતુથી અપહરણ કરી ભાગી છૂટ્યો હતો.જેથી આ બાબતે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ઓરીસ્સા રાજ્ય ના નીહલપ્રસાદ પોલીસ મથકમાં દીકરીના અપહરણની ફરીયાદ નોંધાવતા ગુનો નોંધાયો હતો.જેથી બંન્ને પ્રેમ પંખીડા ભાગીને ઓલપાડ પોલીસ મથકની હદના અટોદરા વિસ્તારમાં રહેતા હતાં.જો કે આ બાબતે ઓલપાડ પોલીસ મથકના પીઆઈ સી.આર.જાદવને જાણ થતા તેમણે સી.સી.ટીવી કેમેરા ચેક કરી હ્યુમન સોર્સીસના આધારે જુદી-જુદી પોલીસ ટીમ બનાવી બંન્નેની શોધખોળ શરૂ કરી હતી.જે તપાસ દરમ્યાન સર્વલન્સ સ્ટાફના અ.હે.કો. જગદીશ ઠાકોર,અ.હે.કો.અશોક ગણપત તથા અ.હે.કો.મુકેશ જેરામને સંયુકત બાતમી મળી હતી કે,અપહરણનો ભોગ બનનાર સગીરા અને

અનુસંધાન પાના ૭ પર

# બિહારી શ્રમિક ખુલ્લી ગટરના પાણીમાં ડૂબી મર્યો

## ખુલ્લી ગટરમાંથી શ્રમિકનો મૃતદેહ મળી આવ્યો

સુરત, તા.૧૯

મુળ બિહાર રાજ્યનો વતની રવિન્દ્ર બાલકૃષ્ણા શાહુ (ઉ.વ.૫૬) હાલ રહેઃમ. નં.૨૪, નટરાજ રેસીડન્સી, સાયણ સુગર રોડ ઉપર રહી મજુરી કામ કરતો હતો.આ શ્રમિકનો મૃતદેહ ગત રવિવાર,તા.૧૭ ના રોજ બપોરના સુમારે સિવાણથી સાયણ સુગર તરફ જતા રોડ ઉપર જી.ઈ.બી.ના આર.સી.સી. થાંભલા સામે આવેલી ખુલ્લી ગટરના પાણીમાંથી મળી આવ્યો હતો. આ બાબતે મૃતક ના પુત્ર સોનુકુમારે ઓલપાડ પોલીસને જાણ કરી હતી કે,કોઇ અગમ્ય કારણસર તેના પિતા ખુલ્લી ગટરમાં પડી જતા તેમનું મોત પાણી માં ડૂબી જવાથી થયું છે.જેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ અ.હે.કો.ગુલાબ કરશન કરી રહ્યા છે.

# લિંબાયત ઝોનમાં રિવ્યુ મીટીંગ યોજતા કમિશનર નાગરાજન



પ્રિ-માન્સુન કામગીરીની સમિક્ષા કરતા કમિશનર

સુરત, તા.૧૯

આજરોજ માન. મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ.નાગરાજન, IASની અધ્યક્ષતામાં લિંબાયત ઝોન ખાતે લિંબાયત ઝોનના અધિકારીશ્રીઓ સાથે રિવ્યૂ મીટિંગ યોજાયેલ હતી.

સદર મીટિંગમાં ઝોન ધ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીઓનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. જેમાં બ્રિજ ,ડ્રેનેજ,હાઈડ્રોલિક, આરોગ્ય, રોડ રસ્તા ,ગાર્ડન, પબ્લીક ઈન્ફાસ્ટ્રકચર સેલ, લાઈટ વિભાગ, ટ્રાફિક વિભાગ સહિતના અગત્યના વિભાગોની તેમજ પૂર્ણ થયેલ કામો અને ચાલી રહેલ પ્રોજેકટો, કોમ્યુનિટી હોલ, શાળાઓ, વાંચનાલય ,ગાર્ડન,યોગ સ્ટુડિયો સહિતના વિવિધ પ્રોજેકટોની તથા ઝોનમાં લાગત ખાડીની સાફ-સફાઈની કામગીરી અને અન્ય પ્રિ-મોન્સૂનની કામગીરીની પણ સમીક્ષા કરી હતી.

આ મિટીંગ દરમ્યાન માન. મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન, IAS દ્વારા ઝોન દ્વારા આવક વધારવા માટે પ્રયત્ન કરવા અને ખર્ચમાં ઘટાડો કરવા,સાયકલ ટ્રેકની સુવિધા અર્થેની કામગીરી કરવા, ઓનલાઇન સિસ્ટમમાં કામગીરી કરી ઝડપથી વહીવટી મંજુરીની કામગીરી કરવા, ઝોન પરિસરમાં સિકયુરિટીની કામગીરી સુવ્યવસ્થિત કરવા, વિવિધ રોડની ગુણવત્તાસભર કામગીરી થાય તે સુનિશ્ચિત કરવા, પ્રોજેકટ મોનીટરીંગ સિસ્ટમ મુજબ મોનીટરીંગ કરી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા,

અનુસંધાન પાના ૭ પર

## લિંગડ પ્રાથમિક શાળાનાં આચાર્ય

# ડો. રાજેશ સોલંકીને એશિયન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન

## ગરીબ વિદ્યાર્થીઓના ઉત્થાન અંગે આચાર્ય ડો.સોલંકીનું સન્માન

સુરત, તા.૧૯

કરંજઃ તા.૧૯ ગ્રામીણ શિક્ષણ ક્ષેત્રે ૨૫ વર્ષથી વધુ સમયની ઉત્કૃષ્ટ સેવા બદલ લિંગડ પ્રાથમિક શાળાનાં આચાર્ય ડૉ. રાજેશભાઈ નાગજીભાઈ સોલંકીને "એશિયન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ" દ્વારા "Excellence in Rural Education & Student Motivation" કેટેગરીમાં સન્માનિત કરવામાં આવ્યા છે. ગત તારીખ ૧૬ મે ૨૦૨૬ નાં રોજ એનાયત થયેલ Certificate No. ABWR૨૪૨૮૦૧૩૭ મુજબ, ડૉ. સોલંકીએ સરકારી પ્રાથમિક શિક્ષણમાં ગરીબ અને ગ્રામીણ વિદ્યાર્થીઓનાં ઉત્થાન માટે સતત કાર્ય કર્યું છે.

ગુણવત્તાયુક્ત શિક્ષણ, યોગ્ય માર્ગદર્શન, પ્રેરણાત્મક સહયોગ અને સામાજિક સમર્પણ દ્વારા તેમણે અનેક વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ સુધી પહોંચાડ્યા છે, જેનાથી અનેક પરિવારોમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. તેમનાં મૂલ્યવાન માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે કરેલાં કાર્યોની નોંધ લઈને આંતરરાષ્ટ્રીય સંસ્થા "એશિયન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ" દ્વારા આ સિદ્ધિને બિરદાવવામાં આવી છે. સંસ્થાનાં જનરલ સેક્રેટરી જ્ઞાનેશ વી. અને ઈન્ટરનેશનલ ચેરમેન ડૉ. અવિનાશ ડી. સુકુંદેની સહીથી આ પ્રમાણપત્ર એનાયત થયું છે. ડૉ. રાજેશ સોલંકીનું સમર્પણ, નેતૃત્વ અને શિક્ષણ ક્ષેત્રની સેવા સમાજ અને ભાવિ પેઢી માટે

અનુસંધાન પાના ૭ પર



# દહીંઃ મંગલકારી બળવર્ધક આહાર

પંચગવ્યનું પંચાંગ – પ્રફુલ કાટેલિયા

૧) રસ =અમ્મલ, મધુર

૨) પાચન =ગુ (પચવામાં ભારે )

૩) વીર્ય =ઉષ્ણ (શરીરમાં ગરમી વધારનાર )

૪) દોષ = વાત નાશક, કફવર્ધક,શરીરમાં વધુ કફ હોય ત્યારે સેવન ન કરવું જોઈએ.

૫) અન્ય પ્રભાવ = સંગ્રહી (પાચનતંત્રની આવશોષણ ક્ષમતા વધારનાર) અતિસારમાં લાભકારી, શુક્રવર્ધક, બળવર્ધક, અગ્નિવર્ધક, દીપનીય (પાચન ક્ષમતા વધારનાર) માંગલ્ય.

ચરક ઋષિ અનુસાર ‘‘દહી પવિત્ર અને પૌષ્ટિક છે. આથી શુભ કાર્ય પહેલા દહીને શુભ માનવામાં આવે છે.’’ (માટે જ દરેક શુભ કાર્યમાં પંચામૃતમાં દહીનું મહત્ત્વ છે.)

ચરક સંહિતામાં સૂત્ર સ્થાન ૨૭ અધ્યાયમાં દહીને રોચન કહે છે. એટલે કે ખાવામાં ચિ કરે છે. આ દીપનીય અને અગ્નિવર્ધક છે. તે વૃષ્ય પણ છે. એટલે કે તે વીર્ય વર્ધક છે. સ્નેહમ એટલે કે શરીરને સ્નિગ્ધતા પ્રદાન કરે છે. પરિણામ સ્વરૂપ વાતનાશક છે. દહી બળ વર્ધક છે. દહી શરદી, ઝાડા, વિષમ જ્વર અને ભોજનમાં અચી દૂર કરનાર પણ કહ્યું છે. આચાર્યએ દહીને ઉષ્ણવીર્ય કહ્યું છે. એટલે કે આની પ્રકૃતિ ગરમ છે. માટે આને ઠંડીમાં પણ ખાવામાં આવે છે. આ દહી ઠંડી અને બીમારીઓને દૂર રાખે છે.

વાગભટ્ટ ઋષિ (સૂ.૫/૩૨) અનુસાર દહી ખાટું છે. અને પાચન પછી પણ તેની ખટાશ જળવાઈ રહે છે. એ ગુ છે અને વાતનાશક છે. તથા પિત્ત અને કફને વધારે છે દહી રોગી માટે ઉત્તમ છે.દહીના બે ભાગ હોય છે. ૧)મલાઈ શુક્રવર્ધક અને ૨) મંડ (તેની ઉપરનું પાણી ), કફ, વાતનાશક અને શરીરના સ્ત્રોતોને શુદ્ધ કરે છે.

ગૌમાતાનું દહી સર્વશ્રેષ્ઠ શામાટે ??

ગૌમાતાનું દહી સર્વશ્રેષ્ઠ છે. અને ઉપર બતાવેલ તમામ ગુણ ગૌમાતાના દૂધને જમાવીને બનાવેલ દહીના છે. ભેંસનું દહી પચવામાં ભારે હોય છે. અને તેમાં આવશ્યકતાથી વધુ સ્નિગ્ધતા હોય છે. જેનાથી શરીરમાં બ્લોકેજ થવાની અને રક્ત દૂષિત થવાની સંભાવના રહે છે. બકરીના દૂધથી જમાવેલ દહીમાં સ્નિગ્ધતા ખૂબ જ ઓછી હોય છે. બકરીનું દહી ફક્ત શ્વાસની તકલીફ, સૂકી ખાંસી, હરસ કે નિર્બળ રોગી લોકો માટે જ છે. આથી આયુર્વેદના ગ્રંથો અનુસાર ગૌમાતાનું દહી જ સર્વોત્તમ છે.

દહી કઈ ઋતુમાં લાભકારી છે..??

અ ) શિયાળામાં શરીર, મગજ અને ત્વચામાં ક્ષતા આવે છે. જેથી કાન અને સાંધાઓમાં દુખાવાની સંભાવના રહે છે. દહીમાં આ તમામ બીમારીઓથી રક્ષણ આપવાની શક્તિ છે.

બ ) ચરક ઋષિ અનુસાર ચોમાસાની દૂષિત હવા અનેક પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે. આથી એવું અન્ન ખાવું જોઈએ કે જે સ્નિગ્ધ હોય, ગરમ હોય અને ખાટું હોય આ ગુણો દહીમાં જોવા મળે છે.

ક ) ચોમાસાની હવા અગ્નિને મંદ કરે છે. તેમાંથી તાવ, ઊલટી, ઝાડા, ચક્કર, ચામડીના વિકારો અને ફંગસ ના વિકારો થાય છે. આથી આયુર્વેદિક શાસ્ત્રો કહે છે કે અગ્નિનું સંરક્ષણ કરો. એટલે કે પાચનશક્તિને (જઠરાગ્નિ)) બચાવી રાખો. એવા આહાર ગ્રહણ કરો જે અગ્નિ વધારતા હોય. વાગ ભટ્ટ ઋષિ કહે છે કે દહી અગ્નિવર્ધક છે. યોગ રત્નાકર પણ કહે છે કે ચોમાસામાં દહી અવશ્ય ખાવું જોઈએ.

ખ ) ચોમાસામાં દહીની સાથે મધનું સેવન કરવું જોઈએ. કારણ કે દહીથી થનાર બ્લોકેજ મધ રોકી લે છે. જો કોઈને દહી પચવામાં ભારે લાગતું હોય તો તેમાં સૂંઠ મિશ્ર કરીને લઈ શકાય છે.

દહીને નિયમથી ખાવું આવશ્યક શા માટે છે.??

આધુનિક વિજ્ઞાન અને આયુર્વેદ બંને દહીને પૌષ્ટિક આહાર કહે છે. પરંતુ આયુર્વેદ શાસ્ત્રોમાં દહીના સેવનના વિષયમાં વધુ વિસ્તૃત અને ગહન જાણકારી પ્રાપ્ત થાય છે. જો આયુર્વેદમાં આપેલ નિયમોનું પાલન નકરીએ તો આ લાભકારી ખોરાક બીમારીઓ વધારી શકે છે.

જો આયુર્વેદના નિયમોનું પાલન ન કરીએ તોપ

૧) તાવ તથા શરદી વારંવાર પ્રવેશ કરે છે અને શરીરનું તાપમાન વધારે રહે છે.

૨) રક્તપિત ( શરીરમાંથી લોહી નીકળવું ), હર્પીસ પણ થઈ શકે છે.

૩) કુષ્ઠ (ચર્મ રોગ ) આયુર્વેદમાં ૧૮ પ્રકારના ચર્મ રોગનું વર્ણન છે. તેમાંથી મોટાભાગના દહીનું નિયમ અનુસાર સેવન ન કરવાથી થાય છે. સફેદ ડાઘ, લાંબા સમય સુધી ખંજવાળ, ખરજવું, સોરાયસીસ, ખોડો (ડૅંડ્રફ ) વગેરેનું કારણ દહીનું નિયમ અનુસાર સેવન ન કરવું તે જ છે. ચક્કર આવવા કે કમળો (પીળિયો ) પણ થઈ શકે છે. માટે આયુર્વેદના નિયમોનું પાલન કરીને જ દહીનું સેવન કરવું. નહીં તો બીમારી આવવાની સંભાવના રહે છે.

ચરક ઋષિ અનુસાર આયુર્વેદના બધા નિયમોનું પાલન કરી દહી ખાવું અથવા ન ખાવું.

દહી ક્યારે અને કેવી રીતે ખાવું જોઈએ..??

૧) હેમંત,શિશિર અને વર્ષાઋતુમાં દહીનું સેવન ઉત્તમ છે. દહી ઉનાળામાં ન ખાવું તથા વસંત, ગ્રીષ્મ,શરદ ઋતુમાં ન ખાવું જોઈએ.

૨) દહી દિવસે ખાવું જોઈએ રાત્રે નહી .

૩) દહી લુખ્ખું ખાવું ન જોઈએ. તેને ઘી, મિશ્રી, મધ, સૂંઠ,આમળા વગેરે સાથે લેવું જોઈએ. દરરોજ દહી ન ખાવું જોઈએ.

૪) સારી રીતે જામેલ ન હોય તો દહી ન ખાવું.

૫) જો કફના રોગ, અસ્થમા, ડાયાબિટીસ કે જાડાપણું હોય અને દહી ખાવાથી કોઈ તકલીફ થતી હોય તો દહીનું સેવન ન કરવું જોઈએ.

ગૌ માતાના દહીની મદદથી કેટલાક ઘરેલુ ઉપચાર.

૧) સૂર્યાવત (એક પ્રકારનો માથાનો દુખાવો) સૂર્યોદય પહેલાં દહી અને ભાત ખાવા.

૨) દહીને કપડામાં બાંધી તેનું પાણી કાઢી નાખવું. તે દહીને દુઃખાવા વાળી જગ્યાએ બાંધવાથી દુઃખાવો દૂર થાય છે અને શૂળ તથા દાહ મટે છે.

૩) ગ્રહણી = રોગમાં માખણ કાઢેલું દહી સર્વોત્તમ છે.

૪) ઝાડા કે મરડામાં દહીમાં જીં ને શેકીને દહી પાણી વગર ઘોળી લેવું. દહી અને હળદરની એક ચમચી સાથે મિશ્રિત કરી લેવું.

દહીની સાથે સ્વાસ્થ્યવર્ધક સંયોજન.

૧) મિશ્રી = દહી સાથે મિશ્રી ખાવાથી સાત ધાતુની પુષ્ટિ થાય છે જેમાં મિશ્રી ઠંડી અને દહી ગરમ હોવાને કારણે શરીરમાં સંતુલન જળવાઈ રહે છે.

૨) મગ = મગ પચવામાં હળવા અને ઠંડા છે. જ્યારે દહી પચવામાં ભારે અને ગરમ છે. આથી આ શરીરને સંતુલિત રાખે છે.

૩) મધ = ઠંડુ, વાતવર્ધક અને ક્ષ છે. જ્યારે દહી આળસ દૂર કરનાર અને ભારે છે. જેથી આ શરીરને સ્થિર રાખે છે અને લોહીમાં પિત્ત અને કફને સંતુલિત રાખે છે. મધમાં સંધાન નામક વિશેષ જોડાવાની શક્તિ હોવાથી દહીની સાથે કંઈ પણ ખરાબ અસર નથી થતી.

૪) ઘી = દહી અને ઘીને મિશ્ર કરી સેવન કરવાથી બુદ્ધિ,શુક્ર,ઓજ, કફ અને મેદ વધે છે. આનાથી તમામ પ્રકારના વિષ, ઉન્માદ (પાગલપણું ) શરીરમાં દુર્બળતા, વાત પિત્તને કારણે થનારી તમામ બીમારીઓમાં લાભ કરે છે.

૫) આમળા = દહીને કારણે થનાર બ્લોકેજ આમળા મટાડી શકે છે. અને દહીને કારણે થનાર દરેક નબળાઈ દૂર કરે છે.

દહી સાથે વિદ્ધ આહાર..+

દૂધ, ગરમ પદાર્થ, કાકડી, અડદ,ફળ જેવા કે તરબૂચ,ટેટી વગેરે. દહીને ગરમ કરીને ન ખાવું જોઈએ. દહીં રાત્રે ન ખાવું જોઈએ. વાત રોગ,એસિડિટી, સંધિવાત, કફનાં રોગોમાં દહીનું સેવન ન કરવું જોઈએ.

દહી = વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ

આધુનિક પોષણ અનુસાર જે લોકોને લેકટોઝ ( દૂધમાં ઉપસ્થિત એક પ્રકારની સાકર ) થી એલર્જી છે. તેમના માટે દહી પચાવવું સહેલું છે. પ્રોબાયોટિક બેક્ટેરિયા લેકટોઝને પચાવે છે. જેનાથી દહી ખાટું થાય છે. અને તેનાથી તેની મીઠાશ ઘટે છે. આધુનિક વિજ્ઞાન અનુસાર દહી ખાવાનું (ખોરાક ) પચાવે છે. દહીમાં ઉપસ્થિત પ્રોટીન પણ બેક્ટેરિયલ આથા (ઋયળિક્ષફિંશિંજ્ઞક્ષ) પ્રક્રિયાથી વધુ સહેલાઈથી પચે છે.પ્રોબાયોટિક્સ (સહજીવી બેક્ટેરિયા) વિજ્ઞાન અનુસંધાનનું એક મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર બની ગયું છે. વિશેષ રૂપથી પશ્ચિમી દેશોમાં આપચો, પ્રતિરક્ષા, નિરાશા અને કેન્સર સહિત કેટલીએ બીમારીના ઉપચાર માટે અનુસંધાન થઈ રહ્યા છે. આ પ્રોબાયોટિક્સ આજે બજારમાં કેપ્સુલ સપ્લિમેન્ટના રૂપમાં હજારો રૂપિયામાં વેચાય છે. આ પ્રોબેક્ટેરિયા દહી અને છાશમાં પ્રાકૃતિક રૂપથી પ્રચુર માત્રામાં ઉપલબ્ધ હોય છે. દહીંમાં લેક્ટોબેસીલ્સ, એસીડોફિલ્સ, લેકટોકોક્સ લેક્ટિસ, સ્ટ્રેપટોકોક્સ થર્મોફિલ્સ, બિફિડોબેક્ટેરિયમ તથા લેકટોબેસીલસ બુલગારિક્સ જેવા ઘણા સ્વાસ્થ્યવર્ધક બેક્ટેરિયા ઉપસ્થિત હોય છે.આધુનિક વિજ્ઞાન કહે છે કે એક ગ્રામ દહીમાં ૧૦ કરોડથી વધુ પ્રોબાયોટિક બેક્ટેરિયા (મિત્ર જીવી કીટાણુ) હોય છે. આ પ્રોબાયોટિક બેક્ટેરિયા શરીરની રોગ પ્રતિરોધક શક્તિ વધારે છે. પાચન શક્તિ વધારે છે. કેન્સર, હૃદય રોગ અને શ્વસનની બીમારીથી બચાવે છે.

**ગૌમાતાનું દહીં સર્વશ્રેષ્ઠ છે. અને ઉપર બતાવેલ તમામ ગુણ ગૌમાતાના દૂધને જમાવીને બનાવેલ દહીંના છે. ભેંસનું દહીં પચવામાં ભારે હોય છે. અને તેમાં આવશ્યકતાથી વધુ સ્નિગ્ધતા હોય છે. જેનાથી શરીરમાં બ્લોકેજ થવાની અને રક્ત દૂષિત થવાની સંભાવના રહે છે. બકરીના દૂધથી જમાવેલ દહીંમાં સ્નિગ્ધતા ખૂબ જ ઓછી હોય છે. બકરીનું દહીં ફક્ત શ્વાસની તકલીફ, સૂકી ખાંસી, હરસ કે નિર્બળ રોગી લોકો માટે જ છે.**

# ચોથું અંગ પ્રાણાયમ દ્વારા પ્રાણ તત્ત્વની શુદ્ધિ અને વિસ્તાર!



યોગ અને પ્રાણાયમની લોકપ્રિયતા દિવસે દિવસે વધી રહી છે. વિશ્વના અનેક દેશોમાં, આપણા દેશના આ અનોખા વિજ્ઞાને સ્વીકૃતિ મેળવી છે. પણ મોટા ભાગે યોગ સાધના કેન્દ્રોમાં યોગ આસન શરીરની કસરત અને પ્રાણાયમ એ શ્વાસોશ્વાસની પ્રક્રિયા બની ગઈ છે. એક ગહન અને વિરાટ વિજ્ઞાનને આપણે વામન બનાવી દીધું છે.આ વિષયની વિશેષ માહિતી અને સમજણ માટે એના બે પાસા હઠ યોગ અને રાજ યોગમાં યોગ-પ્રાણાયમની સાધના તરીકે વિભાજિત કરીએ. હટ યોગમાં શરીરના માધ્યમ દ્વારા પ્રાણ શક્તિનું જતન અને વિકાસ કરવામાં આવે છે, અને વિકસિત પ્રાણશક્તિ દ્વારા આત્મ-વિકાસ સાધવામાં આવે છે. હઠ યોગી વિવિધ શારીરિક આસન અને પ્રાણાયમ દ્વારા પોતાની પ્રાણ શક્તિને ઉત્તેજિત કરે છે અને તેને પોતાના સમગ્ર નાડી તંત્રમાં ફેલાવી દે છે. અહીં ખાસ નોંધ લેવાની છે કે હઠ યોગીનું કેન્દ્રબિન્દુ ’પ્રાણ તત્ત્વ’ પર હોય છે.અષ્ટાંગ યોગને ’રાજ યોગ’ તરીકે પણ સંબોધવામાં આવે છે. એનાં વિવિધ અંગો એક જ લક્ષ્ય ધરાવે છે. આમ જાગરૂકતા (હાયર કોન્સિયસનેસ) રાજ યોગી પ્રાણાયમ દ્વારા શરીર-મન-ચિત્તમાં વહેતી પ્રાણશક્તિનું સંવેદન કરે છે અને સાથે સાથે ત્યાં સ્થિત અનેક અશુદ્ધ વૃત્તિઓને શાંત કરે છે.

પ્રાણાયમનો વિજ્ઞાનઃ

પ્રાણ’ અનેઆયામ’ના સંયોજનથી નિર્મિત ’પ્રાણાયામ એક વિશેષ અર્થધારી શબ્દ છે. આધ્યાત્મિકતાના સાધકો માટે પ્રાણાયમની સાધના અનિવાર્ય છે.સંસ્કૃત શબ્દકોષમાં ’પ્રાણ’ શબ્દના અનેક અર્થ સમજાવવામાં આવ્યા છે. એને જીવ-શક્તિ, શ્વાસ, જોમ, ઉત્સાહ, વિશેષ ઊર્જા વિ. તરીકે ઓળખવામાં આવે છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણથી પ્રાણ બે પ્રકારના હોય છે. એક શરીરપ્રાણ અને એક સર્વથા વિશ્વ પ્રાણ. આપણા જડ શરીરને ટકાવી રાખવા માટે અને એના વિવિધ અવ્યયોને કાર્યરત કરવા ભૌતિક ઊર્જા એ શરીર પ્રાણ પૂરી પાડે છે. આપણા શરીરની રચના સાથે એક ખાસ નાડી તંત્રની રચના પણ થાય છે. આ સૂક્ષ્મ નાડી તંત્ર, વિશ્વ-પ્રાણના વહેણ માટે ઊર્જા-માર્ગ હોય છે, જેમાં આ બ્રહ્મલોકની વિશેષ ઊર્જાને આવ્હાહિત કરવામાં આવે છે. આ રહસ્ય સમજાય જાય તો તમારું જીવન ધન્ય બની જાયપ ભૌતિક પ્રાણ તંત્રના ઉપયોગથી દિવ્ય પ્રાણ તંત્રને ઉત્તેજન કરવું એ જ પ્રાણાયામનું વૈજ્ઞાનિક સ્વરૂપ કહી શકાય.પ્રાણાયમ શ્વાસોશ્વાસની કસરત નથી. તે તમારા અસ્તિત્વના પાયા સ્વરૂપ પ્રાણ તત્ત્વની સંવેદના છે, નિયંત્રણ છે, શુદ્ધીકરણ છે અને વિસ્તાર પ્રક્રિયા છે. હાપ તમારા શ્વાસ તંત્ર દ્વારા પ્રાણઊર્જાને નિયંત્રિત કરી શકાય. પણ જો તમારું લક્ષ્ય એ તરફ હોય તો! આ દિવ્ય લક્ષ્ય વગર પ્રાણાયમ માત્ર ફેફસાં માટે કસરત જ બની રહી જશે.અષ્ટાંગ યોગ અંતરગત પ્રાણાયમ આગળનાં અંગો માટે પૂર્વભૂમિકા સમાન છે. માણસની ઈન્દ્રિયો અને મનને પણ પોતાનાં કાર્યો પૂરા પાડવા માટે પ્રાણ શક્તિની જરૂર પડે છે. શુદ્ધ અને પ્રાણનત શક્તિનગર મન અને ઈન્દ્રિયો પણ વિચલિત થઈ જાય છે. પ્રાણાયમની સાધના દ્વારા મનની ચંચળતા કાબૂમાં લાવી શકાય છે અને ’નિર્બીજ’ દશામાં સ્થિર કરી શકાય છે.પ્રાણાયમની સાધના માટે પ્રથમ લક્ષ્ય આપણા ’પંચ પ્રાણવાયુ’ને પોતાની શ્રેષ્ઠતમ કાર્યક્ષમતા સુધી લઈ જવા માટે કરી શકાય. એ પાંચેયમાંથી સૌ પ્રથમ પ્રાણવાયુ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય. પ્રાણવાયુ પ્રધાન વાયુની કામગીરી બજાવે છે તે બીજા બધા વાયુને શક્તિ આપે છે. માટે જ પ્રાણવાયુ સ્વસ્થ અને વિકસિત થાય એ મહત્ત્વની વાત છે.

# ઔષધોનો સ્ત્રોત અને પ્રાપ્તિની વિવિધતાનું વિજ્ઞાન

ખાદ્યપદાર્થો સિવાયના, ઔષધો તરીકે ઉપયોગી એવા નૈસર્ગિક પદાર્થો અંગે જીવશાસ્ત્ર, જીવરસાયણ અને અર્થશાસ્ત્રની દૃષ્ટિએ થતો અભ્યાસ. આ પદાર્થો મુખ્યત્વે વનસ્પતિજન્ય હોય છે, જો કે પ્રાણીજન્ય પદાર્થોની સંખ્યા પણ નજેવી ન ગણાય. આ પદાર્થો જેમાંથી મેળવવામાં આવતા હોય તેવાં વૃક્ષ કે છોડવા(અથવા પ્રાણીઓ)નો સઘન અભ્યાસ, તેની વિવિધ જાતો તથા તેમાંના ઔષધીય સક્રિયતા ધરાવતા રાસાયણિક ઘટકોની પરખ, તેમનું પૃથક્કરણ તથા પ્રમાણ, તેમનું જીવનસંશ્લેષણ તથા આ પદાર્થો આપનાર સ્રોતોનું પરિરક્ષણ વગેરે બાબતો આ વિષયમાં આવરી લેવાય છે. ફાર્માકોગ્નોસી’ શબ્દનો અર્થ ઔષધનું જ્ઞાન’ અથવા ઔષધ-અભિજ્ઞાન’ થાય છે. આ શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ૧૮૧૫માં આઇડ્લર નામના જર્મન વૈજ્ઞાનિકે તેના પુસ્તક એનાલટીકા ફાર્માકોગ્નોસ્ટીકા’માં કર્યો છે.માનવ-સંસ્કૃતિની સાથે સાથે વિજ્ઞાનની આ શાખા વિકાસ પામી છે. મનુષ્યને હવા, પાણી, ખોરાક તથા રહેઠાણની જર પડી તેમ ઔષધોની જરૂર પડવા લાગી. ખોરાકની જેમ ઔષધો પણ મનુષ્યના નૈસર્ગિક પર્યાવરણમાંથી મળ્યાં છે. કેટલાંક ઔષધો ચારથી પાંચ હજાર વર્ષ પછી પણ વપરાશમાં છે; દા. ત., ઈફેડ્રા ચીનમાં તથા સર્પગંધા ભારતમાં પ્રાચીન કાળથી વપરાતાં આવ્યાં છે. ઈફેડ્રામાંથી અલગ પાડેલ સક્રિય ઘટક ઈફેડ્રીન અને સર્પગંધામાંથી અલગ પાડેલ સક્રિય ઘટક રિસર્પીન દુનિયાના બધા જ ઔષધસંગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. વનસ્પતિજ ઔષધો અને વિષો અંગે ઘણી કીમતી માહિતી આદિવાસીઓ પાસેથી મળી છે; દા.ત., દૃષ્ટિભ્રમ ઉત્પન્ન કરતા મેસ્કેલાઇન. ઔષધ-અભિજ્ઞાનના વિષયમાં વિટામિન, પ્રતિજીવી દ્રવ્યો એટલે કે એન્ટી બાયોટિક્સ અને જૈવપદાર્થો (બાયોલોજીકલ્સ; દા.ત., સિરમ, વેક્સિન)નો પણ સમાવેશ કરી શકાય. વળી ઔષધો અને તેમના યોગોના નિર્માણમાં વપરાતા સ્ટાર્ચ, મીણ, જિલેટીન, અગર, ગુંદર, સુવાસ, ગળપણ અને રંગ આપનાર પદાર્થો, ઔષધોના નિષ્કર્ષોને ગાળવા વપરાતા કેઓલિન, કીસલગુહર અને ઍસ્બેસ્ટોસ તથા ઔષધોના વાહક તરીકે વપરાતા પદાર્થોનો અભ્યાસ પણ આ શાખામાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

જૈવ ઔષધોના મુખ્ય ત્રણ પ્રકારો છે :

વનસ્પતિ કે પ્રાણીનું આખું અંગ : દા.ત., ધતૂરો, કરિયાતું, ઈફેડ્રા વગેરે આખા છોડ તરીકે વપરાય છે. કેન્થેરિડીઝ (ખડમાંકડી કે માંકડીકૂકડી) આખા પ્રાણી (કીટક) તરીકે વપરાય છે.

વનસ્પતિ કે પ્રાણીનું અમુક ચોક્કસ અંગ : પાંદડાં, મૂળ, મૂળની છાલ, થડની છાલ, ફૂલ, ફળ વગેરે અલગ અંગ તરીકે વપરાય છે; દા.ત., મીંઢીઆવળ તેનાં વૃક્ષોનાં પાંદડાં છે; થાઈરોઇડ ગ્રંથિ પ્રાણીનો એક ભાગ છે.

વનસ્પતિ કે પ્રાણીમાંથી સાદી ભૌતિક ક્રિયા મારફત બનાવેલ ઔષધિ; દા.ત., એળિયો કુંવારપાઠાના રસને સૂકવીને તૈયાર કરાય છે, અફીણના વૃક્ષ ઉપરના ડોડામાંથી નીકળતા રસને સૂકવીને અફીણ તૈયાર કરાય છે, બાવળના વૃક્ષમાંથી સ્રવતો રસ સુકાઈને ગુંદર બને છે.

ઔષધ-અભિજ્ઞાનમાં ઔષધિનો જૈવ સ્રોત, તેનું કુટુંબ, ભૌગોલિક સ્રોત, ઇતિહાસ, વાવેતર, સંચયન, આકારકીય, સંવેદક અને સૂક્ષ્મદર્શી લક્ષણો, રાસાયણિક ઘટકો (પરખ અને આમાપન સહિત), ઔષધીય ગુણો – ઉપયોગો અને ઔષધોમાં થતી ભેળસેળનો પદ્ધતિસર અભ્યાસ થાય છે. વનસ્પતિના અંગનો ભૂકો કરેલો હોય તોપણ તેની પરખ કરી શકાય તેવી કસોટીઓ વિકસાવવામાં આવેલી છે.આ અભ્યાસ માટે ઔષધિઓનું વિવિધ રીતે વર્ગીકરણ કરવામાં આવેલ છે. દરેક પદ્ધતિના લાભાલાભ છે અને કોઈ પદ્ધતિ સંપૂર્ણ નથી.

આકારલક્ષી વર્ગીકરણ : ઔષધિનું બાહ્ય લક્ષણો પ્રમાણે વર્ગીકરણ થાય છે; દા.ત., મીંઢીઆવળ, અરડૂસી, ડિજિટાલિસ વગેરેને પર્ણ-ઔષધિઓ તરીકે એક વર્ગમાં મૂકવામાં આવે છે.

જૈવિક (પ્રાકૃતિક કુળ) વર્ગીકરણ : જેમ વનસ્પતિ કે પ્રાણીનું વર્ગીકરણ કરાય છે તે અનુસાર તેમાંથી મળતી ઔષધિઓનું પણ વર્ગીકરણ કરવામાં આવે છે; દા.ત., સિંકોનાના આલ્કેલોઇડ, અફીણના આલ્કેલોઇડ વગેરે.

રાસાયણિક વર્ગીકરણ : ઔષધિના ગુણોનો આધાર તેમાં રહેલ સક્રિય રાસાયણિક ઘટકો ઉપર છે. તેથી આ ઘટકોના આધારે વર્ગીકરણ થાય છે; દા.ત., આલ્કેલોઇડમય ઔષધિના વર્ગમાં સિંકોના છાલ, અફીણ, સર્પગંધા આવે. મીંઢીઆવળ, એળિયો, કેસ્કેરાની છાલ વગેરે એન્થ્રાક્વિનોન ગ્લાયકોસાઇડમાં આવે. આ વર્ગીકરણ અગત્યનું ગણાય છે.

જીવરાસાયણિક વર્ગીકરણ : પ્રાકૃતિક કુલો અને રાસાયણિક ઘટકો વચ્ચેના સંબંધને ધ્યાનમાં રાખીને જીવજનીન ઘટકોના સંદર્ભમાં આ વર્ગીકરણ કરાય છે.



## તંત્રી લેખ...

મંગળવાર, તા. ૧૯ મે ૨૦૨૬

## સાવધાન ! ઉનાળો લાંબો અને વધુ આકરો હશે !

બે-ત્રણ દિવસથી વેગીલા પવનને લીધે તાપની તીવ્રતામાં થોડી રાહત વર્તાતી હશે, પરંતુ વૈશાખનો જનજીવન પર તેનો પ્રભાવ વર્તાવી રહ્યો છે. આ સ્થિતિ ગુજરાત જ નહીં, સમગ્ર દેશની છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, આ વખતે કેટલાક વિસ્તારોમાં પહેલાં કરતાં વધુ લાંબો સમય સુધી હીટવેવ રહેશે. પહેલાં જ્યાં ગરમીનું પ્રમાણ સામાન્ય રીતે ઓછું લાગતું ત્યાં પણ ગરમીનું મોજું લોકોની કસોટી કરશે. એક વૈશ્વિક સંસ્થા એક્યુઆઈના આંકડામાં મુશ્કેલી વધારનારી તસવીર ઉભરી છે. દુનિયાના સૌથી ૨૦ ગરમ શહેરમાં ૧૯ અને ૧૦૦ શહેરમાં ૯૮ ભારતના છે. નિઃસંદેહ વધતા જતા ઉષ્ણતામાન માટે જળવાયુ પરિવર્તન મુખ્ય કારણ મનાતું હોય છે, પરંતુ પર્યાવરણ જતન પ્રત્યે તંત્રની અને આમ નાગરિકોની ઉદાસીનતા પણ મહત્ત્વનું પરિબળ છે. એક તરફ વન વિસ્તાર ઘટતો જાય છે ને બીજી તરફ બદલાતી જીવનશૈલીને લીધે વધતું કાર્બન ઉત્સર્જને ગંભીર ચિંતાનો વિષય છે. ગ્લોબલ વૉર્મિંગનો પ્રકૃતિ પર પ્રભાવ એટલો છે કે, ઋતુચક્ર ખોરવાઈ ગયું છે. એપ્રિલમાં થતા અણધાર્યા વરસાદે દેશમાં અનેક સ્થળે ખેડૂતોને મોટું નુકસાન પહોંચાડ્યું છે. વિશ્વના ૧૦૦ અતિ ગરમ શહેરમાં ભારતના ૯૮ શહેર છે. ઉત્તર ભારત ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન પણ આ પ્રકોપ વેઠી રહ્યા છે. પ્રશાસન ગરમીથી બચવા માટેની માર્ગદર્શિકા જાહેર કરે છે. વૃદ્ધો હજીય ઘરમાં રહી શકે, પરંતુ વ્યવસાય કરનારા લોકો માટે તેનું પાલન કરવું એટલે કે બપોરે બારથી ચાર વચ્ચે ઘરની બહાર ન નીકળવું શક્ય હોતું નથી. ગુજરાત, છત્તીસગઢમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. તાપમાન ક્યાંક તો ૪૭ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. ઉત્તરપ્રદેશના ૬૦ જિલ્લામાં રેડ એલર્ટ છે. મધ્યપ્રદેશ, ઉત્તરાખંડમાં શાળા બંધ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં જો કે, વેકેશન છે એટલી રાહત છે. ગરમીને લીધે માણસોનાં મૃત્યુ થઈ રહ્યાં છે. મધ્ય ભારત તો બરાબર, પરંતુ હિમાલય ક્ષેત્ર એવા હિમાચલપ્રદેશમાં પણ ભયાનક ગરમી છે. મેદાની વિસ્તારમાં લોકો ગરમીથી પરેશાન છે. કુલ્લુ, મંડી, સોલન જેવા પર્વતીય વિસ્તારમાં પણ હીટવેવનું યલો એલર્ટ છે. આ સ્થિતિ અત્યંત વિચિત્ર છે. ગુજરાતમાં પારો ૪૫ ડિગ્રી થવાની શક્યતા છે. ગરમીની અસરથી બચવા માટે પાણી, ઓઆરએસ જેવા ઉપાયો સૂચવવામાં આવી રહ્યા છે. આખરે ગરમી કે વધુ પડતો વરસાદ એ બધું જ કુદરતને આધીન છે. માણસ તો તેનાથી બચવાના પ્રયાસ કરી શકે. હવામાનને દૂષિત થતું તે અટકાવી શકે, પરંતુ જે સ્થિતિ ઊભી થઈ જ ગઈ છે તેમાં વિશેષ તો શું થાય ? ભૌતિક સગવડો, વિકાસ કહીએ છીએ તેવા પુલનાં બાંધકામ અને ટનલ્સનાં નિર્માણ વિવેકબુદ્ધિથી કરીએ, શહેરી વનીકરણ કાગળ ઉપર નહીં, જમીન ઉપર થાય તો રાહત મળી શકે. અત્યારે તો આકાશ આગ વરસાવી રહ્યું છે. દેશમાં જે રીતે ઉદ્યોગીકરણ વધી રહ્યું છે. લાઈફસ્ટાઈલ કુદરતથી દૂર થતી જાય છે એ જોતાં આવનારા સમયમાં ગરમીની તીવ્રતા વધતી જ જવાની. સરકારોએ આ સંભાવનાને નજરઅંદાજ ન કરતાં પ્રાથમિકતા આપવી પડશે. ગામ, શહેર, ફળિયા, રસ્તાઓ પર વૃક્ષનું આચ્છાદન વધારવું જરૂરી છે. જળસંચય અને પાણીનો કરકસરયુક્ત ઉપયોગ પણ એક અગત્યની બાબત છે. ગરમી વધવાની સીધી અસર પાણીના ઉપલબ્ધ સ્રોતો ઉપર પડશે. પાણી બચાવીએ, તેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરીએ એ સમયની માંગ છે.

## પરજીવીઓ અને સિસ્ટમ પરના હુમલા

કેટલાક યુવાન બેરોજગારો વંદાઓ સિસ્ટમ પર હુમલા કરે છે તથા એક વર્ગ પરજીવીની જેમ સમાજ પર નભી રહ્યો છે, એવી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંતે કરેલી ટિપ્પણી બાદ આખી વાતને એ રીતે રજૂ કરવામાં આવી કે, જાણે તેમણે દેશના યુવાનોને પરજીવી અને વંદા ગણાવ્યા હોય. વળી, જાણે કે દેશની સર્વોચ્ચ અદાલત તંત્ર સામે વિરોધ કરનારાઓને સુપ્રીમ કોર્ટે પરજીવી કહ્યા હોય એવો હોબાળો ઊભો કરાયો. આખરે સૂર્યકાંતે સ્પષ્ટતા કરવી પડી કે, એક ક્ષુલ્લક કેસની સુનાવણી દરમિયાન કરાયેલા મારા મૌખિક નિરીક્ષણને ખોટી રીતે ચગાવવામાં આવ્યો છે. કાયદાકીય વ્યવસાયમાં ખોટી અથવા બનાવટી ડિગ્રીની મદદથી પ્રવેશેલા લોકોની ટીકા કરતી એ ચોક્કસ ટિપ્પણી જાણે બધાને લાગુ પડતી હોય એ રીતે રજૂ કરાઈ છે. જે કેસના સંબંધમાં ચીફ જસ્ટિસે ટિપ્પણ કરી હતી, તેમાં એક વકીલે સિનિયર એડવોકેટના ડેઝિગ્નેશનના નિયમનની સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકાના અમલમાં દિલ્હી હાઈ કોર્ટ દ્વારા થઈ રહેલા કથિત વિલંબ બાબતે હતો. આ અરજીની સુનાવણી હાથ ધરવાનો ઈન્કાર કરતાં સુપ્રીમ કોર્ટની ખંડપીઠ (જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોય માલ્યા બાગચી)એ નિરીક્ષણ કર્યું હતું કે, સિનિયર એડવોકેટ એ અદાલત દ્વારા આપવામાં આવેલી વિશિષ્ટ યોગ્યતા છે, સ્ટેટસ સિમ્બોલ નથી. વળી, સર્વોચ્ચ અદાલતે આ સાથે બનાવટી કે ખોટી ડિગ્રી ધરાવતા વકીલોની વધતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરતાં આ બાબતમાં તપાસ હાથ ધરવાની વાત પણ કરી હતી. આખી વાતમાંથી માત્ર પરજીવી અને વંદાઓવાળી વાતને જ ચગાવવામાં આવી છે. સમાજમાં એવા પરજીવીઓ છે, જેઓ સિસ્ટમ પર હુમલા કરે છે, તેમની પાસે કોઈ રોજગાર નથી કે વ્યવસાયનું કોઈ ઠેકાણું છે. તેમાંથી કેટલાક મીડિયા બની જાય છે, કેટલાક સોશિયલ મીડિયા બની જાય છે, તો થોડાક આરટીઆઈ ચળવળકાર બની જાય છે અને પછી તેઓ સૌ કોઈ પર હુમલા કરે છે, એવી ચીફ જસ્ટિસની ટિપ્પણી જરાય અણછાજતી કે અયોગ્ય નથી. છેલ્લા એકાદ દાયકામાં વિવિધ માધ્યમો પર સિસ્ટમ પર દરેક વાતે હુમલા કરવાનું પ્રમાણ વધ્યું છે. લોકતંત્રમાં વિરોધ અને અસહમતી મહત્ત્વની બાબત હોવા છતાં તેનો અતિરેક ઘણીવાર વિના કારણ વ્યવસ્થામાં અવરોધ ઊભા કરે છે. ખાસ તો ન્યાયતંત્રમાં આ પ્રકારના તત્ત્વો પહેલેથી જ તાણ હેઠળના ન્યાયતંત્રમાં વધુ વિલંબો સર્જે છે અને કેસોનો ભરાવો થયા કરે છે. વળી, બનાવટી અને ખોટી ડિગ્રીઓનું દૂષણ પણ કાયદાકીય વ્યવસાયમાં વધી રહ્યું હોવાનું પણ જોવા મળ્યું છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ સ્પષ્ટ કર્યું કે, દેશના યુવાનો પર મારી ટિપ્પણ નહોતી. યુવાનો દેશનું ભવિષ્ય છે, રાષ્ટ્રના વિકાસના સ્તંભ છે અને તેમની પાસેથી મને પ્રેરણા મળે છે. તેમના માટે મને માન છે. ગંભીર અને મહત્ત્વનાં ક્ષેત્રોમાં બેજવાબદારપણે વર્તતા લોકોને કારણે આખાં ક્ષેત્રનું નામ ખરડાતું હોવાનું જોવા મળે છે. આવામાં સુપ્રીમ કોર્ટની ટિપ્પણને યોગ્ય અર્થમાં લઈ તેના આ મોરચે તપાસ હાથ ધરી ખોટી કે બનાવટી ડિગ્રી ધરાવનારાઓને બહાર કાઢવા એ સમયની માંગ છે.

ફરી એક વખત એક વિદ્યાર્થી વર્ગખંડમાં પરીક્ષા આપવા આવ્યો અને આખા દેશના મીડિયાનું ધ્યાન એના પર ગયું

# હવે કોઈ નવો દેવજી પેદા ન થાય એ જોવું પડશે.

## એક સમય એવો આવ્યો કે સર્વોચ્ચ નક્સલી નેતા બાસવરાજ એનકાઉન્ટરમાં મરાયો

૧૯૮૨નું એ વર્ષ હતું. એ વખતે તેલંગણાને અલગ રાજ્યનો દરજ્જો મળ્યો નહોતો. જગતિયાલ જીલ્લો ત્યારે આંધ્ર પ્રદેશનો જ હિસ્સો ગણાતો. આમ તો બધું સમુસૂતં ચાલતું હતું, પણ વિદ્યાર્થીઓના કટ્ટરવાદી ગણાતા સંગઠન 'રેડિકલ સ્ટુડન્ટ યુનિયન' (આરએસયુ) અને પોતાનો પગદંડો જમાવવા મથી રહેલી 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ' વચ્ચે કોલેજ કેમ્પસમાં માથાકૂટ થયે રાખતી. આવી જ એક બબાલમાં વાત વધી પડી અને પોલીસ ફરિયાદ નોંધાઈ. કોલેજીસમાં આવું બધું ચાલ્યે જ રાખતું હોય. પણ આ વખતે થયું એવું કે મારામારીના કેસમાં 'આરએસયુ' સાથે સંકળાયેલા એક વિદ્યાર્થીનું નામ ખુલ્યું. આ વિદ્યાર્થી પરીક્ષાખંડમાં પેપર લખી રહ્યો હતો એ જ સમયે પોલીસે આવીને એની ધરપકડ કરી... અને પેલા વિદ્યાર્થીના જીવનની દિશા બદલાઈ ગઈ.

ફરી એક વખત એક વિદ્યાર્થી વર્ગખંડમાં પરીક્ષા આપવા આવ્યો અને આખા દેશના મીડિયાનું ધ્યાન એના પર ગયું, કારણ કે આ એ જ વિદ્યાર્થી હતો જેને સાડા ચાર દાયકા અગાઉ પોલીસ ચાલુ પરીક્ષામાંથી ઊંચકી ગયેલી. એ દિવસ અને આજની ઘડી વચ્ચેના ચાર દાયકાનો સમય હવે ઈતિહાસ બની ગયો છે. એક એવો ઈતિહાસ જેમાંથી સરકારી તંત્રે તેમજ વાતે વાતે આક્રોશમાં આવીને કોઈકનો હાથો બની જનારા યુવાનોએ બોધ લેવાનો છે.

જે વિદ્યાર્થીની વાત થઇ રહી છે એનું નામ થિપ્પિરી તિપતિ. લોકો એને આ મૂળ નામ સિવાય બીજા અનેક નામથી ઓળખે છે, પણ હાલ એ દેવજી તરીકે વધુ પ્રખ્યાત છે. આપણે પણ એને દેવજી તરીકે જ ઓળખીશું.

૧૯૮૨માં કોલેજના રાજકારણમાં કેરિયર અટવાઈ, એના એક વર્ષ બાદ દેવજી ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાઈ ગયો. માત્ર જોડાયો નહિ, પણ અત્યંત સક્રિય સદસ્ય બન્યો. તમે ગમે એટલી બૌદ્ધિક દલીલો અને તર્કો રજૂ કરો, પણ આવા યુવાનો અંતે નક્સલવાદની ચુંગાલમાં સપડાય છે. દેવજી સાથે પણ એ જ થયું.

ન્યાય મેળવવા માટે સિસ્ટમ સામે સશસ્ત્ર સંઘર્ષમાં ઉતરેલ દેવજી પણ નક્સલવાદી બની ગયો. ગઢચિરોલી જેવા નક્સલ પ્રભાવિત વિસ્તારમાં એની હાક વાગવા માંડી. પોતાની ટોળકીમાં એ લીડરના સ્થાન સુધી પહોંચી ગયો. કટ્ટર માઓવાદી બની ગયેલા દેવજીના હાથમાંથી પેન- બોલપેન બહુ પાછળ છૂટી ગઈ. હવે એ છદ્ર-૪૭ જેવા ઘાતક હથિયારોથી રમતા શીખી ગયો.

એક સમય એવો આવ્યો કે સર્વોચ્ચ નક્સલી નેતા બાસવરાજ એનકાઉન્ટરમાં મરાયો, એ પછી દેવજી નક્સલીઓનો ટોપ કમાન્ડર બની ગયો... પણ પછી પરિસ્થિતિ બદલાઈ. ભારત સરકારે ચારે તરફથી ભીંસ વધારીને નકસલવાદના કોફીનમાં છેલ્લો ખીલો ઠોકી દીધો. અનેક આતંકીઓ મરાયા, સેંકડો શરણે આવ્યા. એ બધાની સાથે દેવજીએ પણ હથિયારોનો ત્યાગ કર્યો અને ગત બાવીસ ફેબ્રુઆરીએ સરકાર સામે શરણાગતિ સ્વીકારી.

દેવજીનો પરિવાર આખા ઘટનાક્રમથી બહુ ખુશ છે. દાયકાઓ બાદ પરિવારે દેવજીને જીવતો-જાગતો જોયો એ જ બહુ મોટી ઘટના છે. નાનો ભાઈ ગંગાધર કહે છે કે ભાઈ માઓવાદી બની ગયો એ પછી કદી સંપર્ક થયો નહોતો. માત્ર ન્યૂઝપેપર્સમાં છપાતો ભાઈનો ફોટો જ અમને જોવા મળતો! માઓવાદી બનતા પહેલાં જ દેવજી પરણી ગયેલો, પણ દાયકાઓ લાંબો ભૂગર્ભવાસ વેઠ્યો એ દરમિયાન પત્નીનું અવસાન થયું.

આ બધા વચ્ચે ખરા અર્થમાં ધ્યાનાકર્ષક વાત એ છે કે વર્ષો પહેલા જે પરીક્ષા અધૂરી રહી ગયેલી એ પરીક્ષા દેવજીએ આ અઠવાડિયે ફરી આપી. કદાચ આ વખતે ય ઓછી તૈયારીને પ્રતાપે એ નાપાસ થશે. જોકે એક વાત નક્કી છે, આ વખતે નિર્ણય લેવામાં એ નાપાસ નથી થયો. બંદૂક છોડીને બોલપેન પસંદ કરનાર દેવજી પરીક્ષા પાસ કર્યા બાદ વકીલાતનું ભણીને કાયદાકીય સંઘર્ષ દ્વારા અન્યાય સામે લડશે.

આ માત્ર એક દેવજીની વાત નથી. છેલ્લાં બે વર્ષથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલી આતંકવાદના સફાયા માટે ૩૧ માર્ચ, ૨૦૨૬ની ડેડલાઈન જાહેર કરેલી. દેવજીએ આ ડેડલાઈન પહેલા જ સરન્ડર કરેલું. આજે મે મહિનો ચાલે છે ત્યારે સરકારે પણ આ ડેડલાઈન સફળતાપૂર્વક પાર કરી હોવાનું કહી શકાય,પણ હવે પછીની જવાબદારી વધુ મહત્ત્વની છે.

વિવિધ સ્રોતોમાંથી મળતી માહિતી મુજબ ભારત સરકાર શરણે આવેલા નક્સલીઓને થાળે પાડવા માટે સચેત છે. છેલ્લાં બે વર્ષ દરમિયાન આશરે સાડા ચારથી પાંચ હજાર જેટલા માઓવાદીઓ-નક્સલવાદીઓએ હથિયાર છોડીને શરણાગતિ સ્વીકારી છે. આ દરેકને ત્રણ વર્ષ સુધી માસિક બે હજારની આર્થિક સહાય આપવામાં આવશે. સાથે સમાજની મુખ્ય ધારામાં ભળવા માટે સ્કીલ બેઈઝ્ડ ટ્રેનિંગ પણ આપવામાં આવશે, જેથી આગળ જતા તેઓ આર્થિક રીતે પગભર થઇ શકે.

એ ઉપરાંત દોઢ લાખની ફિક્સ ડિપોઝિટ પણ અપાય છે. જો ત્રણ વર્ષ સુધી વર્તન સારું રહે તો જ આ રકમ ખાતામાં જમા થશે. એમાં વળી જો કોઈ નક્સલી પોતાની પાસેનું હથિયાર પણ સરકારને જમા કરાવે તો એના પર વિશેષ લાભ મળે. કોઈ શરણાગતિ સ્વીકારતી વખતે કોઈ પોતાની પાસે રહેલી એકે ફોર્ટી સેવન રાઈફલ સરકારને આપી દે તો આ વ્યક્તિને વધારાના પંદર હજાર આપવામાં આવે છે.

આ તો થઇ આર્થિક સહાયતાની વાત, પણ હવે પછીની સૌથી મોટી જે જવાબદારી સરકારને શિરે આવશે તે ફરી પાછો કોઈ નક્સલી પેદા ન થાય એ જોવાની... આને માટે જળ, જમીન સહિતની વન્ય સંપત્તિ અને વંચિતો, આદિવાસીઓના અધિકારોનું રક્ષણ-સંવર્ધન કર્યા વિના ચાલવાનું નથી. નહિતર એક ય બીજા સ્વરૂપે નવા દેવજીઓ પેદા થતા રહેશે અને દેશના દુશ્મનોનો હાથો બનતા રહેશે.

કહીં તો હૈ સપના ઔર કહીં તો હૈ યાદ,કહીં તો હંસી હૈ,

# લાઈફ નામે 'કમ્પ્લેઇન બોક્સ': મેરી બિનતી સુનો તો માનું!

- એક બાળકે લખ્યું કે 'હું સવારે વધારે ઊંઘી શકતો નથી...મમ્મી વઢે છે!', બીજી ફરિયાદમાં દુઃખી બાળકે લખેલું: 'મારાં મમ્મી-પપ્પા રોજ ઝઘડ્યાકરે છે... ઘરે જવાનું મન જ નથી થતું,

ભારત, ખેતીપ્રધાન જ નહીં પણ 'ફરિયાદપ્રધાન' દેશ છે. આપણા દેશમાં ૧૪૦ કરોડ ફરિયાદો, આ દેશમાં વસે-શ્વસે છે. ફરિયાદ ઉર્ફે શિકાયત ઉર્ફે શિકવા વિશે લખાયેલું ગીત 'તેરે બીના જિંદગી સે કોઈ શિકવા નહીં' એક જમાનામાં રેડિયો પર આકાશવાણીનું સૌથી લોકપ્રિય ગીત હતું. ભારતીયોની તાસિર છે કે મુઘલ સલ્તનત હોય, અંગ્રેજો હોય કે પછી આઝાદી બાદ સરકાર કોઈ પણ હોય, આપણી અમુક ફરિયાદો એવી ને એવી જ રહે છે. ક્યારેક થાય કે આપણે ફરિયાદ કરવા જ આઝાદ થયેલા કે શું? આમાં પબ્લિકનો વાંક નથી પણ ના બદલાતા સંજોગો સામે, સંગદિલ સરકારો સામે શું ફરિયાદો કરવાની?

ડિસેમ્બર ૨૦૨૪માં પ.બંગાળના જલપાઈગુડીની પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપાલે એક 'લેટરબૉક્સ' મૂકેલું, જેમાં બાળકોને શિક્ષકો કે મધ્યાહન ભોજન વિશે ફરિયાદ હોય તો લખીને એમાં મૂકે. મહિના બાદ આ લેટરબૉક્સને ખોલ્યું ત્યારે અધધધ ૨૦૦ પત્રો બાળકોએ કાલીઘેલી ભાષામાં લખેલા. નવાઈની વાત એ હતી કે એકપણ પત્રમાં શાળા વિશેની ફરિયાદ નહોતી. એમાં બાળકોએ પોતાના દિલની વાત લખેલી!

એક બાળકે લખ્યું કે 'હું સવારે વધારે ઊંઘી શકતો નથી...મમ્મી વઢે છે!', બીજી ફરિયાદમાં દુઃખી બાળકે લખેલું: 'મારાં મમ્મી-પપ્પા રોજ ઝઘડ્યાકરે છે... ઘરે જવાનું મન જ નથી થતું, મને મારાં માબાપથી છૂટાછેડા અપાવો.' ઘરમાં થતી ઘટનાઓની કેવી નિર્દોષ ફરિયાદો બાળકોના મનમાં ઘર કરી જાય છે.ફરિયાદમાં બાળકો જ નહીં, પણ વૃદ્ધો પણ કંઈ ઓછા નથી. એક ગામમાં વૃદ્ધ માણસ, સતત વરસાદથી પરેશાન હતો, કારણ કે એના કુંભાર જમાઈનાં માટલાં વરસાદને લીધે સુકાતાં નહીં ને નુકસાન થતું.વૃદ્ધે ભગવાનને પત્ર લખ્યો: 'વ્હાલા પ્રભુ, એક અઠવાડિયું વરસાદ બંધ કરો. મારા જમાઈને માટલાં સૂકવામાં તકલીફ પડે છે.' લેટર મંદિરની દાનપેટીમાં નાખી દીધો અને ખરેખર જ અચાનક બીજે દિવસે વરસાદ સાવ બંધ!પેલા વૃદ્ધ માણસે ફરી મંદિરે આવીને ફરી નવો પત્ર લખ્યો: 'પરમકૃપાળુ પ્રભુ, તમે ખરા છો! આમ મારું માનીને સાવ વરસાદ અટકાવાતો હશે? અરે, મારો બીજો જમાઈ ખેડૂત છે, એ વરસાદ વિના બરબાદ થઈ જશે. જરા સમજો અંતર્યામી!'અર્થાત્ ફરિયાદ આપણો 'સ્થાયીભાવ' એટલે કે હંમેશાંનો સ્વભાવ છે. પછી કાઈ બાળક હોય, વૃદ્ધ હોય કે જુવાન.એક જુવાન છોકરો પ્રેમભંગથી દુઃખી હતો. એને છોડી ગયેલી પ્રેમિકાને 'ફરિયાદ' કરતો પત્ર લખ્યો: 'પ્રિય પ્રિયા, તેં મારું દિલ ચોર્યું અને તારું દિલ ના આપ્યું. અને ઉપરથી મારું દિલ લઈને એ પણ પાછું ન આપ્યું!' પછી એ લેટરને જ્યાં છોકરીને રોજ મળતો, એ કૉફીહાઉસના 'સજેશન બૉક્સ'માં નાખી દીધો. કેફેના માલિકે એ લેટરને ભીંત પર 'આજ કા સ્પે. આઈટમ'વાળા મેન્યૂબોર્ડ પર ચોંટાડીને જાહેરમાં મૂક્યો.બીજા અઠવાડિયે, પપ્પુની પ્રેમિકા પ્રિયાએ એ બોર્ડ પર જવાબ લખીને મૂક્યો: 'મિ.બોરિંગ મજનૂ પપ્પુ, તારી ફરિયાદ મળી. હમણાં મારું દિલ સ્ટૉકમાં અવેલેબલ નથી, તારો ઑર્ડર 'વેઈટિંગ લિસ્ટ'માં છે. ત્યાં સુધી કોઈ નવું દિલ શોધી લે!'

(તા.ક. તારું દિલ, મારા સ્ટાંડર્ડ મુજબ બહુ ફાલતુ અને ચાલુ હતું, એને કચરામાં ફેંકી દીધું. પાછું નહીં મળે.) આમ કૉફીહાઉસ, દિલજલા આશિકોનું કમ્પ્લેઇનખાતું બની ગયું.

કહીં તો હૈ સપના ઔર કહીં તો હૈ યાદ,કહીં તો હંસી હૈ, કહીં ફરિયાદ. (અમિત ખન્ના)ઘણાને જીવનોપરાંત જન્મ પહેલાંની ઘટનાઓ વિશેય ફરિયાદ હોય, જેમ કે- માબાપની ભૂલને કારણે ધરતી પર અવતરવું પડ્યું. બીજાં મા-બાપ મળ્યાં હોત તો આજે સારું હોત. (હા, કદાચ સોમાલિયામાં જનમ્યાં હોત તો સુખી હોત!)વળી સરકારી ખાતું ફરિયાદ નથી સાંભળતું એવું સાવ નથી. ૨૦૧૯માં તામિલનાડુના એક ગામડામાં સુધરાઈની ઑફિસમાં પીવાનું પાણી, ઈલેક્ટ્રિસિટી ને કચરા જેવી સમસ્યાઓ માટે 'કમ્પ્લેઇન બૉક્સ' મુકાયું. એક જ અઠવાડિયામાં કમ્પ્લેઇન બૉક્સ ફરિયાદોથી ઊભરાઈ ગયું. એમાં સુધરાઇ સિવાયની ફરિયાદો હતી : પત્નીની ખરાબ રસોઈ વિશે, ખોવાયેલી ભેંસ વિશે, સાસુના ત્રાસ વિશે ફરિયાદો હતી! વળી એક બાળકે ફરિયાદ કરેલી: 'સ્કૂલમાં હોમવર્ક બહુ આપે છે. શિક્ષકને કોઈ વઢો!'

આપણાં સૌના જીવનમાં સાસબહુની સિરિયલોની લાંબી વાર્તાઓની જેમ ફરિયાદોનો અંત જ નથી આવતો. અરે, આપણે ત્યાં તો ભક્તિ સંગીતમાં ખુદ ઈશ્વરને ફરિયાદ કરતાં કે ધમકાવતાં ગીતો-ભજનો લખાયાં છે તો સરકાર કે સુધરાઈની શું વાત કરવી?

૨૦૧૭માં ઈંગ્લેંડમાં પીટર નામના માણસે નગરપાલિકાને રોડ પરના ખાડાઓ વિશે રમૂજી ફરિયાદ પત્ર લખ્યો. એણે લખ્યું કે, 'વિંડરમિયર વિસ્તારમાં મોટા ખાડાથી તળાવ બની જાય છે તો એને 'લેક વિંડરમિયર' તરીકે જાહેર કરી દો....'વળી એણે રમકડાની ફિશિંગ રોડ સાથે માછલી પકડતો ફોટો પણ મોકલ્યો.નગરપાલિકાએ ખાડો તો રિપેર કર્યો અને છાપામાં સામો જવાબ આપ્યો: 'મિ.પીટર, વિન્ડરમિયરનું તળાવ ભરાઈ ગયું છે. પણ કૃપા કરીને શહેરના રસ્તાઓમાં માછલી ન પકડો! ઘરના બાથટબમાં આ મહાન કામ કરો.' સારું છે કે ઈંગ્લેંડમાં ફરિયાદ સાંભળીને ખાડા રીપેર થયા. બાકી આપણે ત્યાં તો આવી ફરિયાદ કરીએ તો નગરપાલિકાવાળો ખરેખર ખાડાને 'તળાવ' જાહેર કરીને લોકલ નેતા દ્વારા ઉદ્ઘાટન કરાવે.ઈનશૉર્ટ, માત્ર ભારતમાં જ નહીં આખી દુનિયામાં 'ફરિયાદજીવી' લોકો વસે છે. પણ હા, આપણા લોકોને તો પરમાત્માથી માંડીને પાર્લામેન્ટ સુધી ફરિયાદ કરવી વિશેષ ગમે છે.

`ટ્રોલ-ડીઝલના ભાવમાં થયેલા વધારાથી લોકોને આંચકો નથી લાગ્યા

# યુદ્ધ ના અટકે તો પેટ્રોલ-ડીઝલમાં રેશનિંગ પણ આવી શકે


## કરકસરથી વાપરવાની સૂફિયાણી સલાહ આપી દીધી. મોદી સાહેબે વરસ લગી સોનું નહી ખરીદવા સહિતનું જ્ઞાન પણ પિરસેલું. સાહેબે પિરસેલા જ્ઞાનના કારણે નક્કી હતું

અંતે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઈ ગયો ને સાથે સાથે ગુજરાત સહિતનાં ઘણાં રાજ્યોમાં સીએનજીના ભાવ પણ વધી ગયા. શુક્રવારે સવારના પહોરમાં જ ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલ બંનેમાં લિટરે ૩-૩ રૂપિયાનો વધારો કરવાની જાહેરાત કરી નાંખી. તેમાં ટેક્સ ઉમેરો એટલે લગભગ સવા ત્રણ રૂપિયાનો વધારો થયો છે. તેમના કારણે ડીઝલના ભવા લિટરે ૯૦ રૂપિયાને પાર થઈ ગયા છે જ્યારે પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયાની નજીક પહોંચી ગયો છે. હવે બીજો લિટરે બે-ત્રણ રૂપિયાના વધારાનો ઘસરકો મરાય એટલે પેટ્રોલ સો રૂપિયાને પાર થઈ જશે. મહારાષ્ટ્રમાં સીએનજીના ભાવમાં બે દિવસ પહેલાં જ કિલોએ ત્રણ રૂપિયાનો વધારો કરાયેલો. હવે ગુજરાત સહિતનાં રાજ્યોમાં બે રૂપિયાનો વધારો ઝીકાતા સીએનજી પણ મોંઘું થઈ ગયું છે.

પેટ્રોલ-ડીઝલના ભાવમાં થયેલા વધારાથી લોકોને આંચકો નથી લાગ્યો કેમ કે લોકોને ખબર હતી જ કે, ગમે ત્યારે ભાવવધારો આવવાનો જ છે. દેશનાં પાંચ રાજ્યોમાં ચૂંટણી પતશે એટલે તરત પેટ્રોલ-ડીઝલના ભાવ વધી જ જશે એવી અટકળો નરેન્દ્ર મોદી સરકારના ભૂતકાળનાટ્રેક રેકોર્ડના આધારે ચાલતી જ હતી. ભૂતકાળમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા ત્યારે ચૂંટણી હોવાથી ભાવ નહોતા વધારાયા પણ ચૂંટણી પતી કે તરત ભાવવધારો ઝીકાયેલો જ. તેના કારણે લોકોને ખાતરી હતી કે, ગમે ત્યારે ભાવ વધશે જ પણ સરકાર એવું જ કહ્યા કરતી હતી કે, પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે કેમ કે તેના કારણે સામાન્ય લોકો પર બોજ પડશે.

ચૂંટણી પતી ને પરિણામ આવી ગયાં તેના અઠવાડિયા લગી ભાવ ના વધ્યા એટલે લોકોને ભરોસો બેસવા માંડેલો કે, સરકાર આ વખતે બોલીને ફરી નહીં જાય. આ ભરોસો પાકો થાય એ પહેલાં તો મોદી સાહેબે દુનિયા માટે કપરો સમય હોવાનું જાહેર કરીને લોકોને પેટ્રોલ-ડીઝલ

કરકસરથી વાપરવાની સૂફિયાણી સલાહ આપી દીધી. મોદી સાહેબે વરસ લગી સોનું નહી ખરીદવા સહિતનું જ્ઞાન પણ પિરસેલું. સાહેબે પિરસેલા જ્ઞાનના કારણે નક્કી હતું કે, હવે ઓઈલ કંપનીઓનો સંયમ તૂટી ગયો છે અને ગમે ત્યારે ભાવવધારો ઝીકાશે જ. મીડિયા અને સોશ્યલ મીડિયામાં તો આ વખતનો ભાવવધારો તબલાંતોડ હશે એવી વાતો પણ વહેતી થઈ ગયેલી. પેટ્રોલ ને ડીઝલ બંનેમાં લિટરે ૧૦-૧૫ રૂપિયાનો ભાવવધારો આવશે એવા દાવા થવા માંડેલા. પાનના ગલ્લે બેસનારા નિષ્ણાતો તો વળી ૫૦ રૂપિયાનો વધારો થશે ને પેટ્રોલ ૧૫૦ રૂપિયાને પાર થશે એવી વાતો કરતા હતા. આ બધી વાતો જોતાં લિટરે ત્રણ રૂપિયાનો વધારો હળવી ટપલી જેવો છે ને કમ સે કમ અત્યારે તો શૂળીનો ઘા સોયથી ટળ્યો હોય એવું લાગે છે. અલબત્ત ઓઈલ કંપનીઓ ત્રણ રૂપિયાનો ભાવવધારો કરીને સંતોષ માનવાની નથી એ જોતાં પંદરેક દાડા પછી બીજો ડોઝ અપાય એવું બને.જો કે તેમાં ઓઈલ કંપનીઓનો વાંક નથી. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ બંધ નહીં થાય ત્યાં લગી હોર્મુઝ સ્ટ્રેઈટ ખૂલશે નહીં ને ક્રૂડ ઓઈલનો પુરવઠો સામાન્ય નહીં થાય. તેના કારણે આપણે બીજે રસ્તેથી ક્રૂડ ઓઈલ મગાવવું પડશે તેથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધશે. પુરવઠો ખોરવાયો તેના કારણે ક્રૂડ ઓઈલના ભાવ પણ વધ્યા છે. સાઉદી અરેબિયા સહિતના દેશો મોકાનો ફાયદો લઈને ઉત્પાદન પણ ઘટાડીને બેસી ગયા છે. આ બધાં કારણોસર હજુ ક્રૂડના ભાવ વધશે તેથી ઓઈલ કંપનીઓની પડતર ઊંચી જશે. આપણે ત્યાં પેટ્રોલ-ડીઝલ પરનો ટૅક્સ સરકારની આવકનો મોટો સ્રોત છે ને તેમાં પણ હવે ઘટાડો થાય તેમ નથી તેથી લોકોએ હજુ બીજા ભાવવધારા માટે તૈયાર રહેવું પડશે. બાકી તો પેટ્રોલ-ડીઝલમાં રેશનિંગ આવી જાય એવા દિવસો પણ જોવા પડી શકે છે. સ્થિતિ ગંભીર થાય તો પરિવારદીઠ ૫ લિટર જ પેટ્રોલ મળે કે કારદીઠ ૧૦ લિટર ડીઝલ મળે એ પ્રકારનાં નિયંત્રણો પણ લાદવાં પડી શકે છે. ભાવવધારો કે રેશનિંગ ના આવે તેનો એક માત્ર રસ્તો ઈરાન અને અમેરિકા વચ્ચે સમાધાન છે તેથી આ સમાધાન જેમ જલદી થાય એવી પ્રાર્થના પણ કરવી પડશે.આ પ્રાર્થનાનું ફળ ક્યારે મળશે એ ખબર નથી પણ ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે સર્જાયેલી ઊર્જા કટોકટીએ આપણી નબળી વિદેશ નીતિ અને વિઝન વિનાની નેતાગીરીની પોલ ખોલી નાંખી છે. આપણી વિદેશ નીતિ નબળી એ રીતે કહેવાય કે, આપણે ઈરાન પર દબાણ લાવીને કે સારા સંબંધોના જોરે ભારતમાં ક્રૂડનાં જહાજોને હોર્મુઝ સ્ટ્રેઈટમાંથી પસાર થવાની મંજૂરી નથી અપાવી શકતાં. યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધ વખતે યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને બહાર કઢાવવા માટે ભારતે યુદ્ધ રોકાવડાવી દીધું ને વિશ્વગુરુ ભારતની વાત હવે દુનિયામાં બધાંએ માનવી જ પડે છે એવી વાતોનાં વડાં બહુ થયેલાં. આ બહાને મોદી સાહેબનો જયજયકાર કરી દેવાયેલો. હવે હોર્મુઝની ખાડીમાંથી ભારતનાં જહાજ પણ પસાર નથી થતાં ને ક્રૂડ ઓઈલનો પુરવઠો ખોરવાયો છે ત્યારે વિશ્વગુરુનો જાદુ ને પ્રભાવ ગાયબ છે. ઈરાન સાથે એક સમયે આપણે ગાઢ સંબંધો હતા પણ આપણે અમેરિકાના પડખામાં ભરાયા તેમાં આ સંબંધો બગડ્યા. ઈરાને ભારતને છોડીને ચીનને પકડ્યું ને તેના કારણે ઈરાન હવે આપણને ગણકારતું નથી તેમાં પેટ્રોલ-ડીઝલનો ઉપયોગ કરકસરથી કરવાની ને ભાવવધારો કરવાની ફરજ પડી છે. કંઠીધારીઓ તો સોશ્યલ મીડિયા પર હજુય એવી રેકર્ડ વગાડે છે કે, બીજા દેશોમાં પેટ્રોલના ભાવ ૩૦૦ રૂપિયા થઈ ગયા છે જ્યારે આપણે ત્યાં તો હજુય ભાવ ૧૦૦ની અંદર છે. આ બીજા દેશ એટલે કોણ? પાકિસ્તાન ને બાંગ્લાદેશ. જેમની માનસિકતા પોતાના દેશની સરખામણી પાકિસ્તાન ને બાંગ્લાદેશ સાથે કરીને ખુશ થવાની હોય તેમને કશું કહેવાનો મતલબ નથી. આપણી બીજી નિષ્ફળતા પેટ્રોલ-ડીઝલ સહિતના ફ્યુઅલ માટે વિદેશો પરની નિર્ભરતા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આવી ત્યારથી ક્રૂડ ઓઈલનું બિલ ઘટાડવાની વાતો થયા કરે છે પણ બિલ ઘટતું નથી પણ વધતું જ જાય છે. રૂપિયો સતત તૂટતો જ જાય છે ને તેના કારણે ડૉલરની ખરીદી માટે આપણે વધારે ખર્ચ કરવો પડે છે તેમાં પણ આપણે લાંબા થઈ રહ્યા છીએ. આ સ્થિતિ શરમજનક કહેવાય ને તેનું કારણ એ છે કે, આપણે વાતોમાં શૂરા છીએ, કર્મે નહીં. પેટ્રોલ-ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવા માટે નવી ટેકનોલોજી વિકાસવવાની તો આપણી ત્રેવડ નથી જ પણ અસરકારક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ બનાવીને લોકો અંગત વાહનોનો ઉપયોગ ટાળે એવું પણ આપણે કરી શકતા નથી. સરકારી તંત્ર દ્વારા કરાતા પેટ્રોલ-ડીઝલના બેફામ ધુમાડાને પણ આપણે નથી રોકી શકતા ને લોકો એટલા નપાણિયા છે કે, તેની સામે અવાજ ઉઠાવવાની હિંમત નથી. આ સંજોગોમાં ભાવવધારા સહન કર્યા કરવા સિવાય બીજા વિકલ્પ નથી.





# રામાયણઃ વિશ્વભરનાં ૧૦ હજાર એક્સપર્ટ ક્રૂ સાથે કામ કરી રહેલી પહેલી ભારતીય ફિલ્મ

## આ સ્કેલ ભારતીય સિનેમામાં અત્યાર સુધી બહુ ઓછો જોવા મળ્યો છે

રામાયણ ભારતીય સિનેમાના ઈતિહાસમાં સૌથી ચર્ચિત ફિલ્મ પ્રોજેક્ટ્સમાંથી એક બની રહી છે. નમિત મલ્હોત્રા દ્વારા નિર્મિત અને નિતેશ તિવારી દિગ્દર્શિત આ ભવ્ય માઈથોલોજિકલ ફિલ્મને અત્યંત વિશાળ સ્તરે તૈયાર કરવામાં આવી રહી છે, આવો સ્કેલ ભારતીય સિનેમામાં અત્યાર સુધી બહુ ઓછો જોવા મળ્યો છે.

પ્રાઈમ ફોકસ સ્ટુડિયોઝ, ડીએનઈજી અને મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સના સહયોગથી બની રહેલી આ ફિલ્મને બે ભાગમાં વૈશ્વિક સિનેમેટિક ઈવેન્ટ તરીકે રજૂ કરવાનું આયોજન છે. ફિલ્મનો હેતુ ભારતીય વાર્તા પરંપરાને આંતરરાષ્ટ્રીય સ્તરની ટેક્નોલોજી અને વિઝ્યુઅલ સ્પેક્ટેકલ સાથે જોડવાનો છે.

મેકર્સના જણાવ્યા અનુસાર, ફિલ્મ સાથે વિશ્વભરના ૧૦,૦૦૦થી વધુ ક્રૂ સભ્યો જોડાયા છે, જેના કારણે આ ભારતીય ફિલ્મ ઈતિહાસની સૌથી મોટું ક્રૂ ધરાવતી ફિલ્મ બની ગઈ છે. આ વિશાળ ટીમમાં પ્રોડક્શન ડિઝાઈન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, એક્શન કોરિયોગ્રાફી, કોસ્ટ્યુમ ડિપાર્ટમેન્ટ અને અનેક ટેક્નિકલ વિભાગોના નિષ્ણાતો સામેલ છે, જે ફિલ્મના વિશાળ વિશ્વને જીવંત બનાવવામાં કાર્યરત છે.

ફિલ્મ માટે આંતરરાષ્ટ્રીય સ્તરના ટેક્નિશિયન અને સ્પેશિયલિસ્ટ્સને પણ જોડવામાં આવ્યા છે જેથી ફિલ્મ વૈશ્વિક સિનેમાના ધોરણો સુધી પહોંચી શકે. વિશાળ સેટ નિર્માણથી લઈને અદ્યતન વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને વર્લ્ડ-બિલ્ડિંગ સુધી, સમગ્ર પ્રોડક્શનને એક ઐતિહાસિક સિનેમેટિક અનુભવ તરીકે તૈયાર કરવામાં આવી રહ્યું છે.

ભારતીય સિનેમાએ અગાઉ પણ પૌરાણિક અને ઐતિહાસિક વિષયો પર ભવ્ય ફિલ્મો આપી છે, પરંતુ રામાયણને એવી ફિલ્મ તરીકે તૈયાર કરવામાં આવી રહી છે જે આધુનિક દર્શકો માટે પૌરાણિક કથાઓને રજુ કરવાની રીતને નવી ઓળખ આપી શકે.

ફિલ્મનું સૌથી મોટું આકર્ષણ ઓસ્કાર વિજેતા વીએફએક્સ કંપની ડીએનઈજી સાથેનો સહયોગ છે. આ કંપનીએ અગાઉ અનેક આંતરરાષ્ટ્રીય પ્રશંસિત પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે અને હવે રામાયણને વૈશ્વિક સ્તરની વિઝ્યુઅલ ક્વોલિટી આપવા મહત્વની ભૂમિકા ભજવશે.

ફિલ્મને વિશ્વભરમાં આઈમેક્સ ફોર્મેટમાં રિલીઝ કરવાનું પણ આયોજન છે, જે મેકર્સના આંતરરાષ્ટ્રીય સ્તરના વિઝનને વધુ મજબૂત બનાવે છે. કાસ્ટિંગ, વિઝ્યુઅલ ટ્રીટમેન્ટ અને સ્ટોરીટેલિંગ અંગે દર્શકોમાં પહેલેથી જ ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે, પરંતુ ફિલ્મનું ભવ્ય પ્રોડક્શન સ્કેલ જ ચર્ચાનો વિષય બની ગયો છે. નમિત મલ્હોત્રાના પ્રાઈમ ફોકસ સ્ટુડિયોઝ, આઠ વખત ઓસ્કાર વિજેતા ડીએનઈજી અને યશની મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સ દ્વારા નિર્મિત રામાયણ બે ભાગમાં વિશ્વભરમાં રિલીઝ થશે. ફિલ્મનો પહેલો ભાગ દિવાળી ૨૦૨૬માં જ્યારે બીજો ભાગ દિવાળી ૨૦૨૭માં સિનેમાઘરોમાં રિલીઝ થશે.



# લક્ષ્ય-અનન્યા પાંડે સ્ટારર 'ચાંદ મેરા દિલ'માંથી કિસિંગ સીન સેન્સર કરાયો

આ અઠવાડિયે લક્ષ્ય અને અનન્યા પાંડે અભિનીત 'ચાંદ મેરા દિલ' રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મ તેના ટાઈટલ ટ્રેકની લોકપ્રિયતા, રસપ્રદ ટ્રેઈલર, મુખ્ય કલાકારોની કેમિસ્ટ્રી અને હાલ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ રહેલા ઈન્ટેન્સ રોમાન્સ જૉનરને કારણે ચર્ચામાં આવી છે. નિર્માતા ધર્મા પ્રોડક્શન્સે સેન્સર પ્રક્રિયા સમય પહેલાં પૂર્ણ કરી દીધી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) એ 'ચાંદ મેરા દિલ'નેં/છ ૧૬+ સર્ટિફિકેટ સાથે પાસ કરી છે. જોકે, નિર્માતાઓને બે ફેરફારો જણાવવામાં આવ્યા હતા. પહેલું, ૧૦ સેકન્ડના કિસિંગ વિઝ્યુઅલ્સ કાઢી તેની જગ્યાએ યોગ્ય શોટ્સ મુકવા કહેવામાં આવ્યું. બીજું, ૧ મિનિટ અને ૨૬ સેકન્ડના 'લિપ-લોક કિસિંગ વિઝ્યુઅલ્સ' દૂર કરવા જણાવાયું. એટલે કે, સીબીએફસી એ ફિલ્મમાંથી કુલ ૯૬ સેકન્ડ અથવા ૧ મિનિટ અને ૩૬ સેકન્ડના કિસિંગ શોટ્સ સેન્સર કર્યા છે. ઉપરાંત, ફિલ્મમાં કામ કરનારા તમામ બાળ કલાકારો માટે સંમતિપત્ર સબમિટ કરવા પણ જણાવાયું હતું.

ફેરફારો કર્યા બાદ સીબીએફસીએ ૮ મેના રોજ સેન્સર સર્ટિફિકેટ જાહેર કર્યું હતું. સર્ટિફિકેટ મુજબ ફિલ્મની લંબાઈ ૧૩૫.૩૬ મિનિટ છે. એટલે કે, 'ચાંદ મેરા દિલ' ૨ કલાક, ૧૫ મિનિટ અને ૩૬ સેકન્ડ લાંબી છે.

'ચાંદ મેરા દિલ'નું એડવાન્સ બૂકિંગ સોમવાર, ૧૮ મેથી શરૂ થવાની અપેક્ષા છે. ફિલ્મનું ડિરેક્શન વિવેક સોનીએ કર્યું છે, જેમણે અગાઉ 'મીનાક્ષી સુંદરેશ્વર' (૨૦૨૧) અને 'આપ જેસા કોઈ' (૨૦૨૫) જેવી ફિલ્મો બનાવી છે. ફિલ્મના નિર્માતાઓમાં હિરૂ યશ જોહર, કરણ જોહર, અદાર પૂનાવાલા, અપૂર્વ મહેતા, સોમેન મિશ્રા અને મેરાઈક ડી'સૂઝાનો સમાવેશ થાય છે. આ ફિલ્મ માટે ૨૨ મેના રોજ, સાંજે ૫:૦૦ વાગ્યા પહેલાંના તમામ શોઝ માટે ટિકિટ ફક્ત ૧૪૯ રૂપિયામાં ઉપલબ્ધ રહેશે. સાંજે ૫:૦૦ વાગ્યા પછી ટિકિટનો ભાવ ૧૯૯ રૂપિયા રહેશે.



# "કોઈ એલિમની નથી, કોઈ વિવાદ નથી, કોઈ ત્રીજી વ્યક્તિ સામેલ નથી" : સુરજની સ્પષ્ટતા

## સુરજ નામ્બિયારે મૌની સાથે ડિવોર્સ બાબતે તેમની પ્રાઈવસીનું માન રાખવાની અપીલ કરી

મૌની રોય અને ઉદ્યોગપતિ સુરજ નમ્બિયાર ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યાં છે, કારણ કે તેમનાં તાજેતરના ડિવોર્સની જાહેરાત બાદ ચર્ચાઓ તેજ બની છે. એક અઠવાડિયા પહેલા ઈન્સ્ટાગ્રામ પર સંયુક્ત નિવેદન દ્વારા અલગ થવાની જાહેરાત કર્યા પછી, સુરજે હવે તેમનાં લગ્નજીવનના અંત અંગે ચાલી રહેલી અટકળો પર સ્પષ્ટતા કરી છે અને એલિમની, ઝઘડા તથા ત્રીજી વ્યક્તિને લઈને ચાલી રહેલી અફવાઓને સખત શબ્દોમાં નકારી કાઢી છે.

ઈન્સ્ટાગ્રામ પર સુરજે એક લાંબું નિવેદન શેર કર્યું, જેમાં અનેક અહેવાલોને "પાયાવિહોણા" અને "બદઈરાદા"થી લખાયેલા ગણાવ્યા છે. આ પોસ્ટને બાદમાં મૌની રોયે પણ પોતાની સોશિયલ મીડિયા સ્ટોરી પર ફરીથી શેર કરી હતી, જે દર્શાવે છે કે બંને ભૂતપૂર્વ દંપતી આ સમગ્ર મુદ્દે એકમત છે. પોતાનાં નિવેદનમાં સુરજે લખ્યું, "અમારા ડિવોર્સને લઈને તાજેતરમાં જે પાયાવિહોણા અહેવાલો પ્રસિદ્ધ થયા છે, તે અત્યંત ખરાબ અને બદઈરાદાથી લખાયેલા છે. હું એક વખત માટે બધું સ્પષ્ટ કરી દઉં. કોઈ એલિમની નથી. કોઈ વિવાદ નથી. કોઈ ત્રીજી વ્યક્તિ સામેલ નથી."તેણે આગળ સ્પષ્ટતા કરી કે અલગ થવાનો નિર્ણય પરસ્પર સન્માન અને સમજદારીથી લેવામાં આવ્યો હતો. "મૌની અને મેં પરસ્પર સન્માન સાથે અને એકબીજાનાં ભવિષ્યને ધ્યાનમાં રાખીને અલગ થવાનો નિર્ણય લીધો છે. એ જ સત્ય છે. બાકી જે કંઈ પણ લખાઈ રહ્યું છે તે કાલ્પનિક છે અને કેટલાક કેસમાં બે એવા લોકોને બદનામ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ છે, જેઓ ફક્ત ઈચ્છે છે કે તેમને એકલાં છોડી દેવામાં આવે."મિત્રો અને કથિત ત્રીજી વ્યક્તિઓને લઈને ચાલી રહેલી ચર્ચાઓ પર પ્રતિક્રિયા આપતા સુરજે લખ્યું, "હું આ વાત સ્પષ્ટ રીતે અને છેલ્લી વખત કહેવા માંગું છું કે અમારા વિશે કે કોઈ ત્રીજી વ્યક્તિ વિશે જે દાવા કરવામાં આવી રહ્યા છે તેમાં કોઈ સત્ય નથી. નિર્દોષ મિત્રોને આ મામલામાં ખેંચવાં યોગ્ય નથી. ખાસ કરીને એવા મિત્રો, જેઓનો આ બધા સાથે કોઈ સંબંધ નથી. મૌની અને મેં આ સમયગાળા દરમિયાન ગૌરવ અને સન્માન સાથે વર્તન કર્યું છે અને અમને અપેક્ષા છે કે અહેવાલ આપનારાઓ પણ અમારાં પ્રત્યે એ જ ગૌરવ જાળવી રાખશે."બેદરકાર રિપોર્ટિંગની ટીકા કરતા સુરજે ઉમેર્યું, "કેટલાક મીડિયા હાઉસે એવી વાર્તાઓ ઘડી કાઢી છે જેમાં કોઈ તથ્ય નથી. કોઈપણ ચકાસણી વગર આવા અહેવાલો પ્રકાશિત કરાયા છે, જે અત્યંત અયોગ્ય છે. હું આ વાતને ખુલ્લેઆમ કહી રહ્યો છું, કારણ કે જાણી જોઈને ફેલાવવામાં આવતી ખોટી માહિતી સામે મૌન રહેવું મને સ્વીકાર્ય નથી." અંતમાં તેણે લોકોને તેમના સંયુક્ત નિવેદનનું માન રાખવાની વિનંતી કરી. "અમારા સંયુક્ત નિવેદનમાં જે કહેવું હતું તે બધું કહી દેવામાં આવ્યું છે. હું સૌને વિનંતી કરું છું કે તેનું માન રાખો અને અમને બંનેને શાંતિથી આગળ વધવા માટે સમય આપો. આભાર." મૌની રોય અને સુરજ નમ્બિયારે જાન્યુઆરી ૨૦૨૨માં ગોવામાં નજીકના મિત્રો અને પરિવારજનોની હાજરીમાં લગ્ન કર્યાં હતાં.

# શાહરુખની કિંગ સાથે ટક્કર ટાળવા અનીતની શક્તિ શાલિની ડિલે થઈ શકે

## અનીત પડ્ડાની શક્તિ શાલિની હવે ૨૦૨૭માં રિલીઝ થઈ શકે છે



અનીત પડ્ડાની આગામી ફિલ્મ શક્તિ શાલિનીહવે ૨૦૨૭ સુધી મુલતવી રહી શકે છે તેવી ચર્ચાઓ તેજ બની છે. અહેવાલો મુજબ, ફિલ્મના નિર્માતાઓ શાહરુખ ખાનની બહુચર્ચિત ફિલ્મ કિંગ સાથે સીધી બોક્સ ઓફિસ ટક્કર ટાળવા માટે નવી રિલીઝ તારીખ પર વિચાર કરી રહ્યા છે.

શક્તિ શાલિની મેડોક ફિલ્મ્સના વધતા હોરર કોમેડી યુનિવર્સનો ભાગ છે, આ ફિલ્મ શરૂઆતમાં ૨૪ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની હતી, એ જ દિવસે કિંગ પણ થિયેટરમાં આવવાની છે. બંને મોટી ફિલ્મો વચ્ચેની સંભવિત ટક્કરે ફિલ્મપ્રેમીઓ અને ટ્રેડ સર્કલમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો.

પરંતુ હવે આવતા અહેવાલો અનુસાર, શક્તિ શાલિનીની ટીમ ફિલ્મને ૨૦૨૭ની શરૂઆતમાં રિલીઝ કરવાની શક્યતા પર વિચાર કરી રહી છે. હાલમાં ફિલ્મનું આઉટડોર શૂટિંગ મે મહિના સુધી ચાલવાનું છે અને ત્યારબાદ ટીમ વિશાળ વીએફએક્સ તથા પોસ્ટ-પ્રોડક્શનનું કામ શરૂ કરશે.

પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક સુત્રએ જણાવ્યું હતું કે, "ટીમ ફિલ્મને સંપુર્ણ રીતે પુરી કરવા અને વીએફએક્સ માટે પુરતો સમય આપવા ઈચ્છે છે. જો બધું યોજના મુજબ ચાલશે તો જાન્યુઆરી ૨૦૨૭ની રિલીઝ પર વિચાર થઈ શકે છે." હાલ સુધી ફિલ્મના નિર્માતાઓએ રિલીઝ મુલતવી રાખવા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. તેમ છતાં, ટ્રેડ નિષ્ણાતો આ પગલાને વ્યૂહાત્મક નિર્ણય તરીકે જોઈ રહ્યા છે, કારણ કે સોલો રિલીઝ ફિલ્મને વધુ લાંબો અને મજબૂત થિયેટ્રિકલ રન આપી શકે છે.હવે દર્શકો શક્તિ શાલિનીની અંતિમ રિલીઝ તારીખ અંગે સત્તાવાર જાહેરાતની રાહ જોઈ રહ્યાં છે.

# ગાળના આધારે આગળ વધવાની કોશિશ ન કરો : શેખર

શેખર સુમન મુંબઈમાં પોતાના ટોક શો 'શેખર ટોનાઈટ'ના લોન્ચ પ્રસંગે હાજર રહ્યા હતા. આ ઈવેન્ટમાં તેનો પુત્ર અને શોનો ક્રિએટર અધ્યયન સુમન તથા પ્રોડ્યુસર ધર્મેશ સંગાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. શેખરના ટીવી શોઝ હંમેશાં યાદગાર રહ્યા છે અને તેમણે તેના વિશે વાત કરી. સાથે જ આજકાલના યુવાનો કન્ટેન્ટ વેચવા અને હાસ્ય ઊભું કરવા માટે ગાળોનો સહારો લેતા હોવાના ટ્રેન્ડ પર પણ ખુલીને પોતાની વાત મુકી હતી.તેમણે કહ્યું, "અગાઉ આપણે ગાળો વગર પણ જીવન જીવી રહ્યા હતા. સારી અને સાફ-સુથરી ફિલ્મો અને શોઝ બનતા હતા. આજની પેઢી, જેને જેન ઝી પણ કહેવામાં આવે છે, ખૂબ સારું કામ કરી રહી છે. પરંતુ તેમને લાગે છે કે ગાળો આપવી ફરજિયાત છે. તેમને લાગે છે કે ગાળો આપવી કૂલ છે. કદાચ તેમના માટે એ મજા, કંઈક નવું અને બળવાખોર પ્રકારની વાત હશે."

શેખરે આગળ કહ્યું, "પણ હું તેમને કહેવા માગું છું કે ગાળો વગર પણ તેમનું કન્ટેન્ટ ખૂબ સારું છે. તો તેઓ ગાળોની બૈસાખીઓ પર ચાલવાની કોશિશ ન કરે. તેમણે આપણી સંસ્કૃતિની મર્યાદાઓ પાર કરવાની કોશિશ ન કરવી જોઈએ. ઉપરાંત, જ્યારે તેઓ ગાળો આપે છે ત્યારે પ્રેક્ષકો પણ તેમને સપોર્ટ કરે છે. જ્યારે તેઓ ઈમાનદારીથી વાત કરશે અને સ્વચ્છ ભાષાનો ઉપયોગ કરશે, ત્યારે તેમને પોતાના દિલમાં હળવાશ અને સંતોષ અનુભવાશે."

નિતિન ગડકરી તેમના શોમાં મહેમાન તરીકે જોવા મળશે. તેમણે સંકેત આપ્યો કે તેઓ એક ઓટો રિક્ષા ડ્રાઈવરને પણ મહેમાન તરીકે આમંત્રિત કરી શકે છે.

# અફઘાનિસ્તાન સામેની સિરીઝમાં બુમરાહના વર્કલોડ પર ધ્યાન અપાશે

## આજે ભારતીય ટીમની જાહેરાત, રોહિત શર્માની ફિટનેસ પર પણ પસંદગીકારો વિચારણા કરશે

આઈપીએલની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટ બાદ ભારતીય ટીમ થોડા જ દિવસોમાં પ્રવાસી અફઘાનિસ્તાન સામે ટેસ્ટ અને વન-ડે સિરીઝ રમનારી છે અને તે માટેની ટીમની પસંદગી મંગળવારે થશે ત્યારે પસંદગીકારો ઝડપી બોલર જસપ્રિત બુમરાહના વર્કલોડ અને રોહિત શર્માની ફિટનેસ પર ખાસ ધ્યાન આપશે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની એક માત્ર ટેસ્ટ છઠ્ઠી જૂનથી ન્યૂ ચંદીગઢના મુલ્લાનપુર ખાતે રમાશે અને ત્યારે બાદ બંને ટીમ વચ્ચે ત્રણ મેચની વન-ડે સિરીઝ રમાશે. આ માટેની ભારતીય ટીમની જાહેરાત મંગળવારે કરવામાં આવશે.આમ આઈપીએલ અને અફઘાનિસ્તાન વચ્ચેની સિરીઝ વચ્ચે ખાસ સમય રહેતો નથી. આઈપીએલની ફાઈનલ ૩૧મી મેએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે અને ત્યાર બાદ છઠ્ઠી જૂનથી ટેસ્ટ મેચનો પ્રારંભ થશે. વન-ડે સિરીઝની ત્રણ મેચ ધરમશાલા, લખનૌ અને ચેન્નાઈ ખાતે અનુક્રમે ૧૪, ૧૭ અને ૨૦મી જૂને રમાશે.એવી શક્યતા ઘણી ઓછી છે કે જસપ્રિત બુમરાહને બંને ફોર્મેટ માટેની ટીમમાં સ્થાન મળે. હાલમાં તેને વન-ડે ટીમમાં સ્થાન આપવાની પસંદગી સમિતિ ઉતાવળ કરવા ઈચ્છશે નહી કેમ કે આગામી આઈસીસી વન-ડે વર્લ્ડ કપને હજી ઘણી વાર છે. વન-ડે વર્લ્ડ કપ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૭માં સાઉથ આફ્રિકામાં યોજાનારો છે.રોહિત શર્મા હાલમાં સંપૂર્ણ ફિટ નથી. તે વર્તમાન આઈપીએલમાં ઈજાને કારણે ઘણી મેચ રમી શક્યો ન હતો. તે ૧૨મી એપ્રિલે વાનખેડે ખાતે બેંગલોર સામે રમ્યો ત્યાર બાદ ચોથી મેએ લખનૌ સામે રમવા પરત આવ્યો હતો. છેલ્લી કેટલીક મેચમાં તે માત્ર ઈમ્પેક્ટ પ્લેયર તરીકે બેટિંગમાં જ મેદાનમાં ઉતરતો જોવા મળ્યો છે જેમાં તેણે ૮૪, ૨૨ અને ૨૫ રનના સ્કોર નોંધાવ્યા છે. હવે પસંદગીકારો જ રોહિત ૧૦૦ ટકા ફિટ હશે તો જ ટીમમાં સ્થાન આપશે તેમ શક્યતા છે. ટેસ્ટ અને ટીર૦માંથી નિવૃત્ત થયા બાદ રોહિત શર્મા હવે માત્ર વન-ડે ઈન્ટરનેશનલમાં જ રમી રહ્યો છે. આ ઉપરાંત



સુપર સ્ટાર વિરાટ કોહલી પણ હવે માત્ર વન-ડે ફોર્મેટમાં જ રમી રહ્યો છે અને મંગળવારે જાહેર થનારી ટીમમાં તેનો પ્રવેશ લગભગ નિશ્ચિત છે. કોહલીએ વર્તમાન આઈપીએલમાં શાનદાર ફોર્મ દાખવ્યું છે અને છેલ્લે તે ભારતીય ટીમમાં જાન્યુઆરી ૨૦૨૬માં ન્યૂઝીલેન્ડ સામે વન-ડે રમ્યો ત્યારે ન્યૂઝીલેન્ડ સામે તેણે ત્રણ મેચમાં ૯૩, ૨૩ અને ૧૨૪ રનની ઈનિંગ્સ રમી હતી. અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચ ભારત માટે મહત્વની બની રહેશે કેમ કે તાજેતરના ગાળામાં ભારતને તેના ઘરઆંગણે પણ ટેસ્ટ સિરીઝમાં તકલીફ પડેલી હતી.

# ચેન્નાઈ સામેના વિજયથી હૈદરાબાદ-ગુજરાત ક્વોલિફાઈ

## ચેન્નાઈ સુપર કિંગ્સ સામે હૈદરાબાદનો પાંચ વિકેટે વિજય : કિશનના ૭૦, RCB,GT,SRH પ્લેઓફમાં

ઈશાન કિશનની શાનદાર અડધી સદી અને કેપ્ટન પેટ કમિન્સની વેધક બોલિંગની સહાયથી સનરાઈઝર્સ હૈદરાબાદે સોમવારે રમાયેલી આઈપીએલની ટીર૦ ક્રિકેટ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે પાંચ વિકેટે મજબૂત વિજય હાંસલ કર્યો હતો. આ સાથે હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન્સ પ્લે ઓફમાં પ્રવેશી ગયા છે. જ્યારે ચેન્નાઈને બાકી રહેલી મેચ જીતવા છતાં અન્ય ટીમના પરિણામો પર આધાર રાખવો પડે તેવી સ્થિતિ આવી ગઈ છે અને તેમાં પણ તે આગળ વધી શકે તેવી શક્યતા નહિવત છે.



અહીંના ચેપોક ખાતે રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ૧૯ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૧ રન કર્યા હતા.

૧૮૧ રનના ટારગેટ સામે રમતી હૈદરાબાદની ટીમ માટે ઈશાન કિશને શાનદાર અડધી સદી ફટકારી હતી. તેણે ૪૭ બોલમાં ત્રણ સિક્સર અને સાત ચોગ્ગા ફટકાર્યા હતા. હેનરિક ક્લાસેને તેને સહયોગ આપતાં ૨૬ બોલમાં બે સિક્સર સાથે ૪૭ રન ફટકાર્યા હતા.

અગાઉ સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે પોતાની ગતિ અને લાઈન-લેન્થ પર અસાધારણ નિયંત્રણ દર્શાવીને ત્રણ મહત્વની વિકેટો ઝડપી ચેન્નાઈની રનગતિ પર અંકુશ મેળવ્યો હતો. જોકે ચેન્નાઈએ બેટર્સના સામૂહિક પ્રદર્શનના જોરે હોમ ગ્રાઉન્ડ પર ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૦ રનનો પડકારજનક સ્કોર નોંધાવ્યો હતો.

ચેન્નાઈ માટે સંજુ સેમસને તોફાની શરૂઆત કરી હતી. નિતિશ રેડ્ડીની પ્રથમ ઓવરમાં જ ૧૭ રન ફટકાર્યા હતા. બ્રેવિસે ફોર્મ પરત મેળવીને ૨૭ બોલમાં ૪૪ રનની ઈનિંગ્સ સાથે આ સિઝનનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો હતો. જોકે સામે પક્ષે પેટ કમિન્સે ચાર ઓવરમાં ૨૮ રન આપીને ત્રણ મહત્વની વિકેટો ઝડપી હતી.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નાઈ સુપર કિંગ્સને ઓપનર સંજુ સેમસને વિસ્ફોટક શરૂઆત અપાવી હતી. સેમસને ઈનિંગ્સની પ્રથમ ઓવરમાં જ નિતિશ કુમાર રેડ્ડી પર આક્રમણ કરતા એક સિક્સર અને બે ચોગ્ગાની મદદથી ૧૭ રન ફટકાર્યા હતા. ત્યારબાદ પ્રફુલ હિંગેની ઓવરમાં પણ તેણે ચોગ્ગાની હેટ્રિક ફટકારી હૈદરાબાદના કેમ્પમાં ચિંતા જગાવી દીધી હતી. જોકે, હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે ત્રીજી ઓવરમાં બોલિંગમાં આવીને ટીમને મેચમાં પરત લાવવાનો પ્રયાસ કર્યો હતો. અન્ય બેટર્સમાં ઉર્વિલ પટેલે કમિન્સને સતત બે સિક્સર ફટકારી પોતાની ક્ષમતા બતાવી હતી, પરંતુ શાકીબ હુસૈનના શાનદાર સ્લોઅર બોલ પર તે બોલ્ડ થયો હતો.બે વિકેટ વહેલી પડી ગયા બાદ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને યુવા બેટ્સમેન કાર્તિક શર્માએ ત્રીજી વિકેટ માટે ૪૨ રનની ભાગીદારી કરીને ઈનિંગ્સને સંભાળી હતી. કાર્તિક શર્માએ ૧૯ બોલમાં ૩૨ રનની આકર્ષક ઈનિંગ્સ રમી હતી.

# આજે લખનૌ સામે રાજસ્થાન રોયલ્સે જીતવું અનિવાર્ય, બેટિંગ પર આધાર



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં પ્લે ઓફની રેસ હજી જીવંત છે અને પોતાની આશા માત્ર એક પાતળા તાંતણે ટકેલી હોવાને કારણે રાજસ્થાન રોયલ્સ મંગળવારે અહી લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે ત્યારે તેના માટે જીતવું અનિવાર્ય બની જશે. ટુર્નામેન્ટમાં પોતાની તકો જીવંત રાખવા માટે રાજસ્થાને આ મેચમાં દરેક વિભાગમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. બીજી તરફ લખનૌની ટીમ પ્લે ઓફની રેસમાંથી અગાઉથી જ બહાર થઈ ચૂકી છે જેથી તેઓ કોઈ પણ દબાણ વિના

હાઈ-સ્કોરિંગ ગણાતા સવાઈ માનસિંઘ સ્ટેડિયમ એટલે કે પોતાના હોમગ્રાઉન્ડ પર રાજસ્થાન રોયલ્સ આ સિઝનમાં હજી સુધી એક પણ મેચ જીતી શકી નથી. હવે પોતાના ઘરઆંગણે આ અંતિમ મેચ ‘કરો અથવા મરો’ સમાન બની ગઈ છે. આ મેચ બાદ રાજસ્થાનની છેલ્લી મેચ પણ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ચૂકેલી મુંબઈ ઈન્ડિયન્સ સામે છે જે તેમના માટે પ્લેઓફમાં પહોંચવા માટે નિર્ણાયક સાબિત થશે.

છેલ્લે દિલ્હીમાં રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે દિલ્હી કેપિટલ્સ સામે વધુ સારો સ્કોર કરીને જીત મેળવવાની જરૂર હતી પરંતુ લોઅર ઓર્ડરના ધબડકાને કારણે તેઓ મેચ હારી ગયા હતા. તે મેચમાં ટીમનું ફિલ્ડિંગ અને બોલિંગ પ્રદર્શન પણ ઘણું સાધારણ રહ્યું હતું. ટીમ ઓપનિંગમાં ૧૫ વર્ષીય સ્ટાર વૈભવ સૂર્યવંશીની ધમાકેદાર શરૂઆત પર ખૂબ નિર્ભર રહી છે પરંતુ તેને બીજા છેડેથી યશસ્વી જયસ્વાલ તરફથી પૂરતો સાથ મળી રહ્યો નથી. મધ્યક્રમમાં ધ્રુવ જુરેલે કેટલીક શાનદાર ઈનિંગ્સ રમી છે પરંતુ છેલ્લી મેચમાં સતત વિકેટો પડવાને કારણે તે પણ મુક્તપણે રમી શક્યો ન હતો.

કેપ્ટન રિયાન પરાગ સિઝનના પ્રારંભિક તબક્કામાં અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા ન હતો પરંતુ તાજેતરની મેચોમાં તેમણે લય પકડી છે. જોકે, તે હેમસ્ટ્રિંગની ઈજાથી પરેશાન છે. દિલ્હી સામેની હાર બાદ પરાગે ટીમ પ્રત્યે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તેણે સ્વીકાર્યું હતું કે, “જો આપણે આ જ રીતે નબળી ફિલ્ડિંગ અને રમત રમીશું, તો આપણે ટોપ-૪માં સ્થાન મેળવવાના હકદાર નથી. અમારું ભાગ્ય હવે અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર છે, જે રીતે નેતૃત્વ કરવું મને બિલકુલ પસંદ નથી. જો અમે ક્વોલિફાઈ નહી થઈએ તો તે માત્ર અમારી જ ભૂલ હશે.”

બીજી તરફ પોતાની આંતરિક સમસ્યાઓથી ઘેરાયેલી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૫મીએ મળેલા શાનદાર વિજય બાદ ઉત્સાહમાં છે.

# ક્ષમતા મુજબ રમે તો રોયલ્સ કોઈને પણ હરાવી શકે છેઃ રાઠોર

આઈપીએલની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મંગળવારે રાજસ્થાન રોયલ્સની ટીમ લખનૌ સામે રમવાની છે ત્યારે તેને આ મેચ જીતવી અનિવાર્ય છે. આ સંજોગોમાં ટીમના બેટિંગ કોચ વિક્રમ રાઠોરને અપેક્ષા છે કે તેની ટીમ પ્લે ઓફની રેસમાં ટકી રહેશે. મેચની પૂર્વસંધ્યાએ ટીમના કોચ વિક્રમ રાઠોરે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું કે તેમની ટીમ લીગ તબક્કાની બાકીની બંને મેચો જીતીને હજી પણ આ લીગમાં પ્લે-ઓફ માટે ક્વોલિફાઈ કરી શકે છે. તેમણે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જો ટીમ પોતાની સંપૂર્ણ ક્ષમતા મુજબ રમશે તો તે ટુર્નામેન્ટમાં કોઈ પણ હરીફ ટીમને પરાસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.હાલમાં રાજસ્થાન રોયલ્સ ૧૨ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. પ્લે-ઓફની રેસમાં જીવંત રહેવા માટે રોયલ્સનો સામનો મંગળવારે પોતાના હોમગ્રાઉન્ડ ખાતે લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે. ત્યારબાદ ટીમ પોતાની અંતિમ લીગ મેચ રમવા માટે મુંબઈ




પ્રસ્થાન કરશે જ્યાં ૨૪મીએ તેમનો સામનો મુંબઈ ઈન્ડિયન્સ સામે થશે. આમ રોયલ્સને તેની બાકીની બે મેચ એવી ટીમ સામે રમવાની છે જે અગાઉથી જ પ્લે ઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે.

રાઠોરે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે “અમે દરેક મેચ જીતવાના પ્લાનિંગ સાથે જ મેદાનમાં ઉતરીએ છીએ. એવું નથી કે અમે જીતવા માટે છેલ્લી બે મેચની જ રાહ જોઈ રહ્યા હતા. અમારા માટે દરેક મેચ મહત્વની છે અને અમે જીતવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છીએ.”તેમણે વધુમાં જણાવ્યું હતું કે “હાલ પરિસ્થિતિ એવી છે કે અમારે બંને મેચ જીતવી જ પડશે. અમારો એવો અડગ વિશ્વાસ છે કે જો અમે અમારી ક્ષમતા અનુસાર રમીશું તો અમે કોઈ પણ ટીમને હરાવી શકીએ છીએ.

# એલિના સ્વિતોલિના ઇટાલિયન ઓપનમાં ચેમ્પિયન

## ફાઇનલમાં કોકો ગોફ સામે ૬-૪,૬-૭(૩),૬-૨થી જીત મેળવી

ઈટાલિયન ઓપનની ફાઈનલમાં કોકો ગોફને ૬-૪,૬-૭(૩),૬-૨થી પરાજય આપી યુક્રેનની ટેનિસ સ્ટાર ક્રમાંકિત કોકો ગોફને ઈટાલિયન ઓપનનું ત્રીજું અને કારકિર્દીનું ૨૦મું ટાઈટલ જીત્યું હતું.



એલિના સ્વિતોલિના ચેમ્પિયન બની હતી. ૨ કલાક ૪૯ મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં સાતમી ક્રમાંકિત સ્વિતોલિનાએ ત્રીજી સ્વિતોલિના આ પહેલાં ઈટાલિયન ઓપનમાં વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં ચેમ્પિયન બની હતી. ફાઈનલ મેચના પ્રથમ સેટમાં કોકો ગોફે સારી શરૂઆત કરતાં ૪-૨ની લીડ મેળવી લીધી હતી પરંતુ આઠમી ગેમમાં ગોફના બે ડબલ ફોલ્ટને કારણે સ્વિતોલિનાએ મેચમાં વાપસી કરી પ્રથમ સેટ ૬-૪થી જીતી લીધો હતો. બીજા સેટમાં બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર સંઘર્ષ જોવા મળ્યો હતો. જેને કારણે બીજો સેટ ટાઈબ્રેક સુધી પહોંચી ગયો હતો. બંને ખેલાડીઓ ૬-૬ની બરાબરી પર હતી ત્યારે ટાઈ બ્રેકમાં અમેરિકન ખેલાડી કોકો ગોફે શાનદાર રમત દર્શાવી (૭-૩)થી બીજો સેટ જીતતમાં મેચ ત્રીજા અને નિર્ણાયક સેટમાં પહોંચી હતી. ત્રીજા સેટમાં સ્વિતોલિના અને કોકો ગોફ વચ્ચે શરૂઆતમાં ટક્કર જોવા મળી જેમાં બંને એક સમયે ૨-૨ની બરાબરી પર હતી. તે પછી સ્વિતોલિનાએ પાંચમી અને સાતમી ગેમમાં બ્રેક મેળવી મેચમાં પકડ મજબૂત બનાવતાં બાકીના ચાર પોઈન્ટ જીતી મેચ ૬-૨થી જીતી લઈ ચેમ્પિયન બની હતી.

# શહેરમાં ચોથી ગુજરાત ઇન્ટરનેશનલ ગ્રાન્ડ માસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ યોજાશે

ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (આઆઈસીએફ)ના નેજા હાઠળ ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનના ઉપક્રમે પહેલીથી આઠમી જૂન દરમિયાન અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે ૫૦ લાખ રૂપિયાની ઈનામી રકમ ધરાવતી ચોથી ગુજરાત ઈન્ટરનેશનલ ઓપન ગ્રાન્ડ માસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ ૨૦૨૬નું આયોજન કરાશે. આ સાથે ઈન્ડિયન ચેસ સરકિટમાં સળંગ ત્રણ મેગા ચેસ ઈવેન્ટ યોજાશે જેમાં કુલ મળીને ૨.૪૧ કરોડ રૂપિયાના પુરસ્કારો એનાયત કરાશે. ૨૩મી મેથી ભુવનેશ્વરમાં ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલ યોજાશે જેની ઈનામી રકમ ૧.૩૧ કરોડ રૂપિયાની છે જ્યારે પહેલી જૂનથી અમદાવાદમાં ૫૦ લાખ રૂપિયાની ઈનામી રકમ ધરાવતી ટુર્નામેન્ટ અને ત્યાર બાદ દસમી જૂનથી મહારાષ્ટ્રમાં ૩૬૦ વન ગ્લોબલ ચેસ ફેસ્ટિવલ યોજાશે જેમાં ૬૦ લાખ રૂપિયાના પુરસ્કાર એનાયત થશે. આમ ભારતીય ચેસ સરકિટમાં ૨.૪૧ કરોડના ઈનામી પુલ સાથે નવો વૈશ્વિક બેન્ચમાર્ક સ્થાપિત થશે. આ સીમાચિહ્નરૂપ પહેલ ઈનામી રકમની દ્રષ્ટિએ એક જ દેશ દ્વારા આયોજિત અત્યાર સુધીની સૌથી મોટી ચેસ સરકિટ હોઈ શકે છે.



ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (AICF) ના સેક્રેટરી દેવ પટેલે આ અંગે જણાવ્યું હતું કે “મારું વિઝન ભારતમાં દર વર્ષે આ રીતે બે થી ત્રણ મજબૂત ચેસ સરકિટ યોજવાનું છે, જે ખેલાડીઓને સાતત્ય, સ્થિરતા અને અર્થપૂર્ણ સ્પર્ધાત્મક તકો આપે છે. મને ત્રણ આંતરરાષ્ટ્રીય ઓપન ટુર્નામેન્ટ આટલી જંગી ઈનામી રકમ સાથે સરકિટ તરીકે એક સાથે યોજાતી જોઈને ખૂબ જ આનંદ થાય છે અને તે ખેલાડીઓ માટે એક મહાન પહેલ છે.” તેમણે ઉમેર્યું હતું કે આવી સરકિટ માત્ર ટોચની આંતરરાષ્ટ્રીય ભાગીદારીને આકર્ષિત કરતી નથી પરંતુ ભારતીય ખેલાડીઓને ઘરઆંગણે અમૂલ્ય એક્સપોઝર, રેટિંગ તકો અને નાણાકીય પ્રોત્સાહનો પણ પ્રદાન કરે છે. ભારતીય ચેસને તેના ઝડપી વિકાસ અને વૈશ્વિક સફળતાને ટકાવી રાખવા માટે આ દિશામાં આગળ વધવાની જરૂર છે.”આ પહેલ ભારતીય ખેલાડીઓ, ખાસ કરીને ઉભરતી પ્રતિભાઓ માટે, ઘરઆંગણે વિશ્વ કક્ષાના ખેલાડીઓ સામે સ્પર્ધા કરવાની ઉત્તમ તક રજૂ કરે છે. નોંધપાત્ર ઈનામી રકમ, આંતરરાષ્ટ્રીય એક્સપોઝર અને ઉચ્ચ રેટિંગ તકો સાથે, ભારતીય ચેસ સરકિટ દેશમાં વ્યાવસાયિક ચેસના વિકાસને નોંધપાત્ર રીતે વેગ આપવા માટે તૈયાર છે.અમદાવાદ ખાતેની ઈવેન્ટ રેટિંગ સ્તરના ખેલાડીઓને ધ્યાનમાં રાખીને ત્રણ શ્રેણીઓમાં યોજાશે. જેમાં ગ્રાન્ડમાસ્ટર્સ ઈવેન્ટ, ૨૦૦૦ અને તેથી વધુ રેટિંગ ધરાવતા ખેલાડીઓ માટે ઓપન એવી પ્રીમિયર કેટેગરીની ટુર્નામેન્ટમાં ૨૫ લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે. ચેમ્પિયનને ટ્રોફી સાથે ચાર લાખ મળશે જ્યારે રનર્સ-અપને ત્રણ લાખ રૂપિયા મળશે. આ ઉપરાંત ગ્રાન્ડમાસ્ટર્સ (GM), ઈન્ટરનેશનલ માસ્ટર્સ (IM), વિમેન્સ ગ્રાન્ડમાસ્ટર્સ (WGM), વિમેન્સ ઈન્ટરનેશનલ માસ્ટર્સ (WIM) અને ૨૩૦૦ થી વધુ રેટિંગ ધરાવતા ખેલાડીઓ સહિત ટોચના આંતરરાષ્ટ્રીય ટાઈટલ ધારકોને ભાગ લેવા માટે વિનામૂલ્યે પ્રવેશ અપાશે. ટુર્નામેન્ટ ૨૦૦૦થી નીચેના રેટિંગ ધરાવતા ખેલાડીઓ માટે પણ ખુલ્લી છે અને તેમાં ૧૫ લાખનો ઈનામ પૂલ છે. વિજેતાને ૧.૨૫ લાખનો રોકડ પુરસ્કાર અને ટ્રોફી મળશે.

# CSK ની છેલ્લી હોમ મેચ બાદ ધોનીનો ‘લેપ ઓફ ઓનર’, આખું સ્ટેડિયમ ધોની-ધોનીના નારાથી ગુંજ્યું

## ‘થાલા’ ધોની સાથે મેદાન પર ‘ચિન્ના થાલા’ સુરેશ રૈના પણ જોડાયા, ચાહકોના જૂના દિવસોની યાદો તાજી થઈ







ચેન્નાઇ, સોમવારે રાત્રે ચેન્નાઈના ઐતિહાસિક એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ક્રિકેટ અને લાગણીઓનો અદ્ભુત સંગમ જોવા મળ્યો. મેચ પછી, મહેન્દ્ર સિંહ ધોનીએ મેદાનની આસપાસ ’લેપ ઓફ ઓનર’ લઈને હજારો ચાહકોનું સ્વાગત કર્યું.

આ દરમિયાન ’ચિન્ના થાલા’ સુરેશ રૈના પણ તેમની સાથે હાજર હતા. સાક્ષી પણ દર્શકોની ગેલેરીમાં હાજર હતા. ચેપોક ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સની આ સિઝનની છેલ્લી મેચ હતી, તેથી મેચ સમાપ્ત થયા પછી સ્ટેડિયમનું વાતાવરણ ખૂબ જ ભાવુક થઈ ગયું. પીળી જર્સી પહેરેલા ચાહકો પધોની-ધોનીથ ના નારાઓથી આખુ મેદાનમાં ગુંજી ઉઠયું હતું.

મેચ પછી, ધોની મેદાનમાં આવ્યો, દર્શકોના અભિવાદનનો સ્વીકાર કર્યો. તે મેદાન પર બેઠો અને સાથી ખેલાડીઓ સાથે ફોટોગ્રાફી કરાવી. તેણે ગ્રાઉન્ડ સ્ટાફ અને કેમેરામેન સાથે ખાસ ક્ષણો પણ શેર કરી.

ધોની અને રૈનાને મેદાન પર સાથે જોઈને ચાહકોને જૂના દિવસોની યાદ આવી ગઈ. ચેપોકના દર્શકોએ તેમના મનપસંદ ખેલાડીઓનું સન્માન કરવા માટે તેમના મોબાઈલ ફોનની ફ્લેશલાઈટ ચાલુ કરી.





# સાંસદ મુકેશભાઈ દલાલ દ્વારા ડિજિટલ 'સ્વ-ગણતરી'માં જોડાવા અનુરોધ કરાયો

## OTP કોઈને શેર ન કરો, સતર્ક રહી વસ્તી ગણતરી અભિયાનને સફળ બનાવો: સાંસદશ્રી

સુરત, તા.૧૯

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રના ભાવી વિકાસ અને સુવ્યવસ્થિત આયોજન માટે 'સ્વ વસતી ગણતરી-૨૦૨૭' ની પ્રક્રિયાને સૌથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય અભિયાન તરીકે જાહેર કરવામાં આવી છે. સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિશેષ ડિજિટલ સુવિધા 'સ્વ-ગણતરી' અભિયાન અંતર્ગત સુરતના સાંસદશ્રી મુકેશભાઈ દલાલે અભિયાનના બીજા દિવસે જ પોતાના કાર્યાલય ખાતેથી ઓનલાઈન પોર્ટલ પર પોતાની વિગતો ભરીને આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવી હતી. આ અવસરે સાંસદશ્રી મુકેશભાઈ દલાલે જણાવ્યું હતું કે, દેશવ્યાપી ડિજિટલ 'સ્વ-ગણતરી અભિયાન' અંતર્ગત તા.૧૭ થી ૩૧ મે-૨૦૨૬ દરમિયાન નાગરિકો માટે 'સ્વ-ગણના' પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ આધુનિક પહેલ દ્વારા નાગરિકોને પોતાના ઘરે બેઠા જ ઓનલાઈન માધ્યમથી પરિવારની સાચી અને સંપૂર્ણ માહિતી નોંધવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

વસ્તી ગણતરીના આધારે કેન્દ્ર તથા રાજ્ય સરકાર આરોગ્ય, શિક્ષણ, આવાસ, રોજગાર, પરિવહન સહિતના વિવિધ ક્ષેત્રોમાં અસરકારક આયોજન અને લોકકલ્યાણકારી યોજનાઓ ઘડવાનું કાર્ય કરે છે. તેથી દરેક નાગરિકોએ આ અભિયાનમાં સક્રિય સહભાગી બની સાચી માહિતી પૂરી પાડી રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાનો અનુરોધ કર્યો હતો. સાંસદશ્રીએ વધુમાં કહ્યું કે, વસ્તી ગણતરી દરમિયાન એકત્રિત થતી તમામ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે. તેથી કોઈપણ પ્રકારની ગેરસમજ રાખ્યા વિના વસ્તી ગણતરી માટે આવતા અધિકારીઓને પરિવારની વિગતો સચોટ રીતે આપવી જરૂરી છે. સાથે જ તેમણે નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત થતા ઁ અથવા અન્ય ગુપ્ત માહિતી કોઈપણ અજાણ્યા વ્યક્તિ સાથે શેર ન કરવી. આ મહત્વપૂર્ણ અભિયાનને સફળ બનાવવા દરેક નાગરિકનો સહકાર અનિવાર્ય હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે એડિશનલ સિટી સેન્સસ ઓફિસર રાકેશ મોદી સહિત સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બારડોલીમાં પોતાની જાતે પેટમાં કાચ મારી દેતા યુવાનનું મોત

## ગુસ્સામાં કાચનો દરવાજો તોડી યુવક લોહીલુહાણ થઈ ગયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

બારડોલી તાલુકાના નોગામા પારડી ગામ પટેલ ફળિયામાં રહેતા વિજયભાઈ મહેન્દ્રભાઈ ઠાકોર (ઉ.વ.૫૫) તા.૧૪ મેના રોજ તેમના મામાના મરણની માહીયાની વિધી માટે પાલીગામ ગયા હતા. વિધી પૂર્ણ કરીને તેઓ ઘરે પરત ફર્યા બાદ પત્ની હીનાબેને ગરમીના ભારે તાપમાં બહારથી આવ્યા હોવાથી ચિંતા વ્યક્ત કરી હતી. આ બાબતે બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. બોલાચાલી બાદ વિજયભાઈને મનમાં ખોટું લાગી આવતા તેઓ ઘરના અંદરના રૂમમાં ગયા હતા. ત્યાં તેમણે પોતાના હાથે કાચનો દરવાજો તોડી નાંખ્યો હતો. ત્યારબાદ કાચનો ટુકડો પોતાના પેટના ભાગે મારી લેતા ગંભીર ઈજા પહોંચી હતી અને ભારે રક્તસ્ત્રાવ શરૂ થયો હતો. પરિવારજનોએ તાત્કાલિક સારવાર માટે તેમને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં આઈસીયુ વોર્ડમાં સારવાર દરમિયાન તા.૧૭ મેની રાત્રે ૧૦:૫૨ વાગ્યે ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.



શ્રી શીવ શકતિ સેવા ગુપ્ર જીવરાજપાર્ક કૃષણ સાગર હોલ પાસે નિઃશુલ્ક છાશ વિતરણ કરાયું

# દર વર્ષે પુરના કારણે બેટ બનતા પીપરડી ગામને મળશે હવે મુક્તિ

## ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી સાવરકુંડલા તાલુકાના પિપરડી ગામે પૂર નિયંત્રણ અને પાણી નિકાલ માટે રૂા. ૧.૧૪ કરોડના કામને સૈદ્ધાંતિક મંજૂરી

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા તાલુકાના પિપરડી ગામમાં ચોમાસા દરમ્યાન વરસતા ભારે વરસાદને કારણે ગામ તથા આસપાસના ખેતી વિસ્તારમાં વરસોથી ઉભી થતી પૂર અને પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા ૪૦ વર્ષો જૂની મહત્વપૂર્ણ સમસ્યાના વિકાસકાર્યની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

ડીપનીગ ઓફ હિપાવડલી, લીડકીયા, ખારી અને સુખવો રીવર તથા રીસ્ટોરેશન ઓફ પ્રોટેક્શન બંડ એટ વિલેજ પિપરડી, તાલુકો સાવરકુંડલા'' નામની કામગીરી માટે અંદાજિત રૂા. ૧ કરોડ ૧૪ લાખના ખર્ચને સૈદ્ધાંતિક મંજૂરી મળતા ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. પિપરડી ગામની આસપાસ આવેલી હિપાવડલી, લીડકીયા, ખારી અને સુખવો નદીઓમાં વર્ષોથી ગાદ ભરાઈ જવાના કારણે વરસાદી પાણીનો પ્રવાહ અવરોધાય છે. જેના પરિણામે ચોમાસા દરમિયાન ગામમાં પાણી ભરાઈ જવું, ખેતીની જમીનોમાં નુકસાન થવું તથા રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં અવરજવર મુશ્કેલ બનવી જેવી પરિસ્થિતિ સર્જાતી હતી. હવે મંજૂર થયેલી કામગીરી અંતર્ગત નદીઓનું ડીપનીંગ અને સફાઈ કાર્ય હાથ ધરાશે, જેથી વરસાદી પાણીનો વહેણ સરળતાથી પસાર થઈ શકે. સાથે જ ગામ અને ખેતી વિસ્તારને પૂરથી સુરક્ષિત રાખવા માટે પ્રોટેક્શન બંડનું રીસ્ટોરેશન અને મજબૂતીકરણ કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ પિપરડી ગામમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ ખેડૂતોને ખેતીમાં થતા નુકસાનમાંથી રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગ્રામજનો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થશે અને ગામના વિકાસને નવી દિશા મળશે. સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પૂર નિયંત્રણ, પાણી વ્યવસ્થાપન અને ગ્રામ વિકાસને પ્રાથમિકતા આપી સતત વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામને ૧.૧૪ કરોડ ની મંજુર કરવા બદલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા એ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસંપતી મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલનો ખુબ ખુબ આભાર માન્યો હતા

# ભારત સરકાર દ્વારા આદિજાતિ કલ્યાણ માટે દેશવ્યાપી અભિયાન

## આદિજાતિના ગામોમાં કલ્યાણકારી યોજનાઓના લાભો માટે કેમ્પ યોજાશે

સુરત, તા.૧૯

ભારત સરકારના જનજાતીય બાબતોના મંત્રાલય દ્વારા આદિવાસી સમુદાયોના સર્વાંગી ઉત્કર્ષ અને સશક્તિકરણ સાથે માહિતી, શિક્ષણ અને સંચાર માટે વિશેષ દેશવ્યાપી'જન ભાગીદારી - સૌથી દૂર, સૌથી પહેલા' અભિયાન હેઠળ માંડવી પ્રયોજના કચેરીના માર્ગદર્શન હેઠળ તાઃ૧૮/૫/૨૦૨૬ના રોજ જિલ્લા કલેક્ટરના હસ્તે અભિયાનનો શરૂ કરવામાં આવશે.

જેના ભાગરૂપે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (સ્ત્તછદ્ધસ્છદ્ધ) અને ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (ઢછ-ત્નર્ષ્ઠ) હેઠળ મળતા તમામ સરકારી લાભોને છેવાડાના આદિવાસી માનવી સુધી પહોંચાડવાનો અને તમામ યોજનાઓનો મહત્તમ વ્યાપ સુનિશ્ચિત કરવાનો છે. આ આઠ દિવસીય અભિયાન અંતર્ગત વિવિધ આદિવાસી ગામોમાં દૈનિક ધોરણે વિશેષ સંતૃપ્તિ કેમ્પ અને આરોગ્ય તપાસ શિબિરોનું આયોજન કરવામાં આવશે, જેમાં ખાસ કરીને સિકલ સેલ એનિમિયા અંગે જાગૃતિ, પોષણ અને નિવારક આરોગ્ય સેવાઓ પર વિશેષ ભાર મૂકાશે. આ સાથે જ, આદિ સેવા કેન્દ્રો પર 'જન સુનાવણી'ના માધ્યમથી ગ્રામીણ નાગરિકોની ફરિયાદો સાંભળીને તેમના હક અને અધિકારોનું ઝડપી નિરાકરણ લાવવામાં આવશે.અભિયાન અંતર્ગત સફળ આદિવાસી યુવાનો, મહિલા ઉદ્યોગસાહસિકો અને વન ધન વિકાસ કેન્દ્રોની સફળતાની વાર્તાઓનું દસ્તાવેજીકરણ કરીને અન્ય લોકો માટે પ્રેરણારૂપ બનશે.

તાઃ ૧૯ થી ૨૫ મે દરમિયાન વિવિધ ગામોમાં યોજનાકીય લાભો આપવા માટેના સેચ્યુરેશન કેમ્પ અને પર્યાવરણ સુરક્ષા અર્થે વૃક્ષારોપણ ઝુંબેશ ચલાવાશે. જ્યારે ૨૦ મેના રોજ ગ્રામીણ વિસ્તારોમાં જનજાગૃતિ લાવવા માટે વિશેષ 'ટ્રાન્સેક્ટ વોક' અને ગામ સંપર્ક પ્રવૃત્તિઓનું આયોજન થશે. આ સાથે ૨૧ થી ૨૩ મે દરમિયાન આદિ સેવા કેન્દ્રો પર સઘન જન સુનાવણી કાર્યક્રમો યોજાશે.



# ભીમરાડની આકાશ અર્થ સોસાયટી ખાતે ૧૫ દિવસીય સમર યોગ કેમ્પનો પ્રારંભ

સુરત, તા.૧૯

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા.૧૬થી ૩૦મે સુધી ૧૫ દિવસ દરમિયાન 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' હેઠળ નિઃશુલ્ક સમર યોગ કેમ્પ યોજાશે. ચેરમેન યોગ સેવકશ્રી શિશપાલજીના નેતૃત્વ હેઠળ રાજ્યમાં યોજાનાર કુલ ૨૨૫ અંતર્ગત સુરતમાં કુલ ૨૫ કેમ્પ યોજાશે. બાળકોને મોબાઈલ અને ઓનલાઈન ગેમ્સથી દૂર રહી પોતાની સર્જનાત્મકતામાં વધારો કરવા તેમજ તેઓને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર સાથે જોડાયેલા રાખવાના ઉદ્દેશ સહ સુરતની અલથાણ-ભીમરાડ સ્થિત આકાશ અર્થ સોસાયટી ખાતે કોર્પોરેટરશ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા સમર કેમ્પનું ઉદ્ઘાટન કરાય હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કોર્ડીનેટર ડોક્ટર પારુલ પટેલે જણાવ્યું કે આ કેમ્પનો ઉદ્દેશ નવી પેઢીને યોગ પ્રત્યે રુચિ વધારી તેઓને શારીરિક અને માનસિક તંદુરસ્તી પ્રદાન કરવાનો છે. યોગ શિબિરમાં બાળકોને નિષ્ણાંત યોગ કોચ દ્વારા બાળકોને યોગ આસન, પ્રાણાયામ અને ધ્યાન વિષે તાલીમ તેમજ વિવિધ યોગની ઉપયોગિતા અને તેના ફાયદા વિષે માહિતગાર કરાશે. આ શિબિરનો ઉદ્દેશ રહેવા પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રસંગે સોસાયટી પ્રમુખ સચિવશ્રી જે.કે. નાયર, અન્ય સમિતિના સભ્ય એસ.બી.સિંહ રાજપૂત, યોગ કોચ ભાસ્કર રાઉત અને યોગ શિક્ષકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ સુરક્ષિત છે. હાલ કોઈ ખતરો નથી, પરંતુ લોકોને મસ્જિદથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે. સાવચેતીના ભાગરૂપે કેન્દ્રને આખા દિવસ માટે બંધ કરી દેવામાં આવ્યું.મસ્જિદની વેબસાઈટ અનુસાર, અહીં માત્ર મુસ્લિમ સમુદાય માટે ધાર્મિક પ્રવૃત્તિઓ થતી નથી, પરંતુ સામાજિક કાર્યોમાં પણ અન્ય સમુદાયો સાથે મળીને કામ કરવામાં આવે છે. અહીં દરરોજ પાંચ વખતની નમાઝ અદા કરવામાં આવે છે.કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમે મુસ્લિમ સમુદાયને કહ્યું કે કેલિફોર્નિયા તમારી સાથે ઊભું છે. જ્યાં પરિવાર અને બાળકો ભેગા થાય છે, જ્યાં લોકો શાંતિથી ઈબાદત કરે છે, ત્યાં આવો હુમલો અત્યંત ભયાવહ છે. કેલિફોર્નિયામાં નફરત માટે કોઈ સ્થાન નથી.''તેમણે જણાવ્યું કે કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલ અને ગવર્નર ઓફિસ ઓફ ઈમરજન્સી સર્વિસિસની ટીમો ઘટનાસ્થળે સ્થાનિક પ્રશાસન સાથે સંકલન કરી રહી છે.

૦૯:૫૦ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૨૨ મે, ૨૪ મે, ૨૯ મે, ૩૧ મે, ૦૫ જૂન, ૦૭ જૂન, ૧૨ જૂન અને ૧૪ જૂન ૨૦૨૬ના રોજ દોડશે.

બંને દિશામાં, આ ટ્રેન નીચેના સ્ટેશનો પર ઉભી રહેશે: સયાન, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા જંક્શન, કોટા, સવાઈ માધોપુર જંક્શન, ગંગાપુર સિટી, બયાના જંક્શન, ઈદગાહ આગ્રા, ટુંડલા જંક્શન, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંક્શન, મિર્ઝાલ ડે, બુર્ઝાદ, એ. દાનાપુર, પાટલીપુત્રા, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને સાકરી જંક્શન. ટ્રેનના સ્ટોપેજ, સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### ગુજરાત ઇન્ટરનેશનલ
પેજ-૨ પાનાનું ચાલુ

નોંધપાત્ર ઈનામી રકમ, આંતરરાષ્ટ્રીય એક્સપોઝર અને ઉચ્ચ રેટિંગ તકો સાથે, ભારતીય ચેસ સર્કિટ દેશમાં વ્યાવસાયિક ચેસના વિકાસને નોંધપાત્ર રીતે વેગ આપવા માટે તૈયાર છે. ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન (GSCA) એ પ્રતિષ્ઠિત "ચોથી ગુજરાત ઈન્ટરનેશનલ ઓપન ગ્રાન્ડમાસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ - ૨૦૨૬" ની જાહેરાત કરી છે, જે ૧ જૂનથી ૮ જૂન, ૨૦૨૬ દરમિયાન અમદાવાદના નારણપુરા સ્થિત સેન્ટ્રલી એર-કન્ડિશન્ડ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાશે.

આ મેગા ચેસ ફેસ્ટિવલમાં કુલ ?૫૦ લાખનો ઈનામ સમૂહ હશે, જે તેને પશ્ચિમ ભારતમાં સૌથી મોટી ચેસ ટુર્નામેન્ટમાંની એક બનાવશે. આ ઈવેન્ટ રેટિંગ સ્તરના ખેલાડીઓને ધ્યાનમાં રાખીને ત્રણ શ્રેણીઓમાં યોજાશે.

# નિયોલ ચેક પોસ્ટ પાસેથી ૯૩ ગ્રામ અફીણ સાથે એક ઝડપાયો

## આરોપીએ અફીણનો જથ્થો રાજસ્થાનથી લાવ્યો હોવાની કબુલાત કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત શહેરને ડ્રગ્સ મુક્ત કરવા માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા ચલાવવામાં આવી રહેલા "NO DRUGS IN SURAT CITY" અભિયાન અંતર્ગત સારોલી પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી સફળતા મેળવી છે. સારોલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.આર. વેકરીયા અને સર્વેલન્સ સ્ટાફના માણસો જ્યારે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા, ત્યારે પોલીસ કોન્સ્ટેબલ મનિષભાઈ વિઠ્ઠલભાઈને તેમના અંગત અને વિશ્વાસપાત્ર બાતમીદાર તરફથી એક ચોક્કસ બાતમી મળી હતી. બાતમીમાં જણાવવામાં આવ્યું હતું કે સત્યનારાયણ ઉર્ફે સતુભાઈ રામલાલ જાટ નામનો એક ઈસમ ગાજર કલરનું અડધી બાયનું ટી-શર્ટ અને સફેદ પેન્ટ પહેરીને પોતાની પાસે ગેરકાયદેસર અફીણનો જથ્થો લઈને કડોદરા-સુરત રોડ પર આવેલી નિયોલ ચેકપોસ્ટ તરફ આવી રહ્યો છે. આ ચોક્કસ માહિતીના આધારે સારોલી પોલીસે નિયોલ ચેકપોસ્ટ પાસે કડોદરા-સુરત રોડ પર સાબરગામ ત્રણ રસ્તા નજીક વોચ ગોઠવી હતી અને બાતમી મુજબના વર્ણનવાળા ઈસમને જાહેરમાંથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલા ૫૨ વર્ષીય આરોપી સત્યનારાયણ ઉર્ફે સતુભાઈ રામલાલ જાટ, જે સુરતના સારોલી ગામમાં ન્યુ સારોલી નગરી સોસાયટી ખાતે રહે છે અને ચાની લારી ચલાવે છે, તેની પાસેથી પોલીસે કુલ ૯૩ ગ્રામ ગેરકાયદેસર માદક પદાર્થ અફીણ જપ્ત કર્યું હતું. આ જપ્ત કરાયેલા અફીણની અંદાજિત કિંમત ૪૬,૫૦૦ થાય છે. પોલીસે અફીણના આ જથ્થા સાથે ૧૦,૦૦ મોબાઈલ ફોન અને પ્લાસ્ટિકની કોથળી સહિત કુલ ૫૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે અને આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન ઝડપાયેલા આરોપીએ કબૂલાત કરી હતી કે આ અફીણનો જથ્થો તેને રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના શંભુગઢ થાણા વિસ્તારમાં આવેલા કાનપુરા ગામના રહેવાસી છગનલાલ જાટ નામના વ્યક્તિએ આપ્યો હતો. આ ખુલાસા બાદ સારોલી પોલીસે માલ સપ્લાય કરનાર છગનલાલ જાટને વોન્ટેડ જાહેર કરીને તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ સમગ્ર પ્રશંસનીય કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.આર. વેકરીયાના નેતૃત્વમાં સર્વેલન્સ પી.એસ.આઈ. યુ.બી. મેંદપરા, એ.એસ.આઈ. રાધેશ્યામ કિશનભાઈ, એ.એસ.આઈ. ધનંજયભાઈ સંજયભાઈ તેમજ હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ, જયેશભાઈ, જીતુભાઈ, બળદેવભાઈ અને પ્રદીપભાઈ સહિતની ટીમે સાથે મળીને ટીમવર્કથી સફળતાપૂર્વક પાર પાડી છે.

### પેટ્રોલ-ડીઝલના ભાવમાં
પહેલા પાનાનું ચાલુ

૧૩ રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને ?૩ રૂપિયા, જ્યારે ડીઝલ પર ?૧૦ થી શૂન્ય કરી દેવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા એક લિટર પેટ્રોલ પર કુલ ૨૧.૯૦ રૂપિયા એક્સાઇઝ ડ્યુટી વસૂલવામાં

### ભારત રશિયન
પહેલા પાનાનું ચાલુ

માર્ચમાં ભારત જેવા દેશોને રશિયા પાસેથી તેલ ખરીદવા માટે વિશેષ છૂટ આપી હતી. પહેલા આ છૂટ ૧૬ મે સુધી લંબાવવામાં આવી હતી. જો કે, જ્યારેથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું છે, ત્યારથી અમેરિકા ભારત પર સતત દબાણ કરી રહ્યું છે કે તે રશિયા પાસેથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદવાનું ઓછું કરી દે.

### બુધવારે
પહેલા પાનાનું ચાલુ

છે.ઓલ ઈન્ડીયા કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ ફેડરેશને કાલની હડતાળથી પોતાને અલગ રાખ્યુ છે તથા કાલના બંધમાં નહી જોડાવાની જાહેરાત કરી છે. આ સંગઠનના અધ્યક્ષ સંદીપ ગુપ્તાના જણાવ્યા મુજબ બંધનું એલાન કરનારાઓએ વ્યાપારી હિતોની સુરક્ષાના બદલે બજારમાં દબાણ બનાવવા આ એલાન આપ્યું હોવાનું જણાય છે. આ હડતાલની અવ્યવસ્થા વધશે અને રીટેલ વ્યાપારીઓને નુકશાન થશે.

### કર્ણાટકમાં
પહેલા પાનાનું ચાલુ

તાલીમ કેન્દ્ર છે. તેના સંચાલનની જવાબદારી કર્ણાટક વન વિભાગ અને જંગલ લોજેસ એન્ડ રિસોર્ટ્સ પાસે છે.ઉનાળા દરમિયાન અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ એકઠા થાય છે અને મહાવતો પાસેથી તેમના વર્તન અને તાલીમ વિશે શીખે છે. તેઓ મહાવત સાથે હાથીઓને નદીમાં નવડાવવામાં પણ મદદ કરે છે. તેઓ તેમને કેળા અને શેરડી પણ ખવડાવે છે. કેમ્પની આસપાસના જંગલોમાં લોકો ટ્રેકિંગ કરવા પણ જાય છે. કાવેરી નદીમાં રાફ્ટિંગની સુવિધા પણ છે.

### ઈરાન પર
પહેલા પાનાનું ચાલુ

તેમણે કહ્યું કે આવું થવા પર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વધુ શરમનો સામનો કરવો પડશે. રેઝાઈએ અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે તેને ઈરાનની શરતો સ્વીકારવી પડશે અથવા પછી ઈરાની મિસાઈલોની તાકાતનો સામનો કરવો પડશે.

ઈઝરાયલે ગાઝા માટે રાહત સામગ્રી લઈને જઈ રહેલી બોટને રોકવા માટે મોટો નૌકાદળનો કાફલો મોકલ્યો. રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયલી સૈનિકોએ સમુદ્રમાં ઘણી બોટ રોકીને લોકોને અટકાયતમાં લીધા. સોમવારે ઘણી બોટ ગાઝાના લોકો સુધી મદદ પહોંચાડવા માટે રવાના થઈ હતી. આ બોટમાં રાહત સામગ્રી અને કાર્યકરો હાજર હતા. તેમને રોકવા માટે ઈઝરાયલે હથિયારોથી સજ્જ નૌકાદળના જહાજો અને સ્પીડ બોટ મોકલી. રિપોર્ટ્સ અનુસાર, સાયપ્રસ નજીક આંતરરાષ્ટ્રીય દરિયાઈ ક્ષેત્રમાં ઈઝરાયલી સૈનિકો બોટ પર ગયા અને લોકોને અટકાયતમાં લીધા.

જણાવવામાં આવ્યું કે આ કાર્યવાહીમાં ઘણા કાર્યકરોને પકડવામાં આવ્યા. બે અઠવાડિયા પહેલા પણ ઈઝરાયલે ગ્રીસ નજીક ૨૨ રાહત બોટ રોકી હતી. તે સમયે ૧૮૧ સ્વયંસેવકોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ અને માનવીય સંકટ વચ્ચે ઘણા આંતરરાષ્ટ્રીય સંગઠનો સમુદ્ર માર્ગે મદદ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### અમેરિકાની
પહેલા પાનાનું ચાલુ

તેમણે જણાવ્યું કે શાળાના

### ઘરે બેઠા સ્વ-ગણના
પેજ-૨ પાનાનું ચાલુ

મદદરૂપ બનશે, જેના આધારે ભવિષ્યમાં વધુ અસરકારક અને લોકોના હિતની યોજનાઓ અમલમાં મૂકી શકાશે. સાથે જ તેમણે નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરતાં જણાવ્યું હતું કે, જનગણના દરમિયાન પ્રાપ્ત થતા ઁ અથવા અન્ય કોઈપણ ગુપ્ત માહિતી અજાણ્યા વ્યક્તિ સાથે ક્યારેય શેર ન કરવી અને સાયબર સુરક્ષાનો ખાસ ખ્યાલ રાખવો. આ પ્રસંગે મહાનગરપાલિકા કમિશનર એમ. નાગરાજન સહિત સેન્સસના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઉધના અને મધુબની
પેજ-૨ પાનાનું ચાલુ

જૂન, ૧૦ જૂન અને ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૫૨ મધુબની - ઉધના સ્પેશિયલ શુક્રવાર અને રવિવારે સવારે ૦૪:૧૦ વાગ્યે મધુબનીથી ઉપડશે અને બીજા દિવસે રાત્રે

### ઓરિસ્સામાંથી
પેજ-૨ પાનાનું ચાલુ

આરોપી ગણેશ કુના બારીક છેલ્લા બે મહિનાથી અટોદરા ગામની સીમમાં આવેલ ગૃહમ સોસાયટીમાં રહે છે.જેથી પોલીસે છાપો મારી બંન્ને પ્રેમપંખીડાને ઝડપી પૂછપરછ કરતા આરોપીએ ગુનાની કબુલાત કરી હતી. જે કબુલાતના પગલે પોલીસે આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ભોગ બનનાર તથા આરોપીનો કબજો ઓરીસ્સા રાજયની પોલીસને સોંપ્યો હતો.

### લિંબાયત ઝોનમાં
પેજ-૨ પાનાનું ચાલુ

તમામ કર્મચારીઓને સંકલન કરી ટીમ વર્કથી કામગીરી કરી શહેરીજનોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહી કામગીરી કરવા સૂચના આપી હતી. સદર મીટિંગમાં લિંબાયત ઝોનના ટેકનીકલ,નોન-ટેકનીકલ અને આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં

### ડો.રાજેશ સોલંકીને
પેજ-૨ પાનાનું ચાલુ

સાચી પ્રેરણા છે. તેમની આ સિદ્ધિથી સુરત જિલ્લાનાં શિક્ષણ જગતમાં ગૌરવની લાગણી ફેલાઈ છે. સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ સહિત સમગ્ર શિક્ષણ પરિવારે ડૉ. સોલંકીને આ ભવ્ય સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### એમેઝોન પરથી
છેલ્લા પાનાનું ચાલુ

હતો. અને એઝાઝખાને આ મોટી રકમની ચુકવણી પોતાના કોટક બેંક ના ક્રેડિટ કાર્ડ દ્વારા ઓનલાઇન ટ્રાન્ઝેક્શનથી એમેઝોન એપ્લિકેશન પર એડવાન્સમાં જ કરી દીધી હતી. વેબસાઇટ પર આ પ્રોડક્ટના અધિકૃત ડિજિટલ સેલર ક્લિકટેક રિટેલ પ્રા.લી.(ઠેકાણું, વડોદ, બમરોલી) તરીકે નોંધાયેલા સપ્લાયર દ્વારા આ ફોન રવાના કરવામાં આવ્યો હતો.ત્યારબાદ ગત ૧૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ નિર્ધારીત કુરિયર સર્વિસના ડિલિવરી બોય દ્વારા આ પાર્સલ ફરિયાદી એઝાઝખાન પઠાણના ઘરે પહોંચાડવામાં આવ્યું હતું. કુરિયર દ્વારા ડિલિવર કરાયેલા આ બોક્સ પર મોબાઈલ કંપનીનું સત્તાવાર સીલ મારેલું પેકિંગ હતું અને સાથે તેનું અસલી બિલ પણ જોડેલું હતું, એઝાઝે જ્યારે ડિલિવરી લીધા બાદ આ કિંમતી બોક્સ ખોલ્યું ત્યારે તેમના હોશ ઊડી ગયા હતા. સીલ બંધ દેખાતા અસલી બોક્સની અંદર ઓર્ડર કરેલા મોબાઈલ ના બદલે તૂટેલો ડબ્બો ફોન મળી આવ્યો હતો.ફરિયાદીએ વધુમાં આરોપ લગાવ્યો છે કે ટ્રાન્સપોર્ટેશન અથવા વેરહાઉસિંગ દરમિયાન કોઈ અજાણ્યા ભેજાબાજ ઈસમે ચાલાકીપૂર્વક બોક્સમાંથી અસલી મોબાઈલ કાઢી લીધો હતો અને ગ્રાહકને માત્ર તૂટેલો દ્વૈ કંપનીનો ફોન મૂકીને મોટી છેતરપિંડી આચરી હતી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૧૯ મે ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# દેશભરમાં ૫.૫૦ કરોડના સાયબર ફ્રોડમાં લીંબાયતના અફરોઝ અહમદની ધરપકડ

## સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરવા સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત શહેરના પોલીસ કમિશનર, અધિક પોલીસ કમિશનર સેક્ટર-૦૧, ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશનર ઝોન-૦૩ અને નાયબ પોલીસ કમિશનર "ડી" ડિવિઝનના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન સાયબર ફ્રોડના ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે લીબાયત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સેપેક્ટર શ્રી ડી.ડી. ચૌહાણની સીધી દેખરેખ હેઠળ એક ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન લીબાયત પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના પી.એસ.આઈ. કે.એચ. ચૌધરીના માણસો પેટ્રોલીગમાં હતા, ત્યારે સર્વેલન્સ સ્ટાફમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. અંકિતભાઈ દાનાભાઈ તથા અ.પો.કો. સાજણભાઈ કાનાભાઈનાઓને પોતાના અંગત અને વિશ્વસનીય બાતમીદાર મારફતે એક ચોક્કસ હકીકત મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ટેકનિકલ વર્ક-આઉટ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ કરીને આરોપીનું ચોક્કસ લોકેશન મેળવ્યું હતું અને ત્યારબાદ લીંબાયતના સરદાર નગર વિસ્તારમાંથી આરોપી મહોમદ સરફરાજ ઉર્ફે અફરોઝ જમીલ અહમદ (ઉંમર વર્ષ ૩૭, રહેવાસી: ૧૬૪, સરદાર નગર, લીબાયત, સુરત) ને ઝડપી પાડ્યો હતો.




પકડાયેલા આરોપી અને તેના સાગરીતોએ પોતાની 'સર્વોદય એજ્યુકેશનલ ફાઉન્ડેશન ટ્રસ્ટ' ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના એકાઉન્ટ નંબરનો ઉપયોગ સાયબર ફ્રોડ અથવા ઠગાઈના નાણાં સગેવગે કરવા માટે કર્યો હતો. આરોપીઓએ આ ટ્રસ્ટના એકાઉન્ટમાં ૨૫ ટકા જેટલું મોટું કમિશન મેળવવાની લાલચે ભારતભરના અલગ-અલગ રાજ્યોના સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકો પાસેથી છેતરપિંડી કરીને કુલ સાડા પાંચ કરોડ રૂપિયા (રૂ. ૫,૫૦,૦૦,૦૦૦/-) નંખાવ્યા હતા અને એકબીજાની મદદગારીથી આ આખા કૌભાંડને અંજામ આપ્યો હતો. આ મામલે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) - ૨૦૨૩ ની કલમ ૩૧૮(૪), ૬૧, ૫૪ તથા આઈ.ટી. એક્ટની કલમ-૬૬(ડી) મુજબ ગુનો નોંધાયેલો હોવાથી આરોપી ત્યાં નાસતો ફરતો જાહેર થયો હતો. આ ઉપરાંત ઝડપાયેલા આરોપી મહોમદ સફરાજનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે, જેમાં તેની સામે અગાઉ પણ લીબાયત પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૪૬૫, ૪૬૭, ૪૭૧ તેમજ કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના બે અલગ-અલગ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ સમગ્ર પ્રશંસનીય કામગીરી લીબાયત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ચૌહાણ, પી.એસ.આઈ. કે.એચ. ચૌધરી, એ.એસ.આઈ. અંકિતભાઈ દાનાભાઈ તથા અ.પો.કો. સાજણભાઈ કાનાભાઈ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી છે.



**ટપાલ પેટી કે કચરા પેટી?** ડીજીટલ યુગમાં સોશિયલ મીડિયાની બોલબાલા વચ્ચે ટપાલ, ટપાલી અને ટપાલ પેટીનો યુગ લગભગ આથમી ગયો છે. તેમ છતાં ટપાલ વિભાગ છોડી ઘણી કામગીરી સાથે કાર્યરત રહ્યું છે. ભવ્ય ભૂતકાળ ધરાવતી ટપાલ પેટીની હળાહળ અવગણના સાથે ટપાલ પેટી જાણે કચરા પેટી બની ગઈ હોય તેવું આ તસ્વીરમાં જણાઈ રહ્યું છે. (તસવીર : હનીફ મલેક)

# રાષ્ટ્રવ્યાપી હડતાળમાં સુરતના ૭ હજાર મેડીકલ સ્ટોર પણ જોડાશે

## ઓનલાઈન દવાના વેચાણ પર ભારે ડીસ્કાઉન્ટ સહિતના વિવિધ મુદ્દે કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસો. દ્વારા બુધવારે બંધનું એલાન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

ઓનલાઈન દવાના વેચાણ સહિતના મુદ્દે મેડિકલ સ્ટોર દેશવ્યાપી બંધ રાખવાના એલાન અંગે આવતીકાલે તા. ૨૦મીએ સુરતના ૭ હજારથી વધુ કેમિસ્ટ પણ મેડિકલ સ્ટોર બંધ રાખશે અને કલેકટર તેમજ ઔષધ નિયમન તંત્રને આવેદનપત્ર આપશે.

ધી ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમીસ્ટસ એન્ડ ડ્રગીસ્ટસ એસોસીએસન અને દેશના ૧૨.૪૦ લાખથી વધુ કેમિસ્ટોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા એઆઈઓસીડી દ્વારા ઓનલાઈન દવાઓ વેચાણ બંધ કરવા તથા નકલી દવાઓના કારોબાર સહિતના મુદ્દે વિરોધ અંતર્ગત તા. ૨૦મીને બુધવારે દેશવ્યાપી બંધનું એલાન અપાયું છે.

સુરત કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશનના પ્રમુખ મનસુખ રૈયાણીએ જણાવ્યું હતું કે, ઓનલાઈન દવાનું વેચાણ બંધ કરો, કોપોરેટ અને ઓનલાઈ ફાર્માસી દ્વારા અપાતુ ભારે ડિસ્કાઉન્ટ બંધ કરાવો, નકલી દવાઓથી આમ જનતા સ્વાસ્થની રક્ષણ કરો અને દેશને બચાવો, નશાકારક દવાઓ ઓનલાઈન સહેલાઈથી મળી જતી હોવાથી દેશનું યુવાધન નશાના રવાડે ચડી જવાથી દેશના યુવાધન બચાવો સહિતના મુદ્દે વારંવારની રજૂઆતો છતાં સરકારે કોઈ નક્કર પગલાં ન લેતાં આખરે કેમિસ્ટોએ આક્રમક વલણ અપનાવ્યું છે. અલબત્ત લોકોને તકલીફ નહી પડે તે માટે શહેરના વિવિધ વિસ્તારો મળીને કુલ ૨૦ મેડિકલ સ્ટોર ચાલુ રખાશે.

# દીકરીની હત્યાની ધમકી આપી મહિલા પર વારંવાર બળાત્કાર

### વતન ગયેલી પરિણીતાને સુરત બોલાવવા વિજય શર્માએ ધમકી આપી ફેસબુક પર વાંધાજનક પોસ્ટ મુકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતમાં મહિલાની ફરિયાદના આધારે દુષ્કર્મ, ધમકી અને સોશિયલ મીડિયા પર અભદ્ર પોસ્ટ કરવાના ગંભીર આક્ષેપો સાથે એક જ પરિવારના છ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાતા ચકચાર મચી છે.

પોલીસ ફરિયાદ મુજબ લસકાણા વિસ્તારમાં રહેતા વિષ્ણુ ચુન્ના શર્માના પરિવાર સામે મહિલાએ ગંભીર આક્ષેપો કર્યા છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી વિજય વિષ્ણુ શર્માએ મહિલાની મરજી વિરુદ્ધ અડપલા કરી તેમના ઘરમાં ઘુસી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. મહિલાનો આક્ષેપ છે કે આ બાબત અંગે કોઈને જાણ કરાશે તો તેમને તેમજ તેમની દીકરીઓને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. દરમિયાન મહિલા પોતાના વતન જતાં આરોપી વિજય શર્માએ ફોન કરી બે દિવસમાં સુરત પરત નહીં આવે તો બદનામ કરવાની ધમકી આપી હતી. મહિલા સુરત નહીં આવતા આરોપીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Facebook પર તેમની દીકરી અંગે અભદ્ર ટિપ્પણી સાથે પોસ્ટ મૂકી હતી. ઉપરાંત અન્ય આરોપીઓ વિષ્ણુ ચુન્ના શર્મા, દેવા શર્મા, દિપુ શર્મા, રાહુલ વિષ્ણુ શર્મા અને કન્હા વિષ્ણુ શર્માએ પણ વારંવાર હેરાનગતિ કરી અપમાનજનક કોમેન્ટો કરી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

# એમેઝોન પરથી ખરીદેલો રૂા.૧.૪૦ લાખનો મોબાઈલ પાર્સલમાંથી ગુમ

### સીલબંધ પાર્સલમાંથી તૂટેલા જૂનો મોબાઈલ નિકળતા પાલ પોલીસમાં ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પરથી મોંઘી વસ્તુઓ ખરીદનારા ગ્રાહકો માટે આંખ ઉઘાડનારો અને લાલબત્તી સમાન એક કિસ્સો સુરત શહેરના પાલ વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે. ઈકોમર્સ ક્ષેત્રની જાણીતી વેબસાઈટ એમેઝોન પરથી ઓર્ડર કરી મંગાવવામાં આવેલો રૂપિયા ૧.૪૦ લાખથી વધુની કિંમતનો પ્રીમિયમ સ્માર્ટફોન પાર્સલમાંથી ગાયબ થઈ જતાં ગ્રાહક સાથે મોટી છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ ચોંકાવનારી ઘટના અંગે ભોગ બનનાર ગ્રાહકે સુરત પોલીસ કમિશનર અને પાલ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી ન્યાયની ગુહાર લગાવી છે.

ફરિયાદની વિગતો અનુસાર, સુરતના પાલ ગામ વિસ્તારમાં આવેલા આમલી ફળિયામાં રહેતા અને વેપાર કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ૩૭ વર્ષીય એઝાઝખાન અફઝલખાન પઠાણે ૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ એમેઝોનની સત્તાવાર વેબસાઈટ પર જઈને પોતાની કૌટુંબિક આઈ.ડી. પરથી એક પ્રીમિયમ સ્માર્ટફોન સેમસંગ કંપનીનો ગેલેક્સી એસ ૨૬ અલ્ટ્રા ઓર્ડર કર્યો

અનુસંધાન પાના ૭ પર

### વેર હાઉસ અને કુરિયરના કર્મચારી શંકાના દાયરામાં

આ સમગ્ર કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ સુરત પોલીસ હરકતમાં આવી છે. પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે એમેઝોનના પ્રાદેશિક વેરહાઉસ, ઓર્ડર પેક કરનાર સેલરની સિસ્ટમ અને કુરિયર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરના કર્મચારીઓની પૂછપરછનો ધમધમાટ શરૂ કરાયો છે. સાયબર ક્રાઈમ અને લોકલ પોલીસની ટીમ દ્વારા આઇ.એમ.ઇ.આઇ. નંબરને ટ્રેકિંગ પર મૂકીને તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. આ કિસ્સો ઓનલાઈન શોપિંગ કરતા તમામ નાગરિકોને ચેતવી જાય છે કે મોંઘી વસ્તુઓની ડિલિવરી વખતે હંમેશા વીડિયો શૂટિંગ ઉતારવું ખૂબ જ અનિવાર્ય છે. આ કૌભાંડનો પર્દાફાસ થવાથી અન્ય આ રીતની છેતરપિંડીના ગુનાઓ પણ ઉકેલાય શકે છે તેવી શક્યતા સેવવામાં આવી રહી છે.

# સુરતમાં સવારનું તાપમાન થોડું ઘટતા ભારે ગરમીમાં થોડી રાહત

### આવનારા દિવસોમાં તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહેશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત શહેરમાં સોમવારે સવારનું લઘુત્તમ તાપમાન દોઢ ડિગ્રી જેટલું ઘટતાં લોકોને ગરમીમાંથી થોડી રાહત અનુભવાઈ હતી. સવારથી બપોર સુધી ઉકળાટમાં ઘટાડો નોંધાયો હતો. શહેરમાં દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૪ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી હતી. જોકે બપોર બાદ ફરી ગરમી અને બફારાનો અનુભવ થવાની શક્યતા હવામાન નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસું વધુ આગળ વધતાં હવામાન વિભાગે જણાવ્યું છે કે ચોમાસાએ દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર, , દક્ષિણ પશ્ચિમ અને દક્ષિણપૂર્વ બંગાળની ખાડી તેમજ સમગ્ર અંદામાન-નિકોબાર દ્વીપસમૂહના વિસ્તારોમાં આગળ વધ્યું છે. આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ચોમાસું વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. બીજી તરફ પશ્ચિમ ઈરાન અને આસપાસના વિસ્તારમાં પશ્ચિમી વિક્ષેપ સક્રિય છે, જ્યારે પશ્ચિમ મધ્ય પ્રદેશ ઉપરનું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન નબળું પડ્યું છે. ગુજરાતમાં આગામી ૨૪ કલાક દરમિયાન તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ ધીમે ધીમે ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. તેમ છતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# 'જીંદગીથી કંટાળી ગઈ છું, નર્મદાએ શોધવા આવજો' લખીને પરિણીતા ગુમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

ઓલપાડ તાલુકાના ઉમરાછી ગામમાં રહેતી પરિણીતાએ સુસાઇડ નોટ લખી ઘર છોડતાં પરિવાર સહિત પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતા પોલીસે ગુમશુદગીનો ગુનો નોંધી પરિણીતાની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ઉમરાછી ગામ રાજપુત ફળિયામાં રહેતી રેણુકાબેન યોગેન્દ્રસિંહ વરાછીયા (ઉ.વ.૩૨) રવિવારે સવારે આશરે ૯:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગયા હતા. જતા પહેલા તેમણે એક ચીઠ્ઠી લખી મૂકી હતી. જેમાં "હું મારી મરજીથી સુસાઇડ કરું છું, હવે મારી જિંદગીથી કંટાળી ગઈ છું, મારી કોઈ ભૂલ હોય તો મને માફ કરી દેજો" જેવા શબ્દો લખ્યા હોવાનું બહાર આવ્યું છે. ચીઠ્ઠીમાં તેમણે પોતાનો મોબાઈલ બાળકોને આપી દેવા તેમજ "મને શોધવી હોય તો નર્મદાએ આવજો" એવો પણ ઉલ્લેખ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ લખાણ વાંચતા જ પરિવારજનો ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક શોધખોળ હાથ ધરી હતી. પરિવારજનોએ ઉમરાછી ગામ ઉપરાંત આજુબાજુના વિસ્તારો અને સગા-સંબંધીઓના ઘરે તપાસ કરી હતી, પરંતુ કોઈ ભાળ મળી નહોતી. અંતે પતિ યોગેન્દ્રસિંહ વરાછીયાએ પોલીસનો સંપર્ક કરતા પોલીસે ગુમ થયાની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

### ઉમરાછી ગામની મહિલા ગુમ થતા પરિવાર દ્વારા વ્યાપક શોધખોળ

# ખાડીમાંથી હાથ-પગ બંધાયેલી યુવકની લાશ મળતા ચકચાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

અલથાણ વિસ્તારમાં બમરોલી ખાડીમાંથી હાથ અને પગ બંધાયેલી હાલતમાં અજાણ્યા યુવકની લાશ મળી આવતા ચકચાર મચી છે. પોલીસે હત્યાની આશંકા વ્યક્ત કરી અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી મુજબ ભટાર વિસ્તારમાં રહેતા એઝાઝ મજીદ શેખજીએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર તા.૧૮ મેના રોજ સાંજના આશરે ૬ વાગ્યાના અરસામાં બમરોલી બ્રિજથી અંદાજે ૨૦૦ મીટર દૂર સ્ટ્રીટ લાઈટના પોલ નજીક ખાડીના પાણીમાં એક અજાણ્યા પુરુષની લાશ તરતી હાલતમાં જોવા મળી હતી. મૃતકની ઉંમર અંદાજે ૨૦થી ૩૦ વર્ષની હોવાનું સામે આવ્યું છે. મૃતદેહના બન્ને હાથ તથા બન્ને પગ બંધાયેલી હાલતમાં હતા, જેના કારણે અજાણ્યા શખ્સે યુવકની હત્યા કરી લાશ ખાડીમાં ફેંકી દીધી હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે લાશ પાણીના પ્રવાહ સાથે વહેતી આવી બમરોલી ખાડી બ્રિજ નજીક સ્ટ્રીટ લાઈટના પોલ પાસે અટકી ગઈ હતી. બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.


## પશ્ચિમ રેલવે અનારક્ષિત સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | પ્રસ્થાન અને ગંતવ્ય સ્ટેશનો | ઉપડવાની તારીખ | ઉપડવાનો સમય | પહોંચવાનો સમય |
|---|---|---|---|---|
| 09031 | ઉધના - હસનપુર રોડ સાપ્તાહિક | 24.05.2026 to 14.06.2026 | 11:25 કલાકે (રવિવાર) | 02:30 કલાકે (મંગળવાર) |
| 09032 | હસનપુર રોડ - ઉધના સાપ્તાહિક | 26.05.2026 to 16.06.2026 | 05:30 કલાકે (મંગળવાર) | 21:40 કલાકે (બીજા દિવસે) |
| સ્ટોપેજ: બંને દિશામાં - સાયણ, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંક્શન, મિર્ઝાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સ્ટેશનો. | | | | |
| કોચની વિગત: જનરલ સેકન્ડ ક્લાસ | | | | |
| 09151 | ઉધના - મધુબની દ્વિ-સાપ્તાહિક | 20.05.2026 to 12.06.2026 | 08:35 કલાકે (બુધવાર અને શુક્રવાર) | 01:30 કલાકે (શુક્રવાર અને રવિવાર) |
| 09152 | મધુબની - ઉધના દ્વિ-સાપ્તાહિક | 22.05.2026 to 14.06.2026 | 04:10 કલાકે (શુક્રવાર અને રવિવાર) | 21:50 કલાકે (બીજા દિવસે) |
| સ્ટોપેજ: બંને દિશામાં - સાયણ, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંક્શન, મિર્ઝાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને સકરી સ્ટેશનો. | | | | |
| કોચની વિગત: જનરલ સેકન્ડ ક્લાસ | | | | |

સ્ટોપેજ અને સમયના વિગતવાર સમયપત્રક માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો. ઉપરોક્ત તમામ ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial



गृह मंत्रालय भारत सरकार

## આપણી વસ્તી ગણતરી આપણો વિકાસ

(વસ્તીગણતરી ૨૦૨૭ નો પ્રથમ તબક્કો)
સ્વ-ગણતરી (Self-Enumeration) ને લગતા સામાન્ય પ્રશ્નો અને જવાબો (ભાગ-૧)

**સ્વ-ગણતરી શું છે?**
સ્વ-ગણતરી એક ઓનલાઈન પ્રક્રિયા છે જેમાં તમે પ્રગણકની રાહ જોયા વિના, જાતે SE પોર્ટલ (se.census.gov.in) પર તમારા પરિવારની માહિતી ભરી શકો છો.



**શું સ્વ-ગણતરી ફરજિયાત છે?**
ના, આ એક વધારાની સુવિધા છે. જો તમે સ્વ-ગણતરી નહી કરો, તો પ્રગણક તમારા ઘરે આવીને માહિતી નોંધશે.

**શું હું કોઈપણ ભાષામાં સ્વ-ગણતરી કરી શકું છું?**
આ સુવિધા હિન્દી, અંગ્રેજી અને અન્ય ૧૪ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે.

**શું સ્વ-ગણતરી માટે ઈન્ટરનેટ જરૂરી છે?**
હા, પોર્ટલ સુધી પહોંચવા અને માહિતી ભરવા માટે ઈન્ટરનેટ જરૂરી છે.

**શું મારી માહિતી સુરક્ષિત છે?**
હા, તમામ ડેટા સુરક્ષિત, એન્ક્રિપ્ટેડ અને સરકારી સર્વરમાં સુરક્ષિત રાખવામાં આવે છે.

**SE ID શું છે અને તેનો ઉપયોગ શું છે?**
ફોર્મ સબમિટ કર્યા પછી તમને (SMS / ઈમેઈલ દ્વારા) એક વિશિષ્ટ ૧૧ અંકોનો SE ID મળશે, જેને પ્રગણક ઘરે આવે ત્યારે તેમને બતાવવો જરૂરી રહેશે.

**જો SE ID ભૂલી જઈએ તો શું કરવું?**
પોર્ટલ પર નોંધાયેલા મોબાઈલ નંબર દ્વારા SE ID ફરીથી મેળવી શકાય છે.

**શું સ્વ-ગણતરી કર્યા પછી પણ પ્રગણક ઘરે આવશે?**
હા, પ્રગણક તમારા ઘરે આવશે અને SE ID ના આધારે માહિતીની પુષ્ટિ કરશે.

**શું મારે કોઈ દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર છે?**
ના, કોઈપણ પ્રકારના દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર નથી.

**શું પોર્ટલ પર કોઈ મદદ ઉપલબ્ધ છે?**
હા, પોર્ટલ પર યુઝર ગાઈડ, ફ્લોચાર્ટ, ટ્યુટોરીયલ વીડિયો, FAQs અને ટૂલટિપ્સના રૂપમાં સહાય ઉપલબ્ધ છે.

ટોલ ફ્રી નં.- ૧૮૫૫

CBC 19108/13/0109/2627

ચાલો નિભાવીએ આપણી જવાબદારી, કરીએ વસ્તીગણતરીમાં ભાગીદારી
CensusIndia2027